આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૧૦
સળંગ અંક : ૯૫૮
ફેબ્રુઆરી - ૨૦૨૦




75 ૧૯૪૪ ૨૦૧૮ સરસ્વતી વિદ્યામંડળ
અમૃતપર્વ

## સરસ્વતી વિદ્યામંડળ
# અમૃતપર્વ સમાપન સમારોહ
## સાંસ્કૃતિક કાર્યક્રમ



# સરસ્વતી વિદ્યામંડળ અમૃતપર્વ સમાપન સમારોહ સાંસ્કૃતિક કાર્યક્રમ

























email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૮ | ફેબ્રુઆરી-૨૦૨૦



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

“ઘરશાળા” માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


ઋણ ચૂકવણી — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

સરસ્વતી વિદ્યામંડળના અમૃત પર્વ સમાપન સાંસ્કૃતિક કાર્યક્રમનો અહેવાલ/૬

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૮

પુસ્તકિયા જ્ઞાનને બદલે જીવનોપયોગી શિક્ષણ નહીં અપાય ત્યાં સુધી દેશમાં ભણતરનો ભાર કદી ઘટશે નહીં — પી. કે. લહેરી / ૧૮

ફેર ! — હરિતકુમાર પંડ્યા / ૨૧

ભૂયો ભૂયો નમામ્યહમ્ — ચંદ્રવદન સનતકુમાર વ્યાસ / ૨૨

વિક્રમ સારાભાઈ — અરવિંદ ગુપ્તા ● અનુ. હેમંત સોલંકી / ૨૩

ઠંડી... — કિરીટ ગોસ્વામી / ૨૬

શિક્ષકની ચેતના — ડૉ. અરુણ જે. કક્કડ / ૨૭

ગુણપૂજાનો મહોત્સવ — નટુભાઈ ઠક્કર / ૨૯

પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન — પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૨

મિસાઈલ વુમન : ડૉ. ટેસ્સી થૉમસ — ભાવનાબેન ત્રિવેદી / ૩૭

વિદ્યાર્થી આલમ : ભારતીય સેના — પટેલ રિદ્ધિ ● રંગવાલા અફસા / ૩૮

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧


**ક્ષમા યાચના**

અમારા જાન્યુઆરી-૨૦૨૦ના અંકમાં મુદ્રણદોષ જોવા મળ્યા છે અમે અમારા વાચકોની ક્ષમા માંગીએ છીએ.

- તંત્રી


કાર્યાલય

“ઘરશાળા” શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# ઋણ ચૂકવણી

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**

૩૦૨, યશ એક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

એક દીવાળીના થોડા સમય પહેલાં એક સ્વૈચ્છિક સંસ્થાએ વિદ્યાદાન સાથે એક પ્રવૃતિ કરી. એ પ્રવૃતિ હતી વસ્ત્રોની વહેંચણીની. એ સંસ્થાએ સમાજના સમૃદ્ધ લોકોના ઘરેથી વપરાયેલા અને સાજાં-સારાં કપડાં એકત્રિત કર્યાં હતાં. તેઓ એ કપડાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને આપવા માગતા હતા. વસ્ત્ર વહેંચણીની એક વ્યવસ્થા ઊભી કરવામાં આવી. પાલડી વિસ્તારમાં આવેલા નરોત્તમ ઝવેરી હૉલમાં બધા કપડાં મૂકવામાં આવ્યાં. એ પછી વય અનુસાર વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું કે તમે કપડાં ખરીદી લો. દરેક વિદ્યાર્થીને નકલી ચલણી નોટ આપવામાં આવી. જે વિદ્યાર્થીને જેટલા રૂપિયા મળ્યા હોય તેટલા રૂપિયાનાં તેઓ કપડાં ખરીદી શકે. આ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓને ખરીદી કરવાની તાલીમ આપવાનો અભિગમ પણ હતો.

જશવંત કરીને એક વિદ્યાર્થી. તે પોતાના માપનાં કપડાં મળતાં હતાં ત્યાં જવાને બદલે જ્યાં મોટા લોકોનાં કપડાં મળતાં હતાં ત્યાં ગયો. સ્વયંસેવકોએ તેને રોક્યો અને કહ્યું કે તારા માપનાં કપડાં અહીં ના મળે. એ છોકરાએ પોતાનાં કપડાં બતાવીને સ્વયંસેવકોને પૂછ્યું કે તમને મારાં કપડાં કેવાં લાગે છે ? જુઓ મારાં કપડાં એકદમ સરસ છે. તેમાં ક્યાંય થીગડું નથી. મારા પિતા ખૂબ જ મહેનત કરીને કમાય છે અને મારા માટે કાયમ સારાં કપડાં લઈ આવે છે.

એ પછી ઉદાસ થઈને તે બોલ્યો કે જોકે, તેઓ થીગડાવાળાં અને જૂનાં કપડાં પહેરે છે. હું આ પૈસાથી એમના માટે કપડાં ખરીદીશ. એ પછી જશવંતે પોતાના ભાગમાં આવેલા પૈસામાંથી પોતાના પિતા અને માતા માટે કપડાં ખરીધ્યાં. બીજા બધાં બાળકોના ખરીદીના થેલામાં પોતાના માટેનાં કપડાં હતાં. જ્યારે જશવંતના થેલામાં માતા-પિતા માટેનાં કપડાં હતાં. બીજાં બાળકોના ચહેરા પર આનંદ હતો તેના કરતાં, ભલે તેણે પોતાના માટે કપડાં ખરીધ્યાં નહોતાં તો પણ, વિશેષ આનંદ હતો.

તેને સંતોષ હતો કે તે પોતાના માતા-પિતા માટે કપડાં લઈ જઈ રહ્યો છે.

આવાં હોય છે આપણાં બાળકો અને આવું હોય છે તેમનું મનોજગત !



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## અમૃતપર્વ સમાપનનો શુભેચ્છા સંદેશ

સરસ્વતી વિદ્યામંડળના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો અને શુભેચ્છકો ૭૫ વર્ષની પૂર્ણાહૂતિનો કાર્યક્રમ હર્ષ અને ઉલ્લાસથી ઉજવી રહ્યા છે. તે મારા માટે આનંદ, ગૌરવ અને જીવનના સંભારણાનો દિવસ છે. અમદાવાદમાં કેળવણીના ક્ષેત્રમાં સરસ્વતી વિદ્યામંડળે ૭૫ વર્ષ દરમિયાન આગવી ઓળખ અને પ્રતિભા ઊભી કરી છે. સમાજના તમામ વર્ગોના બાળકોને શિક્ષણ આપવાનું અને નાગરિક ઘડતરનું કામ અવિરત પણે નિષ્ઠાપૂર્વક કર્યું છે તે માટે હું સંતોષની લાગણી અનુભવું છું.

આજે આપણી સંસ્થાની આ ઐતિહાસિક ક્ષણે સંસ્થાને ગૌરવશાળી બનાવનાર ટ્રસ્ટીઓ, સંચાલનમંડળના સભ્યો, સરસપુર, અસારવા વિસ્તારના નાગરિકો, પૂર્વ વાલી મિત્રો, પૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, સહકાર્યકરો અને સમગ્ર સરસ્વતી પરિવારના યોગદાનને યાદ કરી કૃતજ્ઞતાની લાગણી અનુભવું છું. સંસ્થા તેમના યોગદાન બદલ હંમેશા તેમની આભારી રહેશે. મને આશા છે અમદાવાદના પૂર્વ વિસ્તારની જ્ઞાન દિપિકાને આગળ ધપાવવામાં અને આવતા ૭૫ વર્ષ સુધી આ જ્ઞાનદિપિકાને અખંડ અને ઉજ્વલિત રાખવામાં આપ સૌનું યોગદાન સંસ્થાને મળતું રહેશે.

વર્તમાન સમયમાં સંસ્થાના કાર્યરત સૌ કાર્યકરો, સંચાલન મંડળના સભ્યો, આચાર્યો અને શિક્ષકોનું હ્રદયપૂર્વક અભિવાદન કરું છું. ખાસ કરીને સંસ્થાના વર્તમાન મંત્રી શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે અને સહમંત્રીશ્રી સજુભા ઝાલા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી છે જે છેલ્લા ૨૦ વર્ષથી સ્પષ્ટ ધ્યેય અને નિષ્ઠાપૂર્વક વિદ્યામંડળનું સંચાલન કરી રહ્યા છે. સરસ્વતી પરિવારને માર્ગદર્શન અને દોરણી આપી રહ્યા છે. તેમને અંતઃકરણના આશિર્વાદ આપું છું. તેઓશ્રીનું સંસ્થા પ્રત્યેનું સમર્પણ સાચા અર્થમાં ગુરુનું તર્પણ છે.

અહી ઉપસ્થિત સૌ મહેમાનો ખાસ કરીને સરસ્વતી વિદ્યામંડળના શુભેચ્છક શ્રીમતી તારાબેન કોઠારી, લોપાબેન કોઠારી, ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી મહેશભાઈ જોષી અને અમદાવાદ શહેર જિલ્લાના શિક્ષણાધિકારી શ્રી આર. સી. પટેલ, આ સૌ મહાનુભાવોએ પ્રસંગમાં હાજરી આપી ગૌરવવંતા પ્રસંગને વધુ દિપાવ્યો છે. તે બદલ આભારની લાગણી વ્યક્ત કરુ છું. સરસ્વતી પરિવારના સૌ સભ્યો, સ્વજનો અને શુભેચ્છકો આ ઐતિહાસિક અવસરે હાજર રહ્યા તે સૌ મિત્રોને મારી શુભેચ્છા પાઠવું છું.

આપ સૌ આવનારા વર્ષમાં સંસ્થાને પ્રગતિના પંથે લઈ જશો તેવી મારી શ્રદ્ધા છે સૌને હ્રદયપૂર્વકના આશિષ.

**લીવરપુલ, લંડન.** **જશીબેન નાયક**

**૪, જાન્યુઆરી-૨૦૨૦**

# સરસ્વતી વિદ્યામંડળના અમૃત પર્વ સમાપન સાંસ્કૃતિક કાર્યક્રમની અહેવાલ






તા. ૪, જાન્યુઆરી ૨૦૨૦ શનિવારના રોજ સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રમુખ સરસ્વતી વિદ્યામંડળના શુભેચ્છક શ્રીમતી તારાબેન કોઠારી, મુખ્ય મહેમાન ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી મહેશભાઈ જોપી અને અતિથિ વિશેપ તરીકે અમદાવાદ શહેર જિલ્લાના શિક્ષણાધિકારી શ્રી આર. સી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના ૪૫૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ૨૭૫ વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી સંગીતવૃંદે મંગળગીત દ્વારા કરી હતી. કવિવર ટાગોરના ગીત અંતર મમ્ વિકસિત કરો ના ભાવ અને શબ્દોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

સહમંત્રીશ્રી સજુભા ઝાલાએ મહેમાનો, વાલીઓ, પૂર્વ આચાર્યો શિક્ષકો અને સમગ્ર સરસ્વતી પરિવારને ઉષ્માપૂર્વક આવકાર્યા હતા. અને મહાનુભાવોનો પરિચય આપ્યો હતો.

પુષ્પગુચ્છ દ્વારા સરસ્વતી પ્રાથમિક શાળાના શિક્ષકોએ આવકાર આપ્યો હતો અને મહેમાનોએ દિપ પ્રાગટ્ય કર્યું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સરસ્વતી વિદ્યામંડળના મંત્રીશ્રી જયોતીન્દ્રભાઈએ સરસ્વતીની ૭૫ વર્ષની ગૌરવશાળી યાત્રાનો ઉલ્લેખ કરી હજી આવતા ૭૫ વર્ષ સુધી સંસ્થા વધુ પ્રગતિ કરે તેવી લાગણી વ્યક્ત કરી હતી. જે.એન. બાલિકાના આચાર્યા શ્રી હેતલબેન શાસ્ત્રીએ સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ મુ.શ્રી જશીબેનના સંદેશાનું વાંચન કર્યું હતું. મુખ્યમહેમાન શ્રી મહેશભાઈએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે સરસ્વતી વિદ્યામંડળની શિક્ષણ જગતમાં આગવી પ્રતિષ્ઠા છે. ગૌરવશાળી ૭૫ વર્ષનો ઈતિહાસ છે અને સંસ્થા આગામી વર્પો વધુ વિકસે અને વિસ્તરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

સમારોહના અતિથિ વિશેષ શ્રી આર. સી. પટેલ સાહેબે સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. શુભેચ્છા વ્યક્ત કરી હતી અને સંસ્થાનું સંચાલન પૂર્વ વિદ્યાર્થીઓ કરે છે તે જાણી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી પટેલ સાહેબે વર્તમાન વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સંસ્થાને યોગદાન આપશે તેવો પ્રતિજ્ઞા સંકલ્પ કરાવ્યો હતો. પ્રમુખ સ્થાનેથી મુ.શ્રી તારાબેન કોઠારીના દિકરીએ સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓને સુંદર કાર્યક્રમ માટે અભિનંદન અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

શિક્ષક અને અન્ય કાર્યકરોને પણ કાર્યક્રમના યોગદાન બદલ અભિનંદન આપ્યા હતા.

અસારવા વિદ્યાલયના આચાર્યા શ્રી તૃપ્તિબેન ત્રિવેદીએ મહેમાનો, વાલીઓ, પૂર્વ આચાર્યો, શિક્ષકો અને શુભેચ્છકો તેમજ કાર્યક્રમના માર્ગદર્શક શિક્ષકો, સંગીતવૃંદ અને કલાકારનો આભાર માન્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાલમંદિરથી ઉચ્ચ માધ્યમિક શાળાના ૨૭૫થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સરસ્વતી વિદ્યામંડળના સંગીત શિક્ષકો સર્વશ્રી ભરતભાઈ ઉપાધ્યાય, હરિદાસ ગાંધર્વ, ખ્યાતિબેન ખત્રી, તરુબેન સાધુ, બિપીનભાઈ નાયક અને દિવાકરભાઈએ ગીતો, રાસ, ડાંગી નૃત્ય અને ભાંગડાનૃત્યનું સંગીત નિર્દેશન કર્યું હતું. અભિનય ગીતો, નાટક, માઈમનો નિર્દેશન નીચેના શિક્ષકોએ કર્યું હતું.

જે.એન. બાલિકામાંથી મૃણાલબેન ઓઝા, ચેતનાબેન રાવલ, શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયમાંથી વિદ્યાબેન પટેલ, બળદેવભાઈ છત્રોલા અને હીનાબેન મકવાણા, અસારવા વિદ્યાલયમાંથી નિશાબેન ત્રિવેદી અને દિપ્તીબેન પંડ્યા, શાંતિકુમાર કોઠારી વિદ્યાલયમાંથી નિશાબેન સોલંકી, રિન્કુબેન ગોહેલ, સરસ્વતી કુમારશાળા નં.૧માંથી અમિષાબેન બારૈયા, મિરલબેન ઉપાધ્યાય, સરસ્વતી કુમારશાળા નં.૨માંથી જીગીશાબેન પટેલ, પ્રિયંકાબેન રાવ, સરસ્વતી બાળવિહારમાંથી અવનીબેન ઉપાધ્યાય અને વર્ષાબેન પટેલ.

કાર્યક્રમને અંતે સમગ્ર સરસ્વતી પરિવાર માટે પ્રસાદની વ્યવસ્થા સારસ્વતોમાં સર્વશ્રી દિલીપસિંહ સોલંકી, ડૉ. નટવરભાઈ ઝાંઝુકીયા, ડૉ. મહેશભાઈ ભટ્ટ, ડૉ. રમણીકભાઈ ગોદાણી, ડૉ. પોપટભાઈ પંચાલ, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, નરસીભાઈ પટેલ, મનસુખભાઈ નાગર તથા અમેરિકા સ્થિત અજયભાઈ પટેલ, પ્રવિણભાઈ ગોહિલના યોગદાનથી કરવામાં આવી હતી.

## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

# શિક્ષણના સિતારા

ડૉ. ઈશ્વર પરમાર
દેવભૂમિ દ્વારકા.

*વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે "શિક્ષણના સિતારા" પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે "શિક્ષણના સિતારા"ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.*

## વિદ્યાના વ્યોમમાં વિહરતો હંસ આર. એસ. ત્રિવેદી

મધ્યમ વયના છતાં તરવરિયા યુવાન શા દેખાતા એ મહાશયે અમેરિકાના લેક્સના એરપોર્ટ પર આગમન કર્યું. પોતાની સાથે લાવેલ કેટલોક બહુમૂલ્ય બોજ સ્વદેશ ભારતમાં હળવો કરવાની તે ચિંતામાં હતો. વિમાન 'સ્કાય માસ્ટર'ના દરવાજા સુધી અમેરિકામાં તો કોઈ તકલીફ પડી નહીં. અમેરિક યજમાન સાથે વાતો કરતાં પણ એની પાસેથી આ મહાશયે પ્રેમનું ભાથું સેરવી લીધું હતું.

દોઢસો વર્ષથી સ્વતંત્ર થયેલ એ દેશની હરણફાળ પ્રગતિ, અવિરત જ્ઞાનિપિપાસા અને સુવિધાજનક તકનિકી સજ્જા : અદ્ભુત દેશ અમેરિકા ! પરંતુ સ્વદેજ ભારતનો સાંસ્કૃતિક વારસો ક્યાં ઓછો અદ્ભુત છે ! આ વિચારવ્યોમમાં હંસની છટાથી વિહરતા એ શ્વેત વસ્ત્રધારી મહાશયને બાર કલાકમાં ફ્રેંકફર્ટ (જર્મની) ક્યારે આવી ગયું તેની ખબર પડી નહીં ! વિમાનના ઈનફ્લાઈટ થિયેટરમાં દર્શાવાતાં સિનેચિત્રો તરફ એનું ભાગ્યે જ ધ્યાન ગયું ને મ્યુઝિક કોન્સોર્ટ ખોરાક ખપપૂરતો ચાખીને એણે મૂકી દીધો. ભારત પહોંચતા અગાઉ મનોમન તે મહાશય ભારત પહોંચી ગયા હતા !

તેઓ ત્રણેક કલાક ફ્રેંકફર્ટ ઊતર્યા ત્યારે પ્રાચીન આર્યવારસો ધરાવતા એ જર્મનીમાં પ્રસારિત થતું સંસ્કૃત બુલેટિન એમણે સાંભળ્યું. ત્યાંથી થોડા સમય પછી, ભારત આવતા વિમાનમાં તેઓ બેઠા. મધરાત પછી દિલ્હી ઍરપોર્ટ પર ઊતરીને એમણે ભારત-પ્રવેશની કાનૂની વિધિ પતાવી, લગેજ-બેન્ડ પર તેમનો સામાન આવ્યો. તે લઈને ટ્રોલીમાં મૂક્યો. પોતે કસ્ટમ પાસે આવ્યા. તેના અધિકારીઓ પૂછ્યું, "આ પેટીમાં શું છે ?"

"ખાસ કંઈ નથી."

અધિકારીએ બેગ ખોલાવી. તેમાંથી કપડાં, પુસ્તકો ને ફાઈલો સિવાય કંઈ નીકળ્યું નહીં. એને નવાઈ લાગી - "આપ અમેરિકાથી કંઈ જ લાવ્યા નથી ?"

"લાવ્યો છું ને ?"

"બતાવો એ ક્યાં છે, શું છે એટલે વાત પતે !"

"જે લાવ્યો છું તે અહીં છે" - આમ કહીને એ મહાશયે પોતાના મસ્તક પર આંગળી મૂકી !"

અધિકારી હસી પડ્યા. પરિચય કરવાથી માલૂમ પડ્યું કે એ મહાશય શિક્ષણવિષયક ઈન્ડિયન મિશનના વડા તરીકે વિદેશ જઈને પરત આવ્યા હતા અને લાવ્યા હતા નવતર વૈચારિક સામગ્રી !

આ મહાશય વિદેશોમાંથી જ પોતાના મસ્તકમાં વિચાર-સામગ્રી એકત્રિત કરતા ન હતા; તે પૂર્વે સ્વદેશ બારતની પ્રાચીન-અર્વાચીન ફિલસૂફી એમણે આત્મસાત્ કરી હતી, સવિશેષ શિક્ષણસંદર્ભે.

મસ્તક-હ્રદયથી જ નહીં, સમગ્ર ચેતનાથી શિક્ષણને સમર્પિત આ શિક્ષક-મહાશય પ્રા. આર. એસ. ત્રિવેદી એટલે વિદ્યાના વ્યોમમાં વિહરતો હંસ ! એમની હાજરી માત્રથી આપણા વિદ્યાજગતમાં કશુંક નવું ને નક્કર કાર્ય કરવા માટેનું ઉત્સાહમય વાતાવરણ રચાઈ જતું હોય છે. આ સમર્થ વિદ્યા-સાધકની સાધનાનું તેજ પામવા એમના બચપણથી જ શબ્દો દ્વારા એમની સંગત કરીએ.

જન્મસ્થળ એમનું : ભાવનગર. જન્મતારીખ ૨૪-૧૧-૧૯૨૧ માતા : દિવાળીબેન, સહનશીલ છતાં મકક્મ. પિતા : શંકરપ્રસાદ મિતભાષી, વિનોદી ને દેશપ્રેમી. એમનું અકાળે અવસાન થયું ત્યારે આગળ જતાં પ્રા. આર. એસ. ત્રિવેદી તરીકે પ્રસિદ્ધ થનાર એ કિશોર રમણની માંડ વરસ આઠની ! (૧૯૨૯)

ત્રણ ભાઈઓ ને એક બહેન : આ ભાંડુઓમાં સૌથી નાનો રમણ બંધાતી નનામીને એકીટશે જે ભીની આંખે જોતો રહ્યો, તેને હાથમાં દોણી આપવામાં આવી. લોકપ્રિય શિક્ષક શંકરપ્રસાદની સ્મશાનયાત્રા શરૂ થઈ. બધાથી આગળ ચાલતા રમણે જોયું કે બજારમાં પિતાજીના અવસાનની ખબર પડતાં જ તરતોતરત દુકાનો બંધ થવા માંડી. અસંખ્ય લોકો સ્મશાને હાજર થઈ ગયા. પિતાજી માટેનો આવો આટલો પ્રેમ-આદર જોઈ - અનુભવીને નાનકડા રમણને ચિત્તમાં ઊગ્યું : મોટા થઈને થવું તો આવા સારા શિક્ષક ! પિતાજીએ તો એ પ્રેરણાપંથ પર ઝડપથી ચાલી બતાવ્યું હતું.

હવે માતા દિવાળીબહેને બાળકોના કલ્યાણ માટે અંધારાં પીને બાળકોને ખાતર જીવી બતાવવાનું હતું. એમણે મક્કમ અને સદ્‌ગત પતિની પાછળ એક વરસ ખૂણો પાડવાનો રિવાજ તોડ્યો. દોઢ માસ પછી મરણોત્તર રૂઢિઓની પરવા કર્યા વિના એમણે ભાવનગર છોડવાનું નક્કી કરી લીધું. વડોદરામાં બે મોટા દીકરા તો ભણતા જ હતા. તેમના ને નાના રમણના ભણતર ખાતર ભાવનગર છોડ્યું. ભાવનગરનાં સગાસંબંધી ઘેર આવીને બાળકોના માથે હાથ મૂકીને તેમને બિચારા-બાપડા કહ્યા કરે તે માતાને મંજૂર ન હતું. બાળકોએ ઓશિયાળા થઈને આધારો શોધવા ભીખવા-ભટકવાનું નથી. એમણે તો પોતાના પિતાની જેમ જોમ સાથે જીવવાનું છે !

....પણ નાનકડા ને લાડકા રમણમાં જોમનો કોઈ ઝબકારોય ના દેખાય તેનું શું કરવું ? માતાને થયા કરતું : આ રમણનું શું થશે ? પુત્રનો હાથ ઝાલીને મળે તે જ્યોતિષીઓને હથેળી બતાવે : 'મારા'જ, ભણશે ખરો ? એને નોકરી ધંધો તો મળશે ને ?''

વડીલ બંધુ નટુભાઈ સયાજી હાઈસ્કૂલમાં શિક્ષક હતા. ખેડા ખાતે રમણનું પ્રાથમિક શિક્ષણ પૂરું થયું હતું. પિતાજીના અવસાન બાદ વડોદરા રહેવાનું થયું. હવે તેણે વડોદરાની ન્યૂ ઈરા હાઈસ્કૂલ અને પછી સયાજી હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લીધું. આ કાળમાં એને દિલરૂબા શીખવાનું ખૂબ મન હતું, શીખવાનું શરૂ કર્યું પણ પછી તેની ટ્યૂશન ફી ન પોસાતાં શોખ સંકેલી લેવો પડેલો !

ન્યૂ ઈરા હાઈસ્કૂલના પ્રેમાળ અને પ્રભાવક શિક્ષક શાંતારામ સબનિસ કિશોર રમણના જીવન પર છવાઈ રહ્યા. એ શિક્ષકને પણ ગરીબ જણાતા એ વિદ્યાર્થીની અભ્યાસનિષ્ઠા પ્રોત્સાહનને પાત્ર જણાઈ. તેઓ રમણને સાઈકલ પર બેસાડીને સેન્ટ્રલ લાઈબ્રેરીએ લઈ જતા અને સારાં પુસ્તકો અપાવતા. અંગત પુસ્તકો પણ વાંચવા આપતા. રાષ્ટ્રીય મજદૂર સંઘ સાથે સંકળાયેલ આ શિક્ષક-શાંતારામ સબનિસને ત્યાં પડ્યાપાથર્યા રહેતા રમણને ઘણી ચર્ચાઓ સાંભળવા મળતી. આ ચર્ચાઓ કાં તો મજૂરોને થતા અન્યાય અંગેની હોય ને કાં કોઈ વચ્ચે પડેલી સંબંધ-ગૂંચને ઉકેલવાની મધ્યસ્થી તરીકેની હોય. આશાસ્પદ જણાતા વિદ્યાર્થીઓને શિક્ષક શાંતારામ સબનિસ કહેતા : ''કોઈની પાસે હાથ લાંબો ન કરવો હોય તો પગ લાંબા કરવાની છૂટ છે !''

ન્યૂ ઈરા હાઈસ્કૂલના અન્ય શિક્ષક નાદિરશાહ કાટપિટિયા જીવન સમસ્યાઓને સાંકળી લઈને ભૂમિતિનું શિક્ષણ આપતા.

સયાજી હાઈસ્કૂલમાં દસમું અને અગિયારમું ધોરણ ભણવા દરમ્યાન અંગ્રેજીના શિક્ષક દ્વારકાદાસ પટેલ પણ નિરાળા. તેઓ વ્યાકરણ શીખવતી વખતે ફિલસૂખની અદાથી કહેતા : "બીજા પુરુષ 'યુ'ના કરતાં પહેલા પુરુષ 'આઈ' પર વધુ ધ્યાન આપો, ધ્યાન રાખજો, પહેલા પુરુષમાં કોઈ ખરાબો ન આવે."

આ શાળાના અન્ય શિક્ષક ત્રિભુવનભાઈ પટેલ તો સૂકા નાળિયેર જેવા. બહારથી ભારે કઠોર. પોતે સોંપેલું ગૃહકાર્ય કરી ન આવતા રમણ પર તેઓ ખૂબ ગુસ્સે થયા. ગૃહકાર્ય માટે આપેલ પ્રશ્નોના ઉત્તર તો એ તરુણે રૂબરૂમાં ફટાફટ આપ્યા ! આમ કેમ ? કોમળ અંતરના એ શિક્ષકે જાણ્યું કે રમણ ઘરની આર્થિક તંગીને લીધે નોટ ખરીદી શકતો નથી ને તેથી ગૃહકાર્ય લખી શકતો નથી. શિક્ષક ત્રિભુવનભાઈ આ જાણ્યા પછી, વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓમાંથી કોરાં પાનાં ફાડીને તેની જાતે નોટ બનાવીને રમણને આપતા રહ્યા !

હાઈસ્કૂલમાં યોજાયેલી વકતૃત્વસ્પર્ધામાં રમણે એક વખત ભાગ લીધેલો. દરેક હરીફ વક્તાને પાંચ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો હતો. એક શિક્ષક ભાષણ લખી આપેલું. તે ગોખીને બોલતા રમણે છેલ્લે કહ્યું, "સમય થઈ ગયેલ હોવાથી પ્રમુખશ્રી હવે મને વધુ બોલવા પરવાનગી આપશે નહીં, તેથી બેસી જવાની રજા લઉં છું."

મંચ પર બિરાજેલા પ્રમુખે કહ્યું, "તમે ત્રણ મિનિટ જ બોલ્યા છો તેથી વધુ બે મિનિટ લગી બોલી શકો છો." — પણ ભવિષ્યના એક ઉત્કૃષ્ટ વક્તા એ તરુણનો તો 'મસાલો' જ ખૂટી ગયેલો તેથી હવે શું બોલે ?

વકતૃત્વ-સભાનું સમાપન કરતાં પ્રમુખસ્થાનેથી જાણીતા નવલકથાકાર રમણલાલ વ. દેસાઈએ પેલી પ્રયુક્તિ સંભારીને કહ્યું : "સભામાં બોલતી વખતે ખોટા શિષ્ટાચારમાં પડાય નહીં ને કોઈએ લખી આપેલ ભાષણ ગોખીને બોલાય નહીં."

આવા અનેકવિધ યાદગાર અનુભવોનાં સંભારણાંઓ સાથે રમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી. તે ટાંકણે એને મુંબઈ જવાનું થયેલું; ત્યારે રૂંગટા હાઉસમાં મહાત્મા ગાંધીજીનો ઉતારો હતો. સોળ વર્ષના રમણે ત્યાં પહોંચી જઈને ઑટોગ્રાફબુક ધરી. ગાંધીજીએ તે લઈને પહેલું પાનું જોયું : "આ કોની સહી છે ?"

"મારી માની."

"ખરું.... ખરું... એ તો મારા કરતાં મોટાં જ ગણાય." — એમ કહીને બીજા પાને ગાંધીજીએ હસીને હસ્તાક્ષર કરી આપ્યા.

મેટ્રિક પછી ઉચ્ચ શિક્ષણ રમણભાઈ ત્રિવેદીએ વડોદરામાં લીધું. કૉલેજમાં અતિસુખશંકર ક. ત્રિવેદી તર્કશાસ્ત્રના પ્રતિભાસંપન્ન પ્રોફેસર. એમના તાસમાં પહોંચવામાં રમણભાઈ કાયમ મોડા પડે. ચાલુ તાસે વર્ગમાં એમણે પ્રવેશબંધી ફરમાવેલી. આથી વર્ગની બહાર બેસીને રમણભાઈ એમનું લેક્ચર સાંભળે ને નોંધ ઉતારે.

આ બાબતનો ખ્યાલ આવવાથી પ્રોફેસર ત્રિવેદીસાહેબ રમણભાઈને મળવા બોલાવ્યા. એમના સંજોગો ને તંગ સ્થિતિ જાણી. એમને ખભે હાથ મૂકીને પ્રો. ત્રિવેદીએ કહ્યું : "તમારો અપવાદ રાખું છું. તમે ભલે ચાલુ તાસે વર્ગમાં આવજો." એમણે કૉલેજિયન રમણભાઈને પોતાનાં છપાયેલાં બે પુસ્તકો ભેટ આપ્યાં. એટલું જ નહીં, કૉલેજમાં તેમની ફી-માફી કરાવી દીધી.

ડૉક્ટરેટની બબ્બે પદવીઓ ધરાવનાર ડૉ. માધુરીબહેન શાહ અનુસ્નાતક કક્ષાએ મનોવિજ્ઞાન શીખવતાં. તેઓ વિનોદી શૈલીમાં રજૂઆત કરતાં.

રમણભાઈ કૉલેજાં છેલ્લા વર્ષમાં હતા. ત્યારે પૂર્વેનો સંકલ્પ તાજો કરતાં પોતાના મિત્રને કહ્યું : "આ પરીક્ષામાં પાસ થઈને મારે શિક્ષક જ થવું છે." તેઓ વીસ વર્ષની વયે બી.એ. થયા. (૧૯૪૧)

શિક્ષક થવા તત્પર રમણભાઈને જાણવા મળ્યું કે ન્યૂ ઈરા હાઈસ્કૂલમાં જગા છે ખરી. તે વખતે ત્યાં પ્રિન્સીપાલ હતા નાદિરશાહ કાટપિટિયા ચડ્ડી-બાંડિયું પહેરતા નવયુવાન રમણભાઈને થયું કે આવા દિદાર સાથે શિક્ષક કેમ થવાશે ? એક મિત્રનાં કોટ-પેન્ટ પહેરીને તે પહોંચી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ગયા પ્રિ. કાટપિટિયા પાસે. એમણે કહ્યો તે પગાર રમણભાઈએ કબૂલી લીધો. પ્રિન્સિપાલે નવાઈ સાથે પૂછ્યું, "મેં ત્રીસ રૂપિયા પગાર કહ્યો ને તમે કશી આનાકાની વગર સ્વીકારી પણ લીધો ?"

"સાહેબ, મારે નોકરીની સખત જરૂર છે. હું આજે આપની સમક્ષ જે કપડાં પહેરીને આવ્યો છું, તે મારાં નથી, મિત્રનાં છે !"

હાઈસ્કૂલ-ટીચર રમણભાઈ ત્રિવેદી વર્ગખંડ ઉપરાંત ખેલ-મેદાન અને રંગમંચ પર પણ વિદ્યાર્થીમય થઈ ગયા. આ હાઈસ્કૂલમાં એમણે સાત વર્ષ (૧૯૪૧-'૪૮) સેવા બજાવી. તે દરમ્યાન તેઓ એમ.એ. થયા. (૧૯૪૫) સને ૧૯૪૦ના દાયકામાં દક્ષ અને નિષ્ઠાવાન શિક્ષકો શાંતારામ સબનિસ, ભાઈલાલ કોંટ્રાક્ટર, દ્વારકાદાસ પટેલ વગેરેએ શિક્ષક સંઘને રચનાત્મક નેતૃત્ત્વ પૂરું પાડ્યું હતું. રમણભાઈને ભાઈલાલભાઈ સાથે સંઘના સહમંત્રી તરીકેનો અનુભવ લેવાની તક મળી. ગુરુજનોની સંગાથે શિક્ષણક્ષેત્રમાં પ્રવેશ : આ પણ શુભ સંકેત !

પ્રિ. કાટપિટિયા પોતાના જુનિયર શિક્ષકોને વેકેશનમાં રોકીને જરૂરી લાગે તે કામ સોંપતા. એમણે રમણભાઈને સને ૧૯૪૩ના વેકેશનમાં શાળાપુસ્તકાલય વ્યવસ્થિત કરવાનું કામ સોંપ્યું. આ તો ગમતું કામ. ઉત્સાહભેર કામ કરતા જણાતા રમણભાઈ એકવાર પ્રિન્સિપાલ પાસે ગયા ને કહ્યું, "સર, મારે ખાસ કામે જવું પડશે."

"કોઈ બહાનું નહીં ચાલે. હા, લગ્નમાં જવાનું હશે તો રજા આપીશ; પણ એ લગ્ન તમારાં પોતાનાં જ હોય તો !"

પોતાનાં જ લગ્નના ત્રણ જ દિવસ પહેલાં રજા માંગતા રમણભાઈને પ્રિન્સિપાલે રાજીપા સાથે વેકેશનની કામગીરીમાંથી તદ્દન મુક્તિ આપી અને છતાંય લગ્ન પછી દસમે રમણભાઈ શાળાપુસ્તકાલયમાં હાજર ! એમની કાર્યનિષ્ઠાની પ્રિન્સિપાલ કાટપિટિયાએ ઊઘડતા વેકેશને સ્ટાફમિટિંગમાં પ્રશંસા કરી ત્યારે રમણભાઈ હળવાશથી કહે "સર, આપે તો રજામાં હનીમૂન માટે જવાની છૂટ આપેલી પણ તે પ્રવાસ માટે ખરચવાના પૈસા જ મારી પાસે ન હતા !"

આર્થિક સંકળામણ છતાં તેઓ એમ.એ. (૧૯૪૫), બી.ટી. (૧૯૪૭) ને એમ.એડ્. (૧૯૪૯) તો થયા જ.

ન્યૂ ઈરા હાઈસ્કૂલમાં નોકરી કર્યા પછી, રમણભાઈ દોઢેક વર્ષ વડોદરાની યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે રહ્યા પરંતુ મન કોળ્યું નહીં. આથી અમદાવાદની એ.જી. ટીચર્સ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. (૧૯૫૨-'૬૧) એ વખતે ત્યાંના પ્રિન્સિપાલ હતા શિક્ષણકાર એલ. આર. દેસાઈ.

પ્રા. આર. એસ. ત્રિવેદી સવિશેષ ખીલ્યા છે એમના વર્ગખંડમાં. વિદ્યાર્થીઓને નિખાલસતાથી કહે : "મેં તમારા કરતાં થોડા વરસ વહેલી ડિગ્રી મેળવી એટલે જ હું અહીં સ્ટેજ પર છું ને તમે બેન્ચીસ પર છો; આ એક અકસ્માત છે."

વિષયપ્રભુત્વ તથા સચોટ અભિવ્યક્તિની આવડતને લીધે તેઓ વિદ્યાર્થીઓમાં સવિશેષ પ્રિય થતા ગયા. શીખવતી વખતે વિષયાંગના એક પછી એક મુદ્દા ને પેટામુદ્દાઓ સ્પષ્ટ કરતાં કરતાં એવા તો આરોહણ કરતા-કરાવતા જાય કે શ્રોતા-તાલીમાર્થીઓને એક પછી એક શિખર સિદ્ધ કર્યાનો વિદ્યાકીય રોમાંચ અનુભવાય.

તાલીમાર્થીઓ દ્વારા અપાયેલ સચોટ પાઠ રસપૂર્વક જોઈને, નિરીક્ષક તરીકેની પોતાની નોંધમાં અંગ્રેજી કાવ્યની બે'ક અનુરૂપ પંક્તિઓ લખીને પ્રા. ત્રિવેદી ઉત્સાહ આપે.

આજે ગુરુઓના ગુરુ, આર. એસ. ત્રિવેદી પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા ત્યારે ગરીબ વિદ્યાર્થીને શક્ય મદદ કરતા રહેતા; આજેય કોઈ તત્કાલીન વિદ્યાર્થી મળી જાય તો તેના પ્રેમાળ વ્યવહારને પોતે તાજો કરે ને ફોટો-આલ્બમમાંય વિદ્યાર્થીઓની જળવાયેલી સ્મૃતિને મમળાવે.

એ.જી.ટીચર્સ કૉલેજમાં યોજાયેલ એક વર્કશોપ વખતે પ્રા. આર. એસ. ત્રિવેદીએ દક્ષતા દાખવી. તેના સમાપન વખતે ડેપ્સે-દિલ્હીથી પધારેલ તજ્જ્ઞે કબૂલ્યું : "બટ ફોર ઓલ પર્વેસિવ પ્રેઝન્સ ઑફ પ્રો. ત્રિવેદી, ધ વર્કશોપ વુડ

હેવ કમ એ ક્રોપર.''

કૉલેજમાં જ નહીં, સમગ્ર અમદાવાદ શહેરમાં પ્રો. ત્રિવેદી એક તેજસ્વી કેળવણીકાર તરીકે પ્રસિદ્ધિ પામ્યા. કેટલીય શાળા-સંસ્થાઓમાં અતિથિવિશેષ, વક્તા કે અધ્યક્ષ તરીકે જવાનું થતું. કૉલેજની વિસ્તરણ સેવાઓના ઉપક્રમે સંયોજક તરીકે અવારનવાર પરિસંવાદ, કાર્યશિબિર, દાર્શનિક પાઠ, ચર્ચાસભા વગેરે યોજતા. કોઈએ કહ્યું પણ ખરું : ''અમદાવાદને એક દૃષ્ટિવંત કેળવણીકાર સાંપડ્યો !''

પ્રા. ત્રિવેદીએ બ્રિટિશ કાઉન્સિલના નિમંત્રણથી ઈંગ્લેંડની મુલાકાત લીધી. (૧૯૫૯) એમણે 'ઈમ્પેક્ટ ઑફ એક્સ્ટેન્શન સેન્ટર્સ ઑન સેકન્ડરી એજ્યુકેશન' અંગેનું પેપર એશિયન સેમિનારમાં રજૂ કર્યું (૧૯૬૧); જો કે એમને એ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે બઢતી ન મળી; તેઓ રાજીનામું આપીને (૧૯૬૧) અમદાવાદની પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ થયા. (૧૯૬૧-'૬૨) આ કૉલેજના તત્કાલીન સંચાલકો દ્વારા વિદ્યાકીય બાબતોમાં પણ વારંવાર થતી દખલંદાજી પ્રિ. ત્રિવેદીને ગમતી નહીં. છેવટે એમણે એ કૉલેજની પ્રિન્સિપાલશિપ, સાંકડો કોટ ઉતારવાની સાહજિકતાથી છોડી.

પ્રા. ત્રિવેદીએ પ્રકાશ કૉલેજ છોડ્યાના ખબર મળતાંવેંત વલ્લભ વિદ્યાનગરની એમ.બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના હીરાપારખુ આચાર્ય શ્રી ઈશ્વરભાઈ પટેલે એમને પોતાને ત્યાં જોડાવાનું સ્નેહપૂર્વકનું સૂચન પહોંચાડ્યું. પોતાના સ્વમાનના સદા સંરક્ષક પ્રિ. ત્રિવેદીને પુનઃ પ્રા. ત્રિવેદી થવામાં જરાય સંકોચ ન થયો; એમને તો ખાતર-પાણી ઉપરાંત સૂરજનો તડકો મળે તેવા ક્યારાની તલાશ હતી; તેઓ વલ્લભવિદ્યાનગરની ઉક્ત એજ્યુકેશન કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. (૧૯૬૨)

કર્મઠ કેળવણીકાર પ્રિ. ઈશ્વરભાઈ પટેલ, પોતે આચાર્ય હોવા છતાં કૉલેજની તમામ વિદ્યાકીય અને વહીવટી બાબતો અંગેના નિર્ણય પ્રા. આર. એસ. ત્રિવેદીને સાથે રાખીને લેતા. ક્યારેક તો કોઈ અગત્યની બાબતે પોતે જાણકાર ન હોવાનો અભિનય કરીને પ્રા. ત્રિવેદીને તેમાં સાંકળતા. એમનો આ અભિનય એળે ન ગયો. પ્રિ. ઈશ્વરભાઈ પટેલની નિયુક્તિ સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે થતાં કૉલેજનું સંપૂર્ણ સંચાલન પ્રા. આર. એસ. ત્રિવેદીને સોંપાતી વખતે (૧૯૬૩'૬૪) એમણે કહ્યું : ''મારાથી વધારે ક્ષમતાવાળા વયે યુવાન ને વિચારે પ્રૌઢ એવા આ અધ્યાપકને સોંપાતાં હર્ષ અનુભવું છું; જે પ્રગતિશીલ કામો મારાથી બની શક્યાં નથી તે તેમના થકી અવશ્ય થશે. તેમનાં સંચાલન નીચે કૉલેજ ગુજરાત કક્ષાએ જ નહીં, રાષ્ટ્રકક્ષાએ સ્થાન મેળવશે એવો મને પૂરો વિશ્વાસ છે.''

પદોન્નતિ જીરવીને પૂર્વવત્ સહજ વ્યવહાર કરતા પ્રિ. ત્રિવેદીએ પોતાના પર મુકાયેલ વિશ્વાસને સાર્થક કરી બતાવ્યો. કામ લેવાની કળા એમને એવી હાથવગી કે જેને કહે તે વ્યક્તિ હોંશેહોંશે તેમનું વેણ રાખે. કૉલેજના જ નહીં, વિદ્યાનગરના વાતાવરણમાં નવસર્જન ને નવીનીકરણની આબોહવા સરજાઈ. વાચન, વ્યવહાર, અભિક્રમિત, પ્રશ્નબેંક, માઈક્રોટીચિંગ, સિદ્ધિપ્રેરણા અને શિક્ષણના તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે એમની રાહબરી હેઠળ અનેક પ્રકલ્પો ને સંશોધનો થયાં. એમના દ્વારા શિક્ષણક્ષેત્રે અનેક નવી પ્રતિભાઓનો ઉછેર થવા માંડ્યો. બાવીસેક સંશોધકો તેમના માર્ગદર્શન દ્વારા પીએચ.ડી. થયા. બી.એડ્. ઉપરાંત, ટી.ડી., એમ.એડ્. અને ઈંગ્લિશ ટીચર્સ સર્ટિફિકેટના વર્ગો અને સેવાવિસ્તરણના કાર્યક્રમોને લીધે વિદ્યાર્થીઓ તેમજ ખેડા જિલ્લાના શિક્ષકો અને આચાર્યોની આવન-જાવનથી કૉલેજ કેમ્પસ ધમધમવા માંડ્યું, પ્રિ. ત્રિવેદીને સોંપાયેલ સામયિક 'જર્નલ ઑફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજીનું પ્રકાશન-સાતત્ય જળવાયું; એટલું જ નહીં તે સામયિક ક્રમશઃ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગણનાપાત્ર ઠેરવાયું.

સેવાવિસ્તરણ કાર્યક્રમોના સંયોજક તરીકે પ્રિ. આર. એસ. ત્રિવેદીએ ખેડા વિસ્તારની શાળાઓના સંચાલકો-આચાર્યોને, શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા માટે સક્રિય

સહકાર આપ્યો. શિક્ષકોના નિરુત્સાહને નસાડ્યો. સંયોજક તરીકે તેમને અધીન વાહન જીપનો, ડિપાર્ટમેન્ટના સાધનોનો કે સાથી (પ્યૂન્સ)ઓનો પોતાના કે પરિવારના અંગત કામ માટે ઉપયોગ ન કરીને વિદ્યાવ્યોમમાં વિહરતા આ હંસે જાગૃતિપૂર્વક પોતાની સફેદીને બે-દાગ રાખી.

આચાર્ય એ પ્રથમ તો શિક્ષક છે જ; શિક્ષકના શિક્ષકત્વની ખરી કસોટી કરતી સંસ્થાનું સાચું સરનામું છે - વર્ગખંડ. પ્રિ. ત્રિવેદીમાંના પ્રા. ત્રિવેદી વહીવટી જંગલમાં જકડાઈ ન રહ્યા. અધ્યયનપ્રેમી આર. એસ. ત્રિવેદીના આધારસ્તંભ સમાં એમનાં જીવનસાથી સૌ. કનકબહેન હળવાશથી કહેતાં : “ઘરમાં વાસણ કરતાં પુસ્તકો  જ વધારે છે ! ને એમને ગમતો જમણવાર તો પુસ્તકો જ પુસ્તકો !”

પ્રિ. આર. એસ. ત્રિવેદી એક અનન્ય અધ્યાપક. પોતાના તાસની પ્રત્યેક મિનિટ સાર્થક રહે તે માટે ને તેની રજૂઆત રસાળ રહે તે માટે તેઓ પૂરતો શ્રમ કરતા અને સૂઝ દાખવતા. તલસ્પર્શી અભ્યાસ અને હ્રદયસ્પર્થી વાક્છટા એમની સદા આકર્ષક. સચોટ ઉદાહરણો જીવનની દિશા ફેરવી નાખે.

એમના વ્યાખ્યાનની વાટ જોવાય; કમનસીબે વ્યાખ્યાન ક્યારે પૂરું થયું તેની શરત ન રહે ! ભારતીય સંસ્કૃતિવિષયક રજૂઆતો ગૌરવથી મસ્તકને ઉન્નત કરી દે ને વિદેશના અનુભવો વિજ્ઞાનલક્ષી થવા પ્રેરે. બીજી વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ પણ ક્યારેક જિજ્ઞાસાવશ તેમના તાસમાં બેસે ત્યારે ટુ-સીટેડ બેંચીસ પર ત્રણ-ત્રણ શ્રોતાઓ સંકડાશની પરવા કર્યા વિના બેસે.

ગુજરાતી તેમજ અંગ્રેજીમાં પણ અસ્ખલિત વાક્ધારા વહાવતા ત્રિવેદીસાહેબ પ્રવચનમાં ગ્રંથોનો એ ઢબે ઉલ્લેખ કરે કે જિજ્ઞાસુ તે મેળવવા અચૂક લાઈબ્રેરીની મુલાકાત લે. રૂસો ને ડ્યૂઈ જેવા કેટલાય ફિલસૂફોને તેઓ એ ઢબે રજૂ કરે કે રસ્તે મળે તો ઓળખી લેવાનો આત્મવિશ્વાસ બંધાય !

પ્રિ. ત્રિવેદી કહેતા : “મોર જેમ તેનાં પીછાં થકી રળિયામણો તેમ કૉલેજની આન-શાન મારા અધ્યાપકમિત્રોને આભારી છે.” તેઓ અધ્યાપકો પર પોતાના વિચારો લાદવાનું પસંદ ન કરતા. સહવિચારણા કરે : “આ વિચાર કેમ લાગે છે ? તમે શું ધારો છો ? તમારા વિચારને આ રીતે મૂકીએ તો કેવું ? આમ ઠીક રહેશે, નહીં ? ઘેર આવોને ભલે, નિરાંતે બેસીશું.” અધ્યાપકનો પરિચય આપતી વખતે કહે : “હી ઈઝ વિથ મી, નોટ અન્ડર મી.”

પ્રિ. ત્રિવેદીની પ્રેરણાથી, તેમની કૉલેજના લગભગ બધા અધ્યાપકો પીએચ.ડી. થયા; તેમાંના એક ડૉ. દોલતસિંહ પરમાર. એક વખત હિંદી અભિસ્થાપન વર્ગમાં જોડાવા ભરઉનાળે આગ્રા ગયા. તબિયત બગડી. પાછા ફર્યા. ઢીલાઢફ. વર્ગમાં આવે માંડ. ઊભા રહીને તો ભણાવી ન શકે, ખુરશી પર બેસીને બોલે તોય થાકે.

પ્રિ. ત્રિવેદીએ એમની આ દશા જાણીને કહ્યું, “દોલતસિંહ તમારી કેબિનમાં નહીં, મારી ઑફિસમાં બેસીને તમારે આરામ કરવાનો છે, વર્ગમાં જવાનું નથી.” એમના તાસની વ્યવસ્થા સહ-અધ્યાપકોએ સંભાળી લીધી ને પ્રો. ડૉ. દોલતસિંહે પોતાની ગુમાવેલી તબિયતની દોલત ફરી જમે કરી !

એક અધ્યાપક તો વળી જુદી માટીનો જીવ. વર્ગમાં તાલીમાર્થીઓ સમક્ષ ખોંખારા સાથે ગરજે : “આ ગ્રંથની તો આપણા પ્રિન્સિપાલને પણ ખબર નથી ! એમણે જાણ ન હોય એવું હું ઘણું જાણું !”

પ્રિ. ત્રિવેદી તેમનું વર્ગમાંનું આ વિષયાંતર જાણે છતાં અજાણ રહીને તેને પીએચ.ડી. કરી લેવા સમજાવે ! એ અધ્યાપક જ્ઞાનભારથી ઝૂકેલી આંખે બબડે : “મારી પાસે તો પીએચ.ડી. ની બબ્બે પદવી મળે તેટલો ‘ડેટા’ છે !”

એ અધ્યાપકે પીએચ.ડી. તો ન કર્યું પણ વધુ આર્થિક લાભનું મૃગજળ દેખીને કૉલેજ છોડીને બીજે જોડાયા. પસ્તાવા, મૂંઝાયા. પ્રિ. ત્રિવેદીએ આ વેળાએ યુનિવર્સિટી-ઓફિસનો સંપર્ક કરીને તેમને પુનઃ કૉલેજમાં લેવા માટે ફોન દ્વારા સંમતિ મેળવી. પેલા અધ્યાપકને તેડાવીને કહ્યું,

"ભાઈ, મૂંઝાશો નહીં તમે. કૉલેજને તમારી જરૂર છે. આવશો ને ?" : આનો જવાબ એ અધ્યાપક અશ્રુધારા સિવાય બીજી શી રીતે આપે ?

એક વખત વ્યાખ્યાતાની બે જગા ભરવાનું નક્કી થયું. આ માટે બહારથી આવેલા ઉમેદવારો ઉપરાંત પોતાની કૉલેજના આઠેક ટ્યૂટરોએ પણ ઉમેદવારી નોંધાવી હતી. પસંદગી સમિતિએ તે પૈકી બે ટ્યૂટર્સની પસંદગી કરી. બાકીનામાંથી કેટલાક પેલા બે કરતાં સિનિયર હોવાથી રોષે ભરાયા. ઉગ્રતાથી બોલ્યા. પ્રિ. ત્રિવેદીએ એમને શાંત સ્વરે કહ્યું, "પસંદગીમાં હું તો માત્ર નિમિત્ત બન્યો છું; તમારી જગ્યાએ હું હોઉં તો આથી પણ કદાચ વધારે ઉગ્ર હું બનું; તમે તો મારી મર્યાદા રાખી છે તેથી હું તમારી કદર કરું છું; પણ એક દિવસ તમારો આવશે ખરો અને તેનો પણ કદાચ હું જ નિમિત્ત હોઈશ !" આ સાંભળીને એ ટ્યૂટર્સનો રોષ ઓગળી ગયો.

ગુજરાતમાં નવી શિક્ષણ તરાહ અપનાવાઈ (૧૯૭૫) તેથી ગુજરાતના અનેક અધ્યાપકોની જેમ વલ્લભવિદ્યાનગરની કૉલેજોમાંથી પણ ઘણા અધ્યાપકો સંખ્યાધિક (સરપ્લસ) થયા. માનભંગની સંવેદના અનુભવતા આ અધ્યાપકોએ હાઈસ્કૂલમાં ગોઠવતાં પહેલાં બે-ત્રણ અઠવાડિયાંની ઈન-સર્વિસ-ટ્રેઈનિંગ લેવાની હતી. આથી બળતામાં જાણે ઘી હોમાયું ! વલ્લભવિદ્યાનગરના અધ્યાપકો એમ. બી. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશનના કેમ્પસમાં ધૂંધવાતા મિજાજ સાથે હાજર થયા. આ માહોલ વચ્ચે પ્રવેશેલા પ્રિ.આર.એસ. ત્રિવેદીએ સૌ સાથે અનૌપચારિક ઢબે સહ-અનુભૂતિ દાખવીને તેમને હળવા થવા દીધા. અધ્યાપકોએ તેમને અપાતી તાલીનમી પ્રવિધિમાં સક્રિય રસ દાખવવા માંડ્યો અને ઓપવર્ગ પૂરો થતાં પરમ સંતોષ સાથે કાર્યરત થયા.

કૉલેજના આચાર્યપદની સાથોસાથ શિક્ષણ વિદ્યાશાખાના ડીન તરીકેની જવાબદારી પણ સમાંતર સમય (૧૯૬૪-'૭૨)માં અદા કરતા પ્રિ. ત્રિવેદીને કૉલેજના સાથી (પ્યૂન) સાથે પણ નિસબત પૂરી. એમણે જાણ્યું કે સાથીની પત્નીને ઑપરેશન કરાવવાની જરૂર છે તેથી તેઓ ચિંતા કરી રહ્યા છે. સાથીને બોલાવીને પ્રિ. ત્રિવેદી કહે, "ભાઈ પૈસાની ચિંતા કર્યા વગર તું તારી પત્નીને ઈસ્પિતાલમાં દાખલ કર ને ઑપરેશન માટે પણ હા કહી આવ. બધું થઈ રહેશે." પ્રિ. ત્રિવેદીએ સહઅધ્યાપકોને મિત્રભાવે વાત કહી. માત્ર દસ મિનિટમાં પંદરસો રૂપિયા એકઠા થઈ ગયા.

સાથી જ નહીં, ડ્રાઈવર પણ પ્રિ. ત્રિવેદીને મન પ્રેમપાત્ર. એમણે જોયું કે પોતે કોઈ ગામે જઈ પ્રવચન કરતા હોય ત્યારે ડ્રાઈવર ગામમાં પાનપટ્ટી ખાવા કે રખડવાને બદલે શ્રોતાઓની સાથે ધ્યાનપૂર્વક બેસે છે ! નવમું ધોરણ પાસ કરીને ગરીબીને કારણે ડ્રાઈવિંગ કરવાનું સ્વીકારનાર એ ડ્રાઈવરને ચાલુ ગાડીએ પ્રિ. ત્રિવેદીએ પૂછ્યું, "લેક્ચર વખતે તને ગામમાં જવાની છૂટ છે, હં ! તે ગાળે તારે ખાવુંપીવું ને દોસ્તારોને મળવા ખુશીથી નીકળી પડવું. તું લેક્ચર સાંભળવા કેમ બેસી રહે છે ?"

"સાહેબ, મને ડ્રાઈવર હોવાનું ગમે છે પણ નિશાળે ભણવાનીય ખૂબ મરજી હતી મને; આપની વાણી સાંભળીને ભણવાનું મન થઈ આવે છે પણ હવે શું થાય ?"

પ્રિ. ત્રિવેદીએ તે ડ્રાઈવરને રાત્રિશાળામાં દાખલ કરાવ્યો ને ભણતો કર્યો. કેટલાંક વર્ષો પછી એમને સુખદ સમાચાર મળ્યા કે તે ડ્રાઈવર તો પછી કૉલેજમાં ભણ્યો; શિક્ષક થયો ને સાથોસાથ હાલે ફુરસદના સમયમાં મોજને ખાતર ડ્રાઈવિંગ પણ કરે છે !

પોતાના સંપર્કમા જે કોઈ આવે તેનો ઉત્કર્ષ ઝંખતા પ્રિ. ત્રિવેદી, વલ્લભવિદ્યાનગરમાં કેટલોક સમય નિયમિત રીતે ચોક્કસ છોકરાઓ પાસે બૂટપૉલિશ કરાવતા. (૧૯૭૦) એ ત્રણ જણા રસ્તાની બાજુ પર ઝાડ નીચે પોતાનું મેલુંમસ થેલકું લઈને બેસતા. એમને એક દિવસ પ્રિ. ત્રિવેદીએ પૂછ્યું : "એક દિવસમાં તમે કેટલા રૂપિયા કમાઓ છો ?"

"દસેક રૂપિયા."


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

“એ કેમ વાપરો છો ?”

“બે રૂપિયાની સિગારેટ, ત્રણેક રૂપિયા નાસ્તાપાણીમાં જાય; એકાદ રૂપિયાનું ફિલ્મી છાપું ને ઘરમાં ચારેક રૂપિયા આપીએ.”

એ છોકરાઓને બચતનો કોઈ ખ્યાલ જ નહીં : પછી તેના મહિમાનો તો ક્યાંથી અણસાર હોય ? પ્રિ. ત્રિવેદીએ એમને દરરોજ નાની રકમ બચાવતા રહેવાનું સમજાવ્યું. વચ્ચે વચાળે બચત વિશે એમને પૂછતા પણ રહ્યા. પછી સંપર્ક ન જળવાયો.

એક દાયકા પછી પ્રિ. ત્રિવેદીને જાણવા અને પછી જોવા મળ્યું કે એ છોકરાઓ હવે યુવાનવયે પોતાની માલિકીની ત્રણ દુકાનો ધરાવે છે. તેઓ હવે બૂટના વિશ્વાસપાત્ર વેપારી ગણાતા હતા !

આમ બૂટપૉલિશ કરતા છોકરાઓથી માંડીને અનેક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાક્ષરોનો સ્નેહ સંપાદિત કરી ચૂકેલા પ્રિ. ત્રિવેદીને ભાવનગર યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે નીમવામાં અવ્યા. (૧૯૭૮) વલ્લભવિદ્યાનગર વિસ્તારમાં ખેડા જિલ્લામાં સત્તરેક વર્ષ (૧૯૬૨-’૭૮) એમણે યાદગાર શૈક્ષણિક પ્રદાન કર્યું. ત્યાં વળી હંસના નવાં પ્રયાણ !

ભાવનગર યુનિવર્સિટીના કુલપતિપદે તેઓ ત્રણ વર્ષ (૧૯૭૮-’૮૧) રહ્યા. આ દરમ્યાન તેમણે ભાવનગરના ઔદ્યોગિક, ટેક્નિકલ તથા સાંસ્કૃતિક વિકાસને લક્ષમાં રાખીને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે નવા અભ્યાસક્રમો દાખલ કરવા પ્રેરણા આપી. યુવાનોમાં આસ્થા તો એમની એવી પ્રબળ કે તેમણે હિંમતભેર યુનિવર્સિટીની સેનેટ-સિંડિકેટની યાદીમાં એક તોફાની ગણાતા વિદ્યાર્થીનું નામ પણ મૂક્યું હતું. આથી એમને કોઈએ ચેતવ્યા ને કોઈએ ચણભણાટ કર્યો; હકીકતે પેલા વિદ્યાર્થીએ જવાબદારીપૂર્વક રચનાત્મક સહકાર આપ્યા કર્યો હતો.

પ્રા. આર. એસ. ત્રિવેદીએ ચારેક દાયકાથી વધુ સમય (૧૯૪૧-’૮૧) પ્રત્યક્ષ અધ્યાપનને સમર્પિત કર્યો. કુલપતિપદે હતા તે ગાળામાં પણ આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી શીખવવા જતા; બી.એડ્. અને એમ.એડ્. કક્ષાએ વ્યાખ્યાનો માટે ગુજરાતની યુનિવર્સિટીઓમાં જવાનું થયા કર્યું.

પ્રા. આર. એસ. ત્રિવેદી વલ્લભવિદ્યાનગર હતા તે દરમ્યાનથી તેઓ ગુજરાત રાજ્યના ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સને ૧૯૭૬થી સંકળાયેલા હતા. ભાવનગર યુનિવર્સિટીના કુલપતિપદ સાથે ઉકત બોર્ડનું અધ્યપક્ષપદ પણ સંભાળવાનું બન્યું. એ પદેથી એમણે અઢારેક વર્ષ (૧૯૭૮-’૯૫) સેવાઓ આપી. આરંભમાં તો આ બોર્ડ એટલે અનેકાનેક પ્રશ્નોનો પેટારો !

ઉ.મા.શિ. બોર્ડનું સંચાલન આરંભમાં એક સલાહકાર સમિતિને હસ્તક હતું. સમિતિ બિનઅસરકારક. સરકારને કેવળ અભિપ્રાય આપે એટલું જ; સહેલાઈથી અમલમાં આવે તેવા સૂચનો તુમારમાં અટવાઈ પડે ને તે અમલમાં મુકાઈ ત્યારે પરિસ્થિતિ બદલાઈ ચૂકી હોય ! દર્દીનું દર્દ જ બદલાઈ ગયું હોય !

ઉ.મા.શિ. બોર્ડના અધ્યક્ષ તરીકે વહીવટમાં અસરકારકતા આણવા માટે એમણે જરૂરી પગલાં લેવા માંડ્યાં અને કેટલીક બાબતે સરકારને ચેતવતા રહ્યા. શિક્ષણમંત્રીને સ્પષ્ટ મંતવ્ય આપતા રહ્યા.

સરકાર અને શાળા-શિક્ષકો વચ્ચે સમતુલા જાળવવાને સક્ષમ અધ્યક્ષ પ્રા. આર. એસ. ત્રિવેદી, શિક્ષક-સંગઠનોને રચનાત્મક અભિગમ અપનાવવા આગ્રહભેર સૂચવતા. સરકાર અને શિક્ષકસંઘ વચ્ચે કોઈ બાબતે વિવાદ ઊભો થાય ત્યારે તેનો માનભેર ઉકેલ કરવાનું કૌશલ્ય તો પ્રા. આર. એસ. ત્રિવેદીનું જ; મધ્યસ્થીના નાતે એમના મંતવ્યને સરકાર દાદ આપતી રહી ને ઉચ્ચતર શિક્ષણ વિભાગના અનેક કર્મચારીઓના પ્રશ્નો ઉકેલાતા રહ્યા.

તે વખતે ને આજેય પ્રા. ત્રિવેદી તક મળે ત્યારે શિક્ષક - સંઘના આગેવાનોને અચૂક કહે છે : “પ્રવર્તમાન અજંપાભર્યા શૈક્ષણિક જગતમાં દરેક સંગઠનોની ભૂમિકા શિક્ષકોને તેમની ફરજ અને જવાબદારી પ્રત્યે વધુ સભાન તેમજ સજાગ બનાવી રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ નાગરિકો સર્જવાની

હોવી જોઈએ. ફરજપાલનના અંતે પૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય તેવું શૈક્ષણિક વાતાવરણ સર્જવામાં સંઘોની ભૂમિકા મહત્વની બનવી જોઈએ. જો આમ બની શકે તો આપણે એક ગૌરવવંતા રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું અને તેની સાથેસાથે સંગઠનની તમામ સમસ્યાઓ પણ ઉકેલાઈ જવાની ને ?''

સંઘના તત્કાલીન કાર્યકર્તાઓને આ રજૂઆત સ્પર્શી ગઈ. શિક્ષક સંગઠનક્ષેત્રે રચનાત્મક અભિગમ પ્રતિષ્ઠિત થયો જેનું શ્રેય પ્રા. ત્રિવેદીને ફાળે જાય છે.

જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના ઉપક્રમે ત્રિવેદીસાહેબને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો ત્યારે ક્રાંતિકારી વિચારક સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું, ''ત્રિવેદીસાહેબ તો આ યુગના ઋષિ છે. એમનું સન્માન વહેલું થવું જોઈતું હતું. આપણે ઘણા મોડા છીએ. એમના થકી શિક્ષણજગત ઊજળું છે. આપણે સૌ ગૌરવ લઈ શકીએ એવા ત્રિવેદીસાહેબનું તમે મોડું મોડું પણ યોગ્ય રીતે સન્માન કર્યું છે તે ઉચિત જ કર્યું છે.''

ઉ.મા.શિ. બોર્ડના અધ્યક્ષ હોવાના નાતે એમને મળવાપાત્ર માનદ્ વેતન પણ લેવું પ્રા. ત્રિવેદીએ કેટલાક સમયથી બંધ કર્યું હતું. એમને તો શૈક્ષણિક કામનો સંતોષ અને આનંદ મળે એટલે થાળીમાં બહુ પીરસાઈ ગયું !

તેઓ અધ્યક્ષપદે હતા તે ગાળે (૧૯૮૨) ઉસ્માનપુરા - અમદાવાદમાં આવેલી એક પ્રાથમિક શાળામાં કેટલાંક બાળકો, ગમે તે કારણે ગબડીને મૃત્યુ પામ્યાં. આ અંગે એક વ્યક્તિ - પ્રા. ત્રિવેદી સમિતિ નિમાઈ. એમણે વાલીઓનો ધરોધર સંપર્ક કરીને આશ્વાસન આપ્યું. તથ્યો પણ તારવ્યાં. ને છેવટે આ ઘટના રાજકીય કે કોમી રંગેથી ખરડાવામાંથી બચી ગઈ.

પ્રા. ત્રિવેદીએ પાઠ્યપુસ્તકના સંશોધનકેન્દ્રના ઉપાધ્યક્ષ તરીકે સંશોધનમાં પ્રોત્સાહક ને દક્ષ માર્ગદર્શન આપ્યું. (૧૯૯૧-'૯૪) એમનો શૈક્ષણિક સંશોધનનો અનુભવ પા સદી ઉપરાંતનો ગણી શકાય. (૧૯૬૬-'૯૩) હાલમાં પણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કલ્ચર એન્ડ અર્બન એન્થ્રોપોલોજીના અધ્યક્ષના નાતે તે સંસ્થાના નિયામક શ્રી હર્ષદ ત્રિવેદી સાથે સંશોધનવિષયક આયોજનો ચર્ચતા જ રહે છે. ગુજરાત સરકારે એમને શિક્ષણનો સુપ્રતિષ્ઠિત મગનભાઈ દેસાઈ ઍવોર્ડ એનાયત કરીને એમના શૈક્ષણિક પ્રદાનને યોગ્ય રીતે મૂલવેલ છે. (૧૯૯૫)

ઉક્ત ઍવૉર્ડવિજેતા પ્રા. ત્રિવેદીએ શિક્ષણની પૂર્વપ્રાથમિકથી માંડીને વિશ્વવિદ્યાલય કક્ષા સુધી અનેકવિધ બાબતે પોતાના વિચારો, આવડતો અને અનુભવોનો લાભ આપ્યા કર્યો છે. શિક્ષણક્ષેત્રે સાથે સંબંધિત અનેક બાબતે ને ક્ષેત્રે ઓછાવત્તી મુદ્દત માટે વિવિધ પદે રહીને તેમણે સહયોગ આપ્યા કર્યો છે, જેમ કે શિક્ષણ અનુદાન, શિક્ષક-પ્રશિક્ષણ, શિક્ષણ-પરીક્ષણ, બુનિયાદી શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, ઉપકુલપતિની પસંદગી, ગુજરાત સ્ટેટ વોકેશનલ કાઉન્સિલ, નવી શિક્ષણનીતિ (૧૯૮૬), વ્યવસાયલક્ષી શિક્ષણ, શૈક્ષણિક વહીવટ વગેરે. શિક્ષણક્ષેત્રે તેમના આટલા આવા વ્યાપક પ્રદાનનું રહસ્ય છે શિક્ષણનું તેમનું અખંડ દર્શન : વિદ્યાકીય તેમજ વહીવટી સંદર્ભે પણ. પોતાનામાં ધબકતા રહેતા વિદ્યાપુરુષને એમણે કદી મૂર્છિત થવા દીધો નથી; આ સારસ્વત હંસે વિદ્યાના વ્યોમમાં વિહર્યા જ કર્યું છે.

કલમક્ષેત્રે પણ એમનું પ્રદાન મૂલ્યવાન ને યશદા રહ્યું છે. 'ગુજરાતી વિષયનું અધ્યાપન' (૧૯૫૯), 'ટેક્નિક ઓફ ટીચિંગ ઈંગ્લિશ' (૧૯૬૮), 'એજ્યુકેશન એન્ડ એજ્યુકેટર્સ' (૧૯૭૧), 'ઈન્સ્ટ્રક્શન ઈન એજ્યુકેશન' (૧૯૭૪), 'મેઘનોપનિષદ' (૧૯૮૨), 'શિક્ષણની શૈલી' (૧૯૮૮), 'નૂતન શિક્ષણની બુનિયાદ' (૧૯૮૯), 'મમી-પપ્પા' (૧૯૯૧), 'શિક્ષણ નવસંસ્કરણ' (૧૯૯૪), 'પ્રેરણાસ્રોત' (૧૯૯૪) ને 'શિક્ષણદર્શન' (૧૯૯૫) જેવાં વિચારપ્રેરણાથી સમૃદ્ધ પુસ્તકો ઉપરાંત એમણે યુનિવર્સિટી કક્ષાએ આઠેક સંપાદનો કર્યાં છે. દર વર્ષે બારેક શૈક્ષણિક લેખો આપતા રહેતા પ્રા. ત્રિવેદીએ કલમકાર્યના આરંભે પ્રાથમિક શ્રેણી માટે અંગ્રેજી વિષયની કિશોર કૉપીબુક્સ તૈયાર કરી હતી !

'અભિજાત વિદ્યાપુરુષ પ્રા. આર. એસ. ત્રિવેદીના ચિંતનને અગ્રણી કેળવણીકાર ડૉ. દાઉદભાઈ ઘાંચી મૌલિક, બિન-પરંપરાગત, પારદર્શક, પ્રમાણિક, વાસ્તવિક, ભવિષ્યલક્ષી અને તાજું કહીને મૂલવે છે તેમાં જરાયે અતિશયોક્તિ નથી. આ સૌમ્ય શિક્ષણકાર સંઘર્ષના નહીં, સંવાદના સદાગ્રહી છે. ક્રિકેટ, બેડમિન્ટન તેમજ સંગીતના રસિયા પ્રા. આર. એસ. ત્રિવેદી વ્યવહારમાં વિનોદ કરવાનો મોકો તો સરવા જ ન દે. તેમનાં એક પરિચિત સ્થૂળકાય બહેન, વેસ્ટ ઈંડિઝ અને ભારત વચ્ચેની વડોદરામાં રમાયેલ મેચ જોવા ગયાં હતાં; એમણે હરખભેર કહ્યું, "રમણભાઈ, હું પેલો મેચ જોવા ગયેલી."

"તેની તો મનેય ખબર !"

"તમને કેમ ખબર પડી ?"

"મેં રસ્તા પર ખાડા પડેલા જોયા તેના પરથી !"

કુશળ વૈદ્યને બધી વનસ્પતિમાં ઔષધ જણાય તેમ પ્રા. ત્રિવેદીને દેખે ત્યાં શિક્ષણના સંકેત મળે. એક કિશોર-ભિખારીને આગવી ને આકર્ષક ઢબે બોલીને ભીખ માંગતો જોઈને તેઓ બોલી ઊઠ્યા : "જોયું ? આને ક્યા શિક્ષક ભાષા શીખવી હશે ? ભાષા હંમેશા જરૂરતમાંથી શિખાય છે... સૌ લેંગ્વેજ-ટીચિંગ શુડ બી નીડ-ઓરિએન્ટેડ !"

હાલમાં મહર્ષિ એગ્રિકલ્ચર ટીચર્સ ઈન્સ્ટિટ્યૂટના ટ્રસ્ટી તથા મહર્ષિ વેદ ઍકેડેમીના સક્રિય સભ્ય પ્રા. આર. એસ. ત્રિવેદીની વિદ્યાકીય પ્રવૃત્તિઓના સાતત્ય માટે ગુજરાત રાજય માધ્યમિક સંઘ - ફેડરેશનના સવિશેષ આર્થિક સહયોગથી પ્રોફેસર આર. એસ. ત્રિવેદી એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ નોંધાવાયું છે. (૧૯૯૪) તેના દ્વારા સમગ્ર રાજ્યમાં અધ્યયન - અધ્યાપનનાં ધોરણો ઊંચા લઈ જવા માટે વિદ્યાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવનાર છે. તે ફાઉન્ડેશન દ્વારા આરંભાયેલ પ્રકાશન-પ્રવૃત્તિ તો શિક્ષણ પ્રેમીઓની દાદ મેળવી જ રહી છે.

ઉક્ત ટ્રસ્ટ દ્વારા પ્રા. ત્રિવેદી - અભિનંદનગ્રંથ પ્રકાશિત કરવામાં આવેલ છે (૧૯૯૬) જેમાં તેમનાં કેટલાક ઉત્તમ લેખો પણ સમાવિષ્ટ છે. સુરેન્દ્રનગરથી પ્રકાશિત સામયિક 'મૈત્રી વિદ્યાપીઠ' નો એક વિશેષાંક પ્રા. ત્રિવેદીના અમૃત મહોત્સવ નિમિત્તે પ્રકાશિત થયો હતો. (૧૯૯૩)

નિરક્ષીર વિવેક, ગાંભીર્યયુક્ત શાંતિ, નિષ્કલંક શોભા અને પ્રેમાળ મનાયેલ શ્વેત હંસ મા શારદાનું સામીપ્ય પામે તેમાં શી નવાઈ ? વિદ્યાના વ્યોમમાં વિહરતા તેવા હંસ જેવા પ્રા. આર. એસ. ત્રિવેદી શૈક્ષણિક પ્રવાસ નિમિત્તે ભારતભરમાં જ નહીં, લંડન, લીડ્સ, માન્ચેસ્ટર, શિકાગો, ન્યૂયૉર્ક, રેડલમ્બસ, સાનડિયાગો, સાનફ્રાન્સિકો, વૉશિંગ્ટન, ટોકિયો વગેરે વિદેશી શહેરોમાં પણ ઘૂમી વળ્યા છે.

અંધારાંને ભાંડવાને બદલે જાતે જ દીવો પેટાવી લેવાનું પસંદ કરતા પ્રા. આર. એસ. ત્રિવેદીની પીપલોદ-પંચમહાલના શ્રી યોગેશભાઈ કોઠારીએ લીધેલ વિગતસભર મુલાકાતના કેટલાક અંશો એમના પ્રેરક ને વિરલ વ્યક્તિત્વ પર પ્રકાશ કરે છે :

"આપની કોઈ નબળાઈ ખરી ?"

"હા. એક ઊર્મિશીલતા અને લાગણીવશતા. બે, કોઈ પણ માણસને પ્રથમ સારો જોવાની."

"આપ શું ભૂલી જવા ઈચ્છો છો ?"

"મારી સાથે કરાયેલ ગેરવર્તાવ."

"આપને નિરાશાનો અનુભવ થાય ત્યારે આપ શું કરો છો ?"

"નિરાશામાં આશા જોવાની ટેવ પડી છે એટલે વધુ ઉત્સાહથી કામ કરું છું."

"આપ કેવું મૃત્યું ઈચ્છો છો ?"

"શિક્ષણસમુદાય વચ્ચે વાર્તાલાપ કરતાં જતું રહેવાય તો મને લાગે છે કે હું શિક્ષક તરીકે ખરેખર જીવ્યો !"

પ્રા. આર. એસ. ત્રિવેદીના જીવનની પ્રેરકની વાટ અને વિભાવના સૌમાં વસે તેવી વાંછનાસહ એમને અસીમ આદર સાથે વંદન !

# પુસ્તકિયા જ્ઞાનને બદલે જીવનોપયોગી શિક્ષણ નહીં અપાય ત્યાં સુધી દેશમાં ભણતરનો ભાર કદી ઘટશે નહીં

પી. કે. લહેરી

'ભાર વગરનું ભણતર' એ માત્ર સૂત્ર જ રહી ગયું છે. વર્તમાન શિક્ષણ પ્રણાલિમાં ચાહે રાજ્યનું શિક્ષણ બોર્ડ હોયકે કેન્દ્રનું શિક્ષણ બોર્ડ હોય કે અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો દફતરનું વજન, હોમવર્ક અને પરીક્ષા વિદ્યાર્થીઓ માટે અસહ્ય બોજારૂપ બન્યા છે. આજના શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે વિષયો તો તે જ રહ્યા છે કે જે ૧૦૦ કરતાં વધારે વર્ષોથી શીખવવામાં આવે છે. આમાં કદાચ 'ટાઈપિંગ'ને બદલે 'કમ્પ્યૂટર' શીખવાનો ફેરફાર હોય.

શાળાકીય શિક્ષણની મુશ્કેલીનો પાયો એમાં રહેલો છે કે નેશનલ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશન રિસર્ચ અને ટ્રેનિંગ (એન.સી.ઈ.આર.ટી.) દ્વારા દરેક વિષયના અભ્યાસક્રમો તૈયાર કરાવવા માટે જે તજજ્ઞોની પેનલો રચવામાં આવી અને તેમને ભારતનો વિદ્યાર્થી મેઘાવી બને તેવો આદર્શ આપ્યો એટલે તેમણે પોતાના યુનિવર્સિટીના અભ્યાસક્રમો શાળાકીય સ્તરે સામેલ કરી દીધા.

અમારા જેવી જૂની પેઢીના માણસ આ વાંચે તો નવાઈ લાગે કે આપણે શાળામાં જે ભૌતિકશાસ્ત્ર કે રસાયણશાસ્ત્ર ભણ્યા કે ગણિતમાં ભૂમિતિ કે બીજગણિત ભણ્યા, તેની જગ્યાએ આજે ભારે ભરખમ વિષય-વસ્તુ અને તદ્દન બિનજરૂરી માહિતી, પાઠ્યપુસ્તકોની સાઈઝ ૪૦૦-૫૦૦ પાનાંની તેમાં ખૂબ લાંબા પ્રકરણો છે. તાજેતરમાં મેં એક સામાન્ય જ્ઞાનનું પુસ્તક જોયું જેમાં વિવિધ જવાબના ઓપ્શન આપ્યા હતા. હવે તમે જ આ પ્રશ્ન ઉકેલવા (ગૂગલની મદદ વિના) પ્રયત્ન કરજો.

**પ્રશ્ન : ભારતીય રીઝર્વ બેન્કના દસમા ગવર્નર કોણ હતા ?**
**(૧) ઉર્જિત પટેલ (૨) વાય. એસ. રેડ્ડી (૩) મનમોહનસિંહ (૪) એસ. જગન્નાથન્**

જો તમને જવાબ આવડી જાય તો જાણવું કે તમારા મગજમાં ઘણી નિરર્થક માહિતીનો કચરો એકત્ર થઈ ગયો છે. ભારતીય રિઝર્વ બેન્કના હાલના ગવર્નર કોણ છે ત્યાં સુધી તો સમજ્યા, પણ દસમા ગવર્નરનું નામ જાણીને યાદ રાખવાથી વ્યક્તિ કે સમાજને તે માહિતી કઈ રીતે ઉપયોગી છે તે કોયડો છે. જો સરકાર ધ્યાનથી જોશે તો ખબર પડશે કે કોઈપણ શિક્ષક માટે હાલનો અભ્યાસક્રમ પૂરેપૂરો ભણાવવા નથી સમય કે નથી સજ્જતા. કોર્સ પૂરો કરવા માટે ઉતાવળ, કલાકો ને કલાકોમાં ન પતે તેટલું હોમવર્ક. બાળક કે માબાપ હોમવર્ક ન કરી શકે તો હોમવર્ક કરાવવા પણ શિક્ષકોનાં ટ્યૂશનો રાખવાના અગણિત કિસ્સાઓ છે.

૧૯૩૨માં મહાત્માજીએ કેળવણી અંગે લખ્યું હતું તે વાંચીએ તો ખ્યાલ આવે કે શિક્ષણમાં સુધારાની વાત તો સાવ ભૂલી જઈને આપણે શિક્ષણને સમજ્યા વિના એટલું મહત્વ આપીને બાળકો અને કિશોરોના વ્યક્તિત્વનો વિકાસ કરવાને બદલે તેને કુંઠિત કરવાની જડબેસલાક વ્યવસ્થા ગોઠવી છે. સંચાલકો, શિક્ષકો, ટ્યુશન ક્લાસો, ગાઈડો લખનારા અને કૌભાંડ આચરીને મનપસંદ માર્ક લાવી આપતા શિક્ષણના માફિયાઓ આ સમગ્ર પ્રક્રિયાના લાભાર્થીઓ છે. સ્વનિર્ભર શિક્ષણ જેવી મોટી છેતરપિંડી અને ઊઘાડી લૂંટના કારણે આજે અનેક ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓની કારકિર્દી રોળાઈ રહી છે. શિક્ષિત બેરોજગારીમાં વધારો થઈ રહ્યો છે અને જેને રોજગારી આપે છે તે નોકરીદાતાએ નવા કર્મચારીને કામ નવેસરથી શીખવવું પડે છે. જીવનમાં ક્યારેય કોઈને રિઝર્વ બેન્કના દસમા ગવર્નરનું નામ જાણવાની આવશ્યકતા ઊભી થઈ નથી. રીઝર્વ બેન્કના ગવર્નરને પણ નહીં.

**મહાત્મા ગાંધીજીનું કેળવણીની સ્થિતિ વિશેનું વર્ણનઃ**

"કેળવણી એ સાધ્ય વસ્તુ નથી પણ સાધન છે. જે વડે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આપણે ચારિત્ર્યવાન થઈ શકીએ તે જ કેળવણી ગણાય. આવું પરિણામ નિશાળોમાં અપાતી કેળવણીમાંથી આવ્યું હોય એમ કોઈ નહીં કહી શકે. નિશાળમાં જઈને ચારિત્ર્યને ખર્ચી (વેડફી) નાખેલું હોય તેવા અનેક દાખલા નજરે પડશે. એક તટસ્થ અંગ્રેજી લેખકે કહ્યું છે કે, જ્યાં સુધી હિન્દુસ્તાનમાં નિશાળો અને ઘર વચ્ચે અનુસંધાન નહીં હોય ત્યાં સુધી નિશાળિયાઓ (વિદ્યાર્થીઓ) ઉભયભ્રષ્ટ થશે. ઘરમાં માબાપો તરફથી અને આસપાસના વાતાવરણમાંથી આપણા યુવાનોને એક પ્રકારનું જ્ઞાન મળે છે.

આપણી વાંચનમાળામાં આપેલું શિક્ષણ એ પોથીમાંનાં રીંગણાં જેવું મનાય છે. એમાંનો કોઈપણ ભાગ આપણે આપણા ગૃહસંસારમાં દાખલ કરી શકતા નથી. આપણે શું શીખીએ છીએ તે અંગે માબાપો બેદરકાર છે. ઘણુંખરું.

વાંચન કેવળ પરીક્ષ આપવાને સારું ઉપાડી લીધેલું વૈતરું જ છે એમ આપણે જાણીએ છીએ અને પરીક્ષા આપ્યા પછી બને તેટલી ઉતાવળથી તે ભૂલી જવા પ્રયત્ન કરીએ છીએ. આપણી ઉપર આપણે નકલ કરનારા છીએ એવો આરોપ કેટલાક અંગ્રેજોએ મૂકેલો છે તે કેવળ અર્થરહિત નથી. તેમાંનો એક તો આપણને સુધારાને સમજ્યા વિના જેમ શાહીચૂસ કાગળ શાહી ચૂસી લે તેમ આપણે અન્યત્ર ફેરફાર થાય તે અપનાવી લઈએ છીએ.''

સરકારે અનેક શિક્ષણ સુધારા પંચો બેસાડ્યા, અગણિત સમિતિઓની નિમણૂક કરી, લાખો પાનામાં તજજ્ઞોએ જ્ઞાન અને અનુભવો ઘૂંટી ઘૂંટીને ભર્યા. ભાતભાતની ભલામણો કરી અને સરવાળે વિદ્યાર્થીઓના ખભ્ભે ભાર વધાર્યો.

૮૦૦ થી વધારે પાનામાં લખાયેલી શિક્ષણનીતિ અંગે ગાંધીજીએ એટલું જ કહ્યું હોત કે જે પદ્ધતિ વ્યક્તિને પરિશ્રમી, જિજ્ઞાસુ, સંવેદનશીલ અને ચારિત્ર્યવાન બનાવે તે શિક્ષણ, આજે આ મૂલ્યો સિવાયની હજારો વાતોને નીતિરૂપી પાયામાં સમાવવાનો વ્યર્થ વ્યાયામ કરી રહ્યા છીએ. જે શિક્ષણ બાળકનું બાળપણ છીનવી લે, જે કેળવણી યુવાનોને પરિવાર અને સમાજની સાથે જોડવાને બદલે દૂર કરે, જે જ્ઞાન વાંઝિયું અને નિરર્થક હોય, જ્યાં બાળકોને ભણાવવામાં પરિવાર દેવદાર થતો હોય, જ્યાં શિક્ષણ સંસ્થાના માલિકો સંપત્તિ એકઠી કરવામાં અને આરામથી રહેવામાં ગૌરવ સમજતા હોય, જ્યાં શિક્ષણ બાદ બેરોજગારીની લાંબી પ્રતીક્ષા યાદીમાં નામ લખાવવા સિવાય કોઈ ઉપયોગી કાર્ય કરવાની ક્ષમતા ન હોય તેવા માહોલમાં શિક્ષણનો માત્ર ને માત્ર વ્યાપ વધી રહ્યો છે ત્યારે ચિંતા થાય તે સ્વાભાવિક છે.

જે શિક્ષણનીતિ જીવનમાં નીતિમત્તાનું જતન ન કરી શકે તે સદા સર્વદા વર્જ્ય છે. જાણીતા કેળવણીકાર શ્રી નરેશ વેદના આ શબ્દો કેટલા પ્રસ્તુત છે : ''નીતિનો અર્થ છે મનુષ્ય તરીકેનું ખરું કર્તવ્ય શું છે તેનું જ્ઞાન અને પોતાના કર્તવ્યને દઢપણે વળગી રહેવાનું મક્કમ વલણ. માણસે નીતિયુક્ત અને સદાચારી જીવન જીવવું જોઈએ. વેપારધંધામાં પણ સંઘરાખોરી, નફાખોરી આચરવી જોઈએ નહીં. પોતે જે કાર્યો કરે તે સ્વધર્મ સમજીને પૂરી નિષ્ઠા, નિસબત, વફાદારી અને પ્રમાણિકતાથી કરવા જોઈએ. આજે રાજકારણીઓ, અધિકારીઓ, ડોક્ટરો, વકીલો, એન્જિનિયરો, જાહેર સેવાના ક્ષેત્રોમાં પડેલા માણસો એથિકલ અને મોરલ ધોરણોનો છડેચોક ભંગ કરે છે ત્યારે પ્રજાનીતિ નાશના માર્ગે આગળ ધપી રહી છે એવું સૌને એટલે જ જણાય છે.'' આજની શિક્ષણપ્રથાની વિચિત્રતા એ છે કે જે કરવા જેવું છે તેની સંપૂર્ણ ઉપેક્ષા અને નથી કરવા જેવું તે કરવાનો અતિ ઉત્સાહ છે. આપણા દેશમાં વિકાસ આડે સૌથી મોટા અંતરાયો હોય તો તે છે પ્રમાદ-આળસ, નિષ્ઠાનો અભાવ, સ્વકેન્દ્રી વલણ વગેરે. જાણીતા શિક્ષણવિદ્ શ્રી મનસુખ સલ્લા લખે છે, ''યુરોપ, અમેરિકામાં પરિશ્રમનો જે મહિમા છે, ગૌરવ છે, એ આપણને સ્વીકાર્ય બનતું નથી. આ દેશોમાં મહેનતનું જે વળતર મળે છે અને ખાસ તો મહેનત કરનારાઓનું જે પ્રકારનું માનવીય ગૌરવ હોય છે એ ભારત માટે હજી ઘણી દૂરની વાત છે.... મહેનત માટેની ઉપેક્ષા, અણગમો અને એ કરનારાનો હલકો દરજ્જો છે. એટલે કે એકંદરે

પ્રજાને મહનેત માટે સૂગ છે."

ભણતરનો ભાર ખરેખર ઓછો કરવો હોય તો વિષયનું જ્ઞાન જેટલું જીવનોપયોગી હોય તેનો જ સમાવેશ અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોમાં કરવો જોઈએ. માત્ર માહિતગાર કરવાના ઉદ્દેશથી જે તદ્દન બિનજરૂરી, બિનઉપયોગી અને મૂલ્યહીન બાબતો છે તેને શિક્ષણ પ્રથામાં દૂર કરીએ તો જ શિક્ષણનું તેજ પ્રગટશે. આજે તો વાહિયાત્ માહિતીઓનું મહિમામંડન કરીને આપણે ફીફાં ખાંડવાના ઉદ્યોગને શિક્ષણને રૂપાળું નામ આપી દીધું છે.

બાળકની સહજ જિજ્ઞાસા, સાંસારિક જીવનમાં ઉપયોગી સમજણ, આર્થિક વ્યવહારોની નિપૂણતા અને મૂલ્યનિષ્ઠા વિનાનું શિક્ષણ એ માત્ર ને માત્ર બોજ છે. આ સ્થિતિ માટે ફક્ત સરકારને દોષ દેવાનો અર્થ નથી. વાલીઓની સમજણમાં જે દોષ છે તેની પણ મુક્ત ચર્ચા કરવી જરૂરી છે. વાલીઓ માટે ભૂલકા જેવું ત્રણ-ચાર વર્ષનું બાળક 'બ્લા બ્લા બ્લેકશીપ' બોલે અને જે હરખની હેલી ઉભરાય છે તેની ગંભીર ચિંતા થવી જોઈએ. શિક્ષણ જોડકણાં શીખવામાં કે ગોખણપટ્ટીમાં નથી. શિક્ષણનું મૂલ્યાંકન કરતી પરીક્ષાપદ્ધતિ તો અનેક દૂષણોની ગંગોત્રી છે. પરીક્ષાના ત્રણ કલાકમાં વિદ્યાર્થીને જે પ્રશ્ન આવડે તે તેની કારકિર્દીમાં મહત્વનો મુદ્દો બને છે. પરીક્ષામાં મૌલિકતાને બદલે પુનરાવર્તન અને વિશ્લેષણને બદલે વર્ણનને અને સમજણને બદલે ગોખણપટ્ટીને મહત્વ આપવામાં આવે છે. જેથી કરીને ઉચ્ચશિક્ષણમાં પણ ઊણપો જોવા મળે છે. બીજી ચિંતાજનક બાબત એ છે કે કોલેજવાળાઓ શાળાઓ ભણાવતી નથી અને શાળાઓ પ્રાથમિક અને પૂર્વ પ્રાથમિકનો પાયો કાચો છે તેવું કહીને ગુણવત્તાના અભાવ માટે એકમેક ઉપર દોષારોપણ કરે છે.

ભણતર પાછળ સમાજ, સરકાર અને પરિવાર જે આર્થિક બોજ ઉપાડે છે તેનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે આપણે જે હેતુ માટે અબજો રૂપિયા અને માનવકલાકો ખર્ચીએ છીએ તેનું વળતર ખૂબ અલ્પ મળે છે અને અમુક કિસ્સામાં તો તેનો પ્રભાવ હાનિકારક નીવડે છે. ભણતરનો ભાર ઘટાડવા માટે નીચે મુજબના સૂચનો કરવાનું મન થાય છે :

(૧) શાળાકક્ષાના અભ્યાસક્રમમાં માહિતી થોડી સમજણ વધારે વિકસે તે રીતે વિષયોના અભ્યાસક્રમો નક્કી કરવા જોઈએ.

(૨) કોઈ વિષયનું પાઠ્યપુસ્તક ૨૦૦ પાનાંથી મોટું ન હોવું જોઈએ. દરેક પાઠ - પ્રકરણ નબળામાં નબળા વિદ્યાર્થીને સમજાય તે રીતે શીખવીને દર સપ્તાહે દરેક બાળક તે અંગે મૌખિક અને લેખિત રીતે પ્રશ્નોના સંક્ષિપ્ત ઉત્તરો આપે. એકી સાથે સંપૂર્ણ અભ્યાસક્રમની પરીક્ષા લેવાથી બાળકો પર જે ભાર આવે છે તે સહેલાઈથી નિવારી શકાય તેમ છે.


(૩) શાળા-કોલેજોમાં ફીનું ધોરણ ખૂબ વાજબી રાખવું જોઈએ. સમાજમાં વિશેષાધિકાર ભોગવતા ધનિકો અને સત્તાધીશોનાં બાળકો પણ સામાન્ય પરિવારનાં બાળકો સાથે ભણે તે લોકશાહીના ભવિષ્ય માટે ખૂબ ઉપકારક સાબિત થશે.

(૪) હાલ શિક્ષકો દર સપ્તાહે ૩૦ કલાકથી વધારે કાર્ય કરવા ઈચ્છતા નથી. શિક્ષકો વિદ્યાર્થીઓ માટે સપ્તાહમાં ૪૦ કલાકનો સમય ફાળવવો ખૂબ જરૂરી છે. શિક્ષણ સંસ્થાઓની કાર્યપદ્ધતિમાં ધરમૂળથી ફેરફારોની જરૂર છે. માત્ર પુસ્તકિયા શિક્ષણની જગ્યાએ જીવન માટે ઉપયોગી એવું જીવંત શિક્ષણ આપવાનું કામ સરળ છે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ૨૦૦ થી વધારે મોડ્યુલ્સ સાથે વ્યાપક ધોરણે જે તાલીમ આપે છે, તેનાથી લાખો વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરમાં અને વ્યક્તિવિકાસમાં સહાય મળી છે.

(૫) આજના વિષયો અને વર્ગોની પદ્ધતિને બદલે બાળકને તેની ૧૨ કે ૧૮ વર્ષની ઉંમર દરમિયાન ૬ વર્ષમાં તેને મનગમતા ૧૨૦ મોડ્યુલ્સમાં શિક્ષણ-તાલીમ મળે તો આપણે સ્કીલ ઈન્ડિયાના કાર્યક્રમો ચલાવવાની જરૂર ન રહે. આજની શિક્ષણપ્રથા પાયામાંથી ફેરફાર માગે છે. ભારતના નવનિર્માણ માટે તેને આર્થિક મહાસત્તા બનાવવા માટે શિક્ષણમાં ક્રાંતિકારક પરિવર્તન કર્યા વિના બીજા કોઈ વિકલ્પ નથી.

# ફેર !


હરિત પંડ્યા



૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો. ૯૪૨૮૬૯૯૮૫૪


પૂર્ણમ્, વિદેશથી ભારત આવે ત્યારે અમારી મુલાકાત પણ લેતો રહે. ક્યારેક એકાદ દિવસ રોકાય પણ ખરો.

એક વાર એ અમારે ત્યાં આવેલો. બપોરના ભોજન પછી આરામ ફરમાવી અમે સાંજે ફરવા જવા નીકળતા હતા, ત્યાં અમારા બ્લોકની સામેના મકાનની લોબીમાં ઊભેલી બે તરુણીઓને મેં, અમારી અગાશી ભણી એકી નજરે જોઈ રહેતી ભાળી.

અમારી અગાશીમાં એવું તે શું છે જેને આ બે છોકરીઓ અનિમેષ નયને જોઈ રહી છે ? એમ વિચારી મેંય અગાશી ભણી નજર નાખી. મારી નજર પણ, અગાશી માંનું દૃશ્ય જોઈને એક ક્ષણ માટે સ્થિર થઈ ગઈ.

બનેલું એવું કે ઉતરાણ ટાંણે એકાદ કપાએલી પતંગની દોરી મારા ટીવીના એન્ટિનામાં ફસાઈ ગએલી. પતંગ તો એના લૂંટનારા એ બડી સીફતથી એન્ટીનમાંથી કાઢી લીધેલો. પણ એની દોરી ગૂંચવાઈ ગએલી. પતંગ વિનાની દોરીનો ભાવેય કોણ પૂછે !

હવે તો નડિયાદમાંય રહેણાંક વિસ્તારોમાં વૃક્ષોની સંખ્યા નહીવત્ થઈ જવાને કારણે, લાંબી ઊડ પછી પક્ષીઓ વિરામ કરવા એન્ટિનાઓનો સહારો લેતાં થઈ ગયાં છે.

કબૂતરોનું એકાદ નાનકડું વૃંદ મારા એન્ટીના પર બેઠું હશે. એમાંનો એકાદનો પગ, ગૂંચવાઈ ગએલ દોરીમાં ફસાઈ ગયો હશે. એ દોરીમાંથી પગ છૂટો કરવા એ ક્યારનું મથામણ કરતું રહ્યું હશે.

અમારી નજરે એ કમનસીબ કબૂતર પર પડી ત્યારે એ દોરીને ‘સહારે’ ઊંધે માથે લટકી રહ્યું હતું. એ સ્થિતિમાં એ સતત પાંખો ફફડાવતું રહેલું. એના જ પગે દોરી વીંટળાએલી એ પગે દોરીનો ઘસરકો લાગવાથી લોહી ઉપસી આવેલું. એ જગાએથી થોડી થોડી વારે લોહીનું એકાદ ટીપું ટપકતું રહેલું.

લોબીમાં ઊભેલી બંને બાળાઓ ચિંતિત નજરે કબૂતર ભણી જોઈ રહેલી. પછી તો અમનેય એ હતભાગી કબૂતરની ચિંતા થવા લાગી. આમ ને આમ એ ઊંધે માથે લટકતું રહેશે તો કલાકેકમાં જ એના રામ રમી જવાના. હું મનોમન બોલ્યો.

“આપણે કબૂતરને બચાવવા કંઈક કરવું જોઈએ. શું કહે છે તું ?” મેં પૂર્ણમને કહ્યું.

“હા, ફરવા જવાનું તો માંડી વાળી શકાય.” પૂર્ણમે કહ્યું.

બીજી જ ઘડીએ અમે અગાશીમાં પહોંચી ગયાં. પેલી બે તરુણીઓ પણ અમને અનુસરી.

પૂર્ણમ્ અમારી અગાશીની પેરેપેટ વોલ પર ચડી ગયો. વોલ માંડ ત્રણેક ફૂટ ઊંચી. એન્ટીના તો ખાસું પંદરેક ફૂટ ઊંચું. તે કબૂતર સુધી કેમનું પહોંચાય પૂર્ણમ્થી !

ઊંચું ટેબલ કે નિસરમી હોય તો કબૂતર સુધી પહોંચી શકાય.” પૂર્ણમે કહ્યું.

“મારે ઘેર નિસરણી છે. લઈ આવું ?” એક તરુણીએ કહ્યું.

“હા. લઈ આવ.” મેં કહ્યું.

થોડી વારમાં તો નિસરણી હાજર થઈ ગઈ. એ બાબા નિસરણી ભેગા એના ભાઈનેય લેતી આવ.

અમારી સોસાયટીમાં બધાં મકાનો જોડીયાં. એન્ટીના બે બ્લોક વચ્ચેનાં દીવાલ પર ફીટ કરવામાં આવેલું.

તરુણીનો ભાઈ ચૈતન્ય કબૂતરની અવદશા જોઈને. એને મુક્ત કરવાના અભિયાનમાં સક્રિય રીતે જોડાઈ ગયો. એણે નિસરણીને એન્ટીનાની પાઈપને ટેકે ઊભી કરી દીધી. નિસરણી પર ચડીને કબૂતરને દોરીનાં ફંદામાંથી મુક્ત કરવાનું કામ પૂર્ણમે એને શિરે લઈ લીધું એ નિસરણીનાં પગથિયાં ચડવા માંડ્યો. એને નજીક આવતો ભાળીને

કબૂતરનો ફડફડાટ ઓર વધી ગયો.

પૂર્ણમ્ નિસરણીનાં પગથિયાં જેમ ચડતો ગયો તેમ એન્ટીનાની પાઈપ પર દબાણ વધતું ગયું, એટલે મેં અને ચૈતન્યે બાજુની અગાશીમાં જઈને પાઈપને ટેકો આપવા માંડ્યો. અગાશીની ટાઈલ્સ પર નિસરણની સરકી ન જાય એટલે બંને બાળાઓ એને મજબૂત રીતે પકડીને ઊભી રહી ગઈ.

અને આમ પૂર્ણમ્ કબૂતર સુધી પહોંચી શક્યો. એણે કબૂતરને પગે વીંટાઈ ગએલ પતંગની દોરી તોડવા પ્રયાસ કર્યો. પણ માંજો પાયેલ દોરી એમ શેની તૂટે !

"દોરી તૂટે એવી નથી. છરી કે બ્લેડ વડે કપાય એવી છે." પૂર્ણમે કહ્યું.

"ઊભો રે, હું લઈ આવું." કહી હું અગાશીમાંથી ઊતરીને નીચે આવ્યો અને દમયંતીને ઝટ બ્લેડ અથવા છરી આપવા કહ્યું. છરી કરતાં બ્લેડ વધારે સારી. એમ વિચારી હું મારા રૂમમાં જઈને નવીનક્કોર બ્લેડ લઈ આવ્યો અને અગાશીમાં આવીને પૂર્ણમ્‌ને આપી.

પૂર્ણમે ધારદાર બ્લેડથી, કબૂતરને બંધી બનાવી રહેલ દોરી કાપી નાખી. એ સાથે જ કલાકોથી નતમસ્તકે લટકી રહેલ કબૂતર પાંખો ફફડાવતું નીલા આકાશમાં ઓગળી ગયું.

એને મુક્ત થએલું ભાળીને, અમે જાણે મુક્ત કરવાનું અભિયાન સંપૂર્ણપણે પૂર્ણ થયા પછી મેં પૂર્ણમ્‌ને પૂછ્યું.

"મારીએ." એય મારી જેમ ચાલવાનો શોખીન.

અને આમ સાંજની લટાર મારવા નીકળી પડ્યા.

"કેમ આજે આટલા મોડા ?" એક પરિચિતે મને પૂછ્યું.

મેં ટૂંકમાં મોડા પડવાનું કારણ એમને જણાવ્યું.

"આવાં તો કેટલાંય પક્ષીઓ ઉતરાણ દરમ્યાન મરતાં રહે છે. તમે એકાદ બચાવ્યું એથી શો ફેર પડવાનો ?" પરિચિતે કહ્યું.

"તમારી વાત સાચી, પણ જેને બચાવ્યું એને તો ફેર પડવાનો ને ?" મેં કહ્યું.

મારી વાતનો કશો પ્રતિભાવ આપ્યા વિના મારા એ પરિચિત એમના રસ્તે પડ્યા.

# ભૂયો ભૂયો નમામ્યહમ્

**ચંદ્રવદન સનતકુમાર વ્યાસ**

એમ.એ., બી.એડ્., નિવૃત્ત ઉપાચાર્ય વનિતા વિશ્રામ
(૧૯૫૬ થી ૧૯૬૨ ભૂતપૂર્વ વિદ્યાર્થી)

આવ્યો રૂડો અવસર મા સરસ્વતિ તણો,
ઊર્મિ અનોખી વહે;
જેની ગોદે ખૂંદી વલ્યા જીવન સાફલ્ય ઘણું અમ બન્યું;
આજે એનું સ્મરણ કરી લઉં કુચાંત સદા મંગલમ્ ॥
કોકિલકંઠ જશીબહેન તણો, અસારવા વિદ્યાલય કલકલ કરી મૂકી;
સદાવ સમ રઘુભાઈએ અમ હ્રદયે નવ ચૈતનભર્યું;
કુનેહબાજ આચાર્ય છોટુભાઈએ અધ્યયન પ્રેરિત કર્યાં;
વાત્સલ્ય વરસાવતા ઋષિ નર્મદાશંકર સ્તોતગાન ગુંજી રહ્યા,
ગોપલાની-વિઠ્ઠલભાઈતણા મૃદુહાસ્યને કદી ભુલાય નહીં;
નારણભાઈ-ઝરીફખાન પઠાણના અધ્યાપને અભિભૂત કર્યા,
મીઠાલાલ કોઠારી - પ્રભુદાસ સુથારના હેલારો હાલ્યો જહીં;
જયંતિભાઈ ગજ્જરના તીણા સ્વરે માગિરા ગુર્જરી વહી,
હરિશંકર મિશ્રા-આહુજાની બેલડીએ રાષ્ટ્રભાષા પ્રતિ પ્રેરિત કર્યા,
ભૃગુબાળા-કમળાબહેનનું વાત્સલ્ય સદા અક્ષુણ્ણ વહેતું રહ્યું,
હિંમતભાઈની હિંમત ને હેમુભાઈનું હેમ સરીખું વદન વિસરાય નહીં,
દિલીપભાઈ જયંતિભાઈ વાદને અમે જીવન જ્યોત જલતી રહી,
કાનજી-શિવાજીના ઘંટનાનાદ, શાણે સદા રણકતી રહી;
મા સરસ્વતી - અસારવા તુજને કોટિ કોટિ વંદન
ભૂયો ભૂયો નમામિ અહમ્.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# વિક્રમ સારાભાઈ
## (ઈ.સ. ૧૯૧૨-૧૯૭૧)

અરવિંદ ગુપ્તા • અનુઃ હેમંત સોલંકી



આ લેખ વિજ્ઞાન લેખત તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark' માં રજૂ થયેલ પ્રખ્યાત વૈજ્ઞાનિક અને ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા ડૉ. વિક્રમ અંબાલાલ સારાભાઈની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ ભારતે પ્રક્ષેપિત કરેલ ચંદ્રયાન-૨ અંતરિક્ષ યાન જે એક ઓર્બિટર, એક લેંડર અને એક રોવર ધરાવતા ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું, તેમાં લેંડરનું નામ વિક્રમ સારાભાઈના નામ ઉપરથી 'વિક્રમ' રાખવામાં આવ્યું, કારણ કે તેઓ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમોના સંસ્થાપક હતા.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત રહ્યા તેમ જ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો "બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવતું પુસ્તક પ્રગટ કરવું."

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ, અને તેમનાં યોગદાનોને રજૂ કર્યા છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડૉ. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

શ્રી અરવિંદ ગુપ્તાને ૨૦૧૮ના પ્રજાસત્તાક દિવસે નાગરિક સન્માન પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા. આ એવોર્ડ તેમને તેમના "Toy From Trash" પ્રોજેક્ટ માટે તેમ જ તેમણે વિજ્ઞાના શિક્ષણમાં કરેલ અભૂતપૂર્વ ફાળા માટે એનાયત થયો.

પ્રસ્તુત ભાવાનુવાદિત લેખના માધ્યમથી શ્રી અરવિંદ ગુપ્તા જેવા વિજ્ઞાન પ્રચારકે લખેલ આ પુસ્તકના લેખ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વાચકો સુધી પણ પહોંચે તે માટેનો નમ્ર પ્રયાસ છે.

કિશોરાવસ્થામાં વિક્રમ સારાભાઈને સાઈક્લિંગની કેટલીક કરામતો કરવી ખૂબ જ પસંદ હતી. સાઈકલને પૂરતો વેગ મળ્યા પછી, તેઓ પોતાના બંને હાથ છાતી ઉપર રાખતા અને બંને પગ હેન્ડર બાર ઉપર રાખી દેતા. જો આગળનો રસ્તો સીધો હોય તો તેઓ પોતાની આંખો બંધ કરીને સાઈકલને નાકની દાંડીએ સીધી જવા દેતા જ્યાં સુધી જઈ શકે. આ બધી કરામતો દરમિયાન ગભરાયેલા ઘરના નોકરો તેમની પાછળ ભાગતા રહેતા અને તેમને સાઈકલ થોભાવવાની વિનંતી કરતા. કિશોર વયમાં આવી સાહસિક પ્રવૃત્તિઓ કરનાર વ્યક્તિ આગળ જઈને બ્રહ્માંડીય કિરણો જેવી જટિલ વિષય ઉપર ૮૦ જેટલા વિદ્વત્તાપૂર્ણ સંશોધનપત્રો લખશે તે માનવું થોડું અઘરું લાગે.

આવા નોંધપાત્ર જીવનના બીજનાં વાવેતર ઘણું કરીને તેમના બાળપણના દિવસોમાં થયાં. તેમનો ઉછેર વિલક્ષણ

કહી શકાય તેવી કેળવણી દ્વારા થયો. વિક્રમ સારાભાઈ એક સમૃદ્ધ ઉદ્યોગપતિ કુટુંબમાં જન્મ્યા. અમદાવાદની પ્રસિદ્ધ કેલિકો કાપડ મિલ તેમના કુટુંબની માલિકીની હતી. ૧૯૨૦ના દસકામાં જહાજ વડે ભારત પરત ફરતાં તેમના પિતા અંબાલાલ અને માતા સરલાએ શિક્ષણ તેમ જ કેળવણી ઉપર મારિયા મોંટેસરીનું ક્રાંતિકારી પુસ્તક વાંચ્યું. તેમણે તરત જ પોતાનાં બાળકોને મોંટેસરી પદ્ધતિથી શિક્ષણ આપવાનું નક્કી કર્યું ! પોતાના કુટુંબની ૨૧ એકરની જમીનમાં તેમણે ખાનગી એવી પ્રાયોગિક મોંટેસરી પદ્ધતિની શાળા શરૂ કરી, જેમાં તેમનાં આઠ બાળકો શિક્ષણ પામ્યા. આ બાળકો તેમનાં માતાપિતાની દેખરેખ હેઠળ બ્રિટિશ અને ભારતીય શિક્ષકો દ્વારા ઘરમાં જ પ્રશિક્ષિત થયાં. જ્યારે વિક્રમ વસ્તુઓના સમારકામ તેમ જ યાંત્રિક વસ્તુઓમાં થોડો ઘણો રસ દેખાડવા લાગ્યા ત્યારે તેમના પિતાએ તેમને એક સંપૂર્ણ સુવિધાયુક્ત કાર્યશાળા (Workshop) ભેટમાં આપી જેમાં એક નિરીક્ષક (Supervisor) ખડે પગે હાજર રહેતો ! આવી બધી અભ્યાસેતર પ્રવૃત્તિઓ ઉપરાંત બાળકોને તેમના ઘરે મુલાકાત લેતી રવીન્દ્રનાથ ટાગોર, જવાહરલાલ નેહરુ અને રુક્મિણીદેવી અરુન્ડેલ જેવી નામાંકિત વિભૂતિઓનાં સાંનિધ્ય અને શિખામણો પણ પ્રાપ્ત થતાં.

સારાભાઈ પરિવાર પૈસાદાર હોવાની સાથે સાથે મહાત્મા ગાંધીની પણ ખૂબ જ નજીક હતો તેમ જ તેઓ પોતાની સામાજિક જવાબદારી નિભાવવા માટે પણ ખૂબ જ જાણીતા હતા. વિક્રમનાં ફોઈ અનુસૂયાએ અમદાવાદ શહેરમાં કાપડની મિલોના સૌપ્રથમ મજૂર સંઘ (Trade Union) ની સ્થાપના કરી. તેમની બહેન મૃદુલા મહાત્મા ગાંધીના વિચારોથી ખૂબ જ પ્રભાવિત હતી. તેઓ ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં આગળ પડતો ભાગ લઈ ઘણી વખત જેલમાં પણ ગયાં હતાં.

શાળાકીય શિક્ષણ પૂરું થયા પછી વિક્રમે અમદાવાદની ગુજરાત કૉલેજમાં થોડો વખત અભ્યાસ કર્યો. પણ સ્નાતક થવા પહેલાં જ તેમણે કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયની સેંટ જોન્સ કૉલેજમાં ભણવા માટે ભારત છોડી દીધું. ઈ.સ. ૧૯૩૯માં તેમણે પ્રાકૃતિક વિજ્ઞાનની શાખામાં કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયની પદવી પરીક્ષા (જે Tripos તરીકે ઓળખાય છે) ઉત્તીર્ણ કરી. તે જ ગાળામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું જેના લીધે તેમને ભારત પાછા ફરવાની ફરજ પડી. ભારત પાછા ફરી તેઓ ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગલોરમાં ડોક્ટર સી. વી. રામનના માર્ગદર્શન હેઠળ બ્રહ્માંડીય કિરણો (Cosmic Rays) ઉપર સંશોધન કરવા લાગ્યા. બ્રહ્માંડીય કિરણોનો અભ્યાસ કરતાં કરતાં વિક્રમનું ધ્યાન અંતરિક્ષ વિજ્ઞાન અને તેની પ્રૌદ્યોગિક પદ્ધતિઓ તરફ આકર્ષિત થયું. તેમનો આ રસ ત્યાં સુધી નિષ્ક્રિય પડ્યો રહ્યો જ્યાં સુધી તેમને ભારતીય અંતરિક્ષ કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા નિભાવવાની તક સાંપડી.

પોતાના બેંગ્લોરના વસવાટ દરમિયાન વિક્રમની મુલાકાત ભરતનાટ્યમનાં પ્રખ્યાત નૃત્યાંગના મૃણાલિની સ્વામિનાથન સાથે થઈ, તે પછી બંનેએ પ્રભુતામાં પગલાં માંડ્યાં. તેઓ બે બાળકોના માતાપિતા બન્યાં - દીકરો કાર્તિકેય અને દીકરી મલ્લિકા (જે ભરતનાટ્યમનાં નૃત્યાંગના હોવાની સાથે સાથે ફિલ્મ અભિનેત્રી પણ છે. તેમણે કેટલીક ગુજરાતી ફિલ્મોમાં નાયિકાનું પાત્ર પણ ભજવ્યું છે.).

ઈ.સ. ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં વિક્રમ સારાભાઈ કેમ્બ્રિજ પરત ફર્યા. અહીં તેમણે પ્રોફેસર ઈ.એસ. શારના માર્ગદર્શન હેઠળ પોતાની પીએચ.ડી. પૂરી કરી, જેનો વિષય હતો - Cosmic Ray Investigation in Tropical Latitudes. તેમણે તૈયાર કરેલા શોધ-પ્રબંધમાં આણ્વિક વિખંડન (Nuclear Fission) ઉપર થોડું કામ કરવામાં આવ્યું હતું તેનો ઉલ્લેખ હતો.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના આદર્શવાદી યુગમાં વિક્રમ સારાભાઈએ ઘણીબધી સંસ્થાઓની સ્થાપના કરી, જેવી કે ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (Physical Research Laboratory), દર્પણ નૃત્ય અકાદમી (જેમાં તેમનાં પત્ની મૃણાલિની સહસંસ્થાપક હતાં), અમદાવાદ ટેક્સટાઈલ

ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (જે કાપડ ઉપર શોધ કરનારી ભારતની સૌપ્રથમ સહકારી સંસ્થા હતી), ઓપરેશન રિસર્ચ ગ્રુપ (બજાર ઉપર શોધ કરનારી ભારતની સૌપ્રથમ સંસ્થા), તેમજ ભારતીય પ્રબંધન સંસ્થાન (The Indian Institute of Management) ની સ્થાપના પણ તેમણે જ કરી. આ જ સાથે National Institute of Design (NID) ની સ્થાપના કરવામાં પણ તેમણે મદદ કરી. આ વિવિધ પ્રવૃત્તિઓથી વિક્રમ સારાભાઈનો વિવિધ ક્ષેત્રોમાંનો રસ દેખાઈ આવે છે તેમ જ આ બધાંય કાર્યો કરવા માટેના તેમનાં સુસંગત અભિગમ, વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ, ઊંડું આર્થિક આયોજન અને રાષ્ટ્રવાદી હેતુના સ્પષ્ટ દર્શન થાય છે.

તેઓ ગોખણપટ્ટી કરાવનાર શિક્ષણ પ્રત્યે સખત અણગમો ધરાવતા અને તેથી તેમણે Group For Improvement of Science Education નામના સમૂહની શરૂઆત કરી. પછીથી આ જૂથ Nehru Foundation for Development ભાગ બની ગયું. તેમણે અમદાવાદમાં દેશના સૌપ્રથમ સામુદાયિક વિજ્ઞાન કેન્દ્ર (Community Science Center) ની સ્થાપના કરી, જેનું ઉદ્‌ઘાટન ઈ.સ. ૧૯૬૮માં સી.વી. રામનના પ્રખ્યાત વ્યાખ્યાન "આકાશ આસમાની રંગનું કેમ છે ?" થી થયું.

દરેક ક્ષેત્રમાં આટલું બધું ઉત્કૃષ્ટ યોગદાન આપવા માટે તેઓ કેવી રીતે સમય અને ઊર્જા મેળવતા હતા તે ખરેખર અદ્‌ભુત બાબત હતી. આવાં ઊર્જા અને અભિગમ ધરાવતો માણસ કેવી રીતે કોઈના ધ્યાન બહાર રહી શકે. ઈ.સ. ૧૯૬૨માં પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુએ વિક્રમ સારાભાઈને ભારતના અંતરિક્ષ સંશોધન કાર્યક્રમ માટે સંગઠન બનાવવા આમંત્રિત કર્યા. જ્યારે જગતની મહાશક્તિઓ (એટલે કે અમેરિકા અને રશિયા) અંતરિક્ષ પ્રૌદ્યોગિકીનો ઉપયોગ પોતાની સૈન્યશક્તિ અને બીજા દેશો ઉપરનો કાબૂ વધારવા માટે કરવા માગતી હતી ત્યારે સારાભાઈની દૂરદર્શિતા ખૂબ જ અલગ હતી. તેમણે ભારત માટે એક અનન્ય અંતરિક્ષ કાર્યક્રમનું સપનું જોયું જ્યાં ઉપગ્રહોનો ઉપયોગ સામૂહિક શિક્ષણ, સંદેશ વ્યવહારનાં સાધનોનો વિકાસ, હવામાનની સચોટ આગાહી તેમ જ ખનિજોની શોધખોળ માટે કરવામાં આવ્યો.

તેમણે પ્રૌદ્યોગિક વિજ્ઞાનનો ઉપયોગ દેશના કરોડો લોકોની જરૂરિયાતો સંતોષવા માટે કર્યો અને તે જ સાથે એક વ્યવહારદક્ષ વૈજ્ઞાનિક પ્રણાલીની પણ સંભાળ લીધી. તેમને ભારતના લોકોની ક્ષમતા ઉપર વિશ્વાસ હતો કે ભારતના લોકો પ્રૌદ્યોગિક વિજ્ઞાનની મદદથી 'હનુમાન કૂદકો' લગાવી પોતાનું જીવનધોરણ ઊંચું લાવશે. તેમને પ્રૌદ્યોગિક વિજ્ઞાનની ક્ષમતા ઉપર ખૂબ જ શ્રદ્ધા હતી કે જેના દ્વારા વિકાસશીલ દેશોને પશ્ચિમના દેશોની જેમ વિકાસ માટે લાંબી અને દુષ્કર પ્રક્રિયાઓના અવરોધો નહીં નડે.

સારાભાઈએ શાળાએ ન જઈ શકતાં લાખો ભારતીય બાળકો માટે Satellite Instructional Television Experiment નામે સામૂહિક શિક્ષણ કાર્યક્રમનો પાયો નાખ્યો. તેમણે કેરળમાં ચુંબકીય વિષુવવૃત્તની ઘણી નજીક આવેલ થુમ્બા ખાતે રોકેટ પ્રક્ષેપણ મથકની સ્થાપના કરી. જે પછીથી વિસ્તાર પામી સંપૂર્ણ સુવિધાયુક્ત Space Science & Technology Center માં રૂપાંતર પામ્યું (આજે આ કેન્દ્ર Vikram Sarabhai Spac Research Center નામે ઓળખાય છે.) તેમણે આંધ્ર પ્રદેશના શ્રી હરિકોટામાં હજુ એક રોકેટ પ્રક્ષેપણ મથકની સ્થાપના કરી અને અમદાવાદમાં Satellite Communication Centerની સ્થાપના કરી. હોમી ભાભાના વિમાન દુર્ઘટનામાં થયેલ આકસ્મિક મૃત્યુ પછી સારાભાઈ પરમાણુ ઊર્જા આયોગ (Atomic Energy Commission ના અધ્યક્ષ બન્યા. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત હોવાને લીધે આણ્વિક હથિયારો જેવા સંવેદનશીલ મુદ્દે સારાભાઈનો અભિગમ અત્યત સૂક્ષ્મ તેમજ વિચારપૂર્વકના વપરાશનો રહેતો. દેખીતી રીતે જ સારાભાઈનો આ અભિગમ ભારતમાં આણ્વિક સત્તા સ્થાપના કરવા માગતા ઉચ્ચ હોદ્દેદારને પસંદ ન પડ્યો અને તેમને આ મુદ્દે ટીકાઓનો સામનો કરવો પડ્યો. સારાભાઈએ પુગવોશ પરિષદો (Pugwash

Conferences) માં ભાગ લીધો અને આણ્વિક સત્તાના દુરુપયોગ તેમજ વિશ્વમાં આણ્વિક ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગ વિષે ચર્ચાઓ કરી.

આજે ભારતે ઓછા ખર્ચે સ્વદેશી બનાવટના ઉપગ્રહો (Satellites) બનાવી દેખાડ્યા છે તેમ જ પોતાનું ચંદ્રની તપાસ કરનાર ઉપગ્રહ 'ચંદ્રયાન'નું પ્રક્ષેપણ કરી દેખાડ્યું છે, તેનો બધો જ શ્રેય વિક્રમ સારાભાઈએ આ ક્ષેત્રમાં જે પાયાનું કામ કર્યું તેને જાય છે. તેમણે આ કામ માટે જુસ્સેદાર ટુકડી પસંદ કરી અને ખૂબ જ કાળજીપૂર્વક આ ટુકડીના સભ્યોની માવજત કરી તેમને તૈયાર કર્યા. આ ટુકડીમાં અગ્રણી વૈજ્ઞાનિક જેવા કે એ.પી.જે. અબ્દુલ કલામ, ઈ.વી. ચિટણીસ, વસંત ગોવારિકર, પ્રમોદ કાળે, યુ.આર.રાવ, કસ્તુરી રંગન તેમ જ બીજા સંશોધકોનો પણ સમાવેશ થતો હતો.

પોતે ઓછું જીવ્યા છતાં વિક્રમ સારાભાઈ દેશ સદા માટે આભારી રહે તેવાં કાર્યો કરી શક્યા. પોતાનાં આ કાર્યોને લીધે તેમને ઈ.સ.૧૯૬૨માં ભૌતિકશાસ્ત્ર માટે શાંતિ સ્વરૂપ ભટનાગર મેમોરિયલ પારિતોષિક અને ઈ.સ. ૧૯૬૬માં પદ્મભૂષણ એનાયત થયાં. તેમ જ મરણોપરાંત ઈ.સ. ૧૯૭૨માં તેઓ પદ્મવિભૂષણથી સન્માનિત થયા.

વિક્રમ સારાભાઈ પોતાના કામની પાછળ એક ધૂની જેવી લગન દેખાડતા. એક વાર તો તેમણે એ.પી.જે. અબ્દુલ કલામને રાત્રે ૩.૩૦ વાગે મળવા માટે સમય આપ્યો ! તેઓ પોતાનું ધ્યેય સૌથી ઓછા સમયમાં મેળવી લેવા માટે હંમેશાં કૃતનિશ્ચય રહેતા. તેમની આવી વ્યસ્ત અને સખત જીવનશૈલીને લીધે તેમને તબિયતે અચાનક ઊથલો માર્યો અને ૩૦ ડિસેમ્બર ઈ.સ. ૧૯૭૧માં તેમનું હૃદયરોગના હુમલાને લીધે અવસાન થયું.

એક પ્રસિદ્ધ અને ધનવાન કુટુંબમાં જન્મ લેનાર વિક્રમ સારાભાઈ જો ઈચ્છત તો વૈભવી અને આરામપ્રદ જીવન જીવી શક્યા હોત, પણ તેમણે પોતાના દેશની સેવા કરતાં કરતાં અકાળે જ આ દુનિયામાંથી વિદાય લીધી.

અંતરિક્ષ મહાસત્તા તરીકે ભારતને આગલી હરોળમાં સ્થાન અપાવવા માટે દેશ હંમેશાં તેમનો ઋણી રહેશે. ઈ.સ. ૧૯૭૪માં ચંદ્ર ઉપર મળી આવેલા એક પોલાણ - ખાડા (Crater) ને વિક્રમ સારાભાઈનું નામ આપવામાં આવ્યું. આ નામકરણ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં સ્થિત International Astronomical Union એ કર્યું. યુનિયને ચંદ્ર ઉપર 'Sea of Serenity (શાંતિ સાગર)' તરીકે ઓળખાતા ક્ષેત્રમાં સ્થિત એક પોલાણ (Crater) જે 'બેસલ' નામે ઓળખાતું તેને બદલીને "Sarabhai Crater" કર્યું.

## ઠંડી...

**કિરીટ ગોસ્વામી**

એફ-૨૦/૬૬૬, પહેલા માળે, રણજીત નગર,
જામનગર-૩૬૧૦૦૫.

શિયાળાની ઠંડી...
આ શિયાળાની ઠંડી !
સૂરજદાદા, આપોને તડકાની ઊની બંડી !

એક તો આવી ઠંડી;
પાછું સ્કૂલ જવાનું વ્હેલું..
મમ્મી, કંજૂસ : ગરમ પાણીનું
આપે અરધું તપેલું..

ન્હાવા બેસું ત્યાં ફરકાવે ઠંડી એની ઝંડી !
આ શિયાળાની ઠંડી...

ખિસ્સામાંથી બ્હાર નીકળવા
હાથ પાડતા 'ના' !
એવામાં ટીચર કહેતા -
'ચલ.. કોઈ કવિતા, ગા !'

સ્વેટર, મફલર, ટોપી સાથે
વધી ગઈ ભાઈબંધી !
એવી શિયાળાની ઠંડી...


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષકની ચેતના

ડૉ. અરુણ જે. કક્કડ
બી-૪૦૩, મોતીપેલેસ પ્લસ, વંથલી રોડ, ટીંબાવાડી, મુ. જૂનાગઢ.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## શિક્ષણનો સરળ અને સહજ માર્ગ

ભાર વગરના ભણતરનાં ઉપાસક સ્વ. ગિજુભાઈ બધેકાને અર્પણ થયેલા 'આપણે બાળકોને શા માટે ભણાવીએ છીએ ?' પુસ્તકમાં ડૉ. રઈશ મનીઆરે એક વિદ્યાર્થી તરીકે અને એક તબીબ તરીકે બાળકોનાં શિક્ષણ અંગે જે કંઈ જ્ઞાન; નિરીક્ષણ દ્વારા, મંથન દ્વારા કે અભ્યાસ દ્વારા મેળવ્યું છે, એને તમામ વાલીઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. લેખક ભણતા હતા ત્યારે શિક્ષક બનવાની ઈચ્છા સેવી હતી પરંતુ જીવનનું વહેણ તેઓને તબીબ બનવા તરફ લઈ ગયું. નસીબસંજોગે તેઓ બાળરોગ નિષ્ણાત બન્યા. બીમાર બાળકો સાથે કામ પાર પાડતા બાળમાનસમાં રસ પડ્યો. બાળકોને શીખવવા ન મલ્યું, પણ બાળકો પાસેથી ખૂબ શીખ્યા. બાળકની દૃષ્ટિએ અભ્યાસની પ્રવૃત્તિને નીરખવાની તક મળી. અને એ રીતે આ પુસ્તક લખાયું. આ પુસ્તક વાલીઓ તથા શિક્ષકોને ઉપયોગી થાય તેવું છે.

ડૉ. રઈશ મનીઆરના 'બાળઉછેરની બારાખડી' તથા 'તમે અને તમારું નીરોગી બાળક' પુસ્તકો તેમનાં બાળરોગ નિષ્ણાત તરીકેના વ્યવસાયનાં સફળતારૂપ હતાં. આ ત્રીજું પુસ્તક તેમનામાં રહેલા શિક્ષકજીવની દેન છે. એજ્યુકેશનલ સાઈકૉલોજી' વિષયક કેટલાક લેખો 'સંદેશ' દૈનિકની પૂર્તિમાં પ્રગટ કર્યા. તેમાં વ્યાપક સુધારાવધારા કરીને આ પુસ્તક પ્રગટ કર્યું છે. આ પુસ્તકના લેખો ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે : (૧) વિષય, (૨) વિચાચર, (૩) વિજ્ઞાન અને (૪) વિશેષ.

પ્રથમ વિભાગ 'વિષય'માં સમગ્ર વિષયનું વિહંગાવલોકન કર્યું છે. આરંભે બાળકો પાસેથી આપણી અપેક્ષાઓનું ગીત મૂકવામાં આવ્યું છે. 'તારે હો ઊંઘવું ત્યારે જગાડું હું / જાગવું ત્યારે સૂવડાવું / પરીઓના દેશમાંથી ઊડતો ઝાલીને તને / રીક્ષામાં ખીચોખીચ ઠાંસું / જેવો દફતરનો ભાર એવો ભણતરનો ભાર / જાણે ઊંચકે મજૂર કોઈ બોરી !' (પ્ર. ૨) કેટલાક બાળકોના ઉદાહરણો દ્વારા સમસ્યા પર ઊડતી નજર નાંખવામાં આવી છે, અને પછી શિક્ષણની સરળ અને સહજ બને તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. બાળકને વધુ સુખી બનાવવાની લ્હાયમાં પોતે ભોગવવા પડ્યાં એવાં દુઃખ બાળકને ન ભોગવવાં પડે એવી શુભ ભાવનાથી પ્રેરાઈ મા-બાપ શિક્ષણ અંગેનો જે અભિગમ અપનાવે છે, એનાથી કેટલીકવાર બાળક અને મા-બાપ બંને દુઃખી-દુઃખી થઈ જાય છે. આવું ન બને એ માટે લેખ 'આપણે બાળકને શા માટે ભણાવીએ છીએ ?' એ મૂળભૂત પ્રશ્નની ચર્ચા કરે છે.

બીજા વિભાગ 'વિચાર'માં મુખ્યત્વે બાળકોના શિક્ષણ વિશેના સાચા અભિગમની ચર્ચા કરી છે. શિક્ષણ, માતા-પિતા, શિક્ષક, બાળકની ક્ષમતા વગેરેને ચર્ચી સાચો અભિગમ દર્શાવી આપેલ છે. શિક્ષણનો શાબ્દિક અર્થ શીખવવું એવો છે. પશુ-પંખીઓ પોતાના બચ્ચાંને શિકાર કરતાં, ઊડતા શીખવે છે. માનવીએ શિક્ષણનો વ્યાપક અર્થ કર્યો છે. સંસ્કૃતિને જાણી શકે, તેના ભાગ તરીકે જીવી શકે, તેને વિકસાવી શકે એવી તૈયારી બાળકને કરાવવી તે શિક્ષણ. આ શિક્ષણ બાળક શાળામાં દાખલ થાય એ પહેલાં જ શરૂ થઈ જાય છે અને શાળા છોડ્યા પછી પણ જીવનભર ચાલે છે. નિરીક્ષણ, શ્રવણ દ્વારા તે શીખે છે. શિક્ષણની વિભાવનામાં લિપિ અને ભાષાના વિકાસ સાથે તેમજ જ્ઞાનવિજ્ઞાનનાં વિકાસ સાથે પરિવર્તન આવ્યું. મૂળ વસ્તુ સાથે વિષયનો સંપર્ક તૂટતો ગયો. અભ્યાસસામગ્રી શુષ્ક બનતી ગઈ. બાળક જોવા-સાંભળવાની શક્તિ લઈને જન્મે છે. ધીમે-ધીમે હાથ-પગ-જીભ કાર્યક્ષણ થાય છે. બાળકની અંદર વિસ્મયનો ભંડાર ભર્યો છે. પોતાના

જન્મજાત નિરીક્ષણ અને કુતૂહલનાં બળે બાળક એના જીવનની યાત્રા શરૂ કરે છે અને અત્યંત ઝડપથી એક સંપૂર્ણ માનવી બનવા માટેનું શિક્ષણ મેળવતું જાય છે. આ ઝડપી યાત્રા દરમિયાન કોઈ શિક્ષકની જરૂર પડતી નથી.

લેખકના મતે : 'સારાં મા-બાપ બનવા માટે પ્રેમ, લાગણી અને બાળસહજ સરળ સ્વભાવની જેટલી આવશ્યકતા છે, એટલી મા-બાપના ભણતરની નથી.' (પૃ. ૧૨). 'બાળકના ભણતરની ટ્રેનમાં મમ્મી કે પપ્પા એન્જિનનું સ્થાન લે એટલે બાળક ડબ્બો બની પાછળ ઘસડાય. શિક્ષણની કારમાં ડ્રાઈવિંગ સીટ પર મમ્મી બેસી જાય તો બાળક બાજુમાં બેસી ઝોકાં ખાય.' (પૃ. ૧૦). 'માતા-પિતાનો વધુ પડતો ઉત્સાહ, બાળકનો ભણતર માટેનો ઉત્સાહ ઘટાડે છે. બાળક બિનજવાબદાર બને છે. બાળક પરાવલંબી બને છે. આત્મવિશ્વાસ ખોઈ બેસે છે.' (પૃ.૧૦)

શાળામાંથી બાળકે માત્ર બે જ વસ્તુ ઔપચારિક રીતે શીખવાની હોય છે - અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન. બાળકોને થોડાંઘણાં પ્રયાસપૂર્વક અને વિધિસર શીખવવી પડે એવી આ બે જ વસ્તુઓ છે. તે પછીનું શિક્ષણ અનૌપચારિક બની જવું જોઈએ. અર્થાત્ એમાં આપણો શીખવવાનો પ્રયાસ નહીં, પરંતુ બાળકની શીખવાની વૃત્તિ, અભિરુચિ અને ઉત્કંઠા કેન્દ્રસ્થાને રહેવાં જોઈએ. શિક્ષક વિદ્યાર્થી પર ધ્યાન આપે તો વિદ્યાર્થી વધુ ભણે એવું નથી; વિદ્યાર્થી શિક્ષક પર ધ્યાન પર ધ્યાન આપે તો વિદ્યાર્થી વધુ ભણે એવું નથી; વિદ્યાર્થી શિક્ષક પર ધ્યાન આપે તો વધુ ભણી શકે. શીખવનાર શિક્ષક કે મા-બાપ વિદ્યાર્થી માટે જ્ઞાન મેળવવાનું માત્ર એક માધ્યમ છે, સાધન છે, માર્ગ છે. એનું કામ છે બાળકની જાતે જ્ઞાન મેળવવાની પ્રક્રિયામાં મદદરૂપ થવાનું. આજે શિક્ષણ દ્વારા આપણે એવા વ્યાવસાયિકો ઉત્પન્ન કરી રહ્યાં છીએ. જેમની નિષ્ઠા પોતાના વ્યવસાય કે પોતાની શાખા પ્રત્યે નહીં, પરંતુ માત્ર પૈસા પરત્વે હોય.

અભ્યાસમાં પણ મજા આવી શકે એવો અનુભવ બાળકને પ્રથમવાર મા-બાપ કે શિક્ષક જ કરાવી શકે. બાળકને એવો અનુભવ કરાવવામાં મોટાભાગનાં મા-બાપ અને શિક્ષકો કરુણ રીતે નિષ્ફળ જાય છે, છતાં બાળકની નિષ્ફળતાનો ટોપલો કોઈ પોતાને માથે લેતું નથી ! આપણાં બાળકો માટે આપણે ક્યારેક જ મા-બાપ બનવાનું હોય છે, ક્યારેક બાળક સાથે આપણે પણ બાળક બની જવાનું હોય છે તો ક્યારેક બાળકને આપણે મા-બાપ બનાવી એમની પાસે જીવતાં શીખવવાનું હોય છે.

શિક્ષણનાં સાત કોઠા ભેદીને બાળકરૂપી અભિમન્યું જ્યારે બાવીસ-ત્રેવીસ વર્ષની ઉંમરે લોહીલુહાણ, લોથપોથ થઈ બહાર આવે છે ત્યારે એની ડિગ્રીનાં ફરફરિયાં, પ્રમાણપત્રોના થોકડાં, પરિણામપત્રકોની થપ્પી, રેડ-ગ્રીન, બ્લ્યુ સ્ટાર, ચન્દ્રકો બધાં એકાએક વામણા બની જાય છે, નકામાં બની જાય છે. જીવનના સાચેસાચા પ્રશ્નોનો સામનો કરવામાં આ કશું જ કામ લાગતું નથી. જીવનની ખરેખરી સમસ્યાઓ આત્મબળ, આત્મવિશ્વાસ અને આત્મજ્ઞાનથી ઉકેલાય છે, પરીક્ષાની ટકાવારીથી નહીં, માનવજાતે અભ્યાસને સરળ બનાવવા જ્ઞાન અને માહિતીના આદાન-પ્રદાન માટે લિપિની વ્યવસ્થા બનાવી, ભાષા પહેલાં બની અને લિપિ પછી બની. બોલાતી ભાષાને લખાતી બનાવવા માટે જે પ્રતીકો આપણે બનાવ્યા એને આપણે કક્કો અને બારાખડી તરીકે ઓળખીએ છીએ.

'વિજ્ઞાન' વિષયક ત્રીજા વિભાગમાં બાળકોને લગતી કેટલીક સમસ્યાઓ અંગે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. કોઈ પણ વ્યક્તિ જો આક્રમક અને જિદ્દી હોય તો સમજવું કે એ પ્રસન્નતા અને પ્રેમના અભાવથી પીડાય છે. ચિંતાતુર સ્વભાવ સામાન્યતઃ માતા અથવા પિતા પાસેથી વારસામાં મળે છે. જો માતા અથવા પિતા પોતાના જીવનવ્યવહારો ગભરાટપૂર્વક અને ડરતાં ડરતાં કરે, નાની મોટી વાતોની અતિશય ચિંતા કરે તો બાળકો એમને જોઈને એ રીતે વર્તતાં શીખે છે. ચોરી કરવી, જૂઠું બોલવું અને શાળા-ટ્યુશનથી ભાગી જવું - આ ત્રણે લક્ષણ સામાન્ય રીતે એક સાથે જોવા મળે છે. આવા બાળકો મનમાં

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ગુણપૂજાનો મહોત્સવ

નટુભાઈ ઠક્કર

'સ્પર્શ' સંવેદનાના સથવારે સેવાની સફર

સંસ્થાઓ રચાતી હોય છે.

સંસ્થાઓ રઝળતી હોય છે.

સંસ્થાઓ બને છે. સંસ્થાઓ બગડે છે.

એક....એક ડગલું કરીને નિર્માણ થયેલી સંસ્થાઓ વિકસતી વિકસતી એની ટોચ પર ચડીને નામ કાઢતી હોય છે. એનાં તેજ પ્રસરે છે એના અનુભવી અને નિષ્ઠાવાન સંચાલકો દ્વારા.

સ્થાપકો સંસ્થા સ્થાપે છે. અનેક અરમાનો સાથે એ સંસ્થાઓ સ્થાપતા હોય છે. પછી એ સંસ્થામાં કાર્યકરો આવે છે, વહીવટદારો આવે છે, દાતાઓ આવે છે, સેવકો આવે છે ને એ સહુના સહિયારા પુરુષાર્થથી સંસ્થાનાં તેજ ખીલતાં હોય છે.

ખીલે છે સંસ્થાઓનાં તેજ. યશસ્વી ગાથાઓ રચાય છે એની.

નામ બહાર આવે છે, ખ્યાતિ-પ્રખ્યાતિ પામે છે સંસ્થાઓ. પછી એની નામના ચારે કોર ફેલાય છે. મહેકી ઊઠે છે સંસ્થાઓ. પાયામાં દટાયા હોય છે એના સ્થાપકો, કાર્યકરો ને એના ટોડલા શોભી ઊઠે છે.

શોભી ઊઠે છે ટોડલા.

દટાયા છે પાયામાં.

પુરાતા પાયાના ચણતરમહીં પથ્થર થવું.... એમ અનેક ત્યાગી માનવીઓના પુરુષાર્થ અને આયાસથી ચારે તરફ નામના બંધાય છે સંસ્થાઓની.

વર્ષોનાં વર્ષો આ સંસ્થાઓ ચાલે છે. એમાં બેઠેલી વ્યક્તિઓ પણ પછી સંસ્થાઓના નામે ઓળખાય છે. તો કેટલીક સંસ્થાઓ એના પાયામાં પુરાયેલી વ્યક્તિઓના નામે ઓળખાય છે.

એવી જામેલી એક સંસ્થા. ખૂણે-ખૂણે એનું નામ.

એના સ્થાપકે સંસ્થાને સમેટી લેવાની જાહેરાત કરી. એ જાહેરાત ઘરના ખૂણે કે એ સંસ્થાની દીવાલો વચ્ચે નહીં. પણ પંથકના અખબારોમાં એક સમાચારરૂપે એ સંસ્થાની નોટિસ પ્રગટ કરવામાં આવી. જેમાં એવી સ્પષ્ટ જાહેરાત હતી કે - "જો નિષ્ઠાવાન વ્યવસ્થાપક ન જ મળતા હોય તો બહેતર છે કે આપણી શિક્ષણસંસ્થા બંધ કરી દેવી જોઈએ. વરસોના અનુભવ પછી મને એમ લાગે છે કે મારા જેવો સંસ્થાપક મળવો સહેલ છે પણ એવો વ્યવસ્થાપક મળવો મુશ્કેલ છે, જે જે વ્યવસ્થાપકો અહીં આવ્યા છે એ બધાએ સંસ્થાના હિત કરતાં સ્વ-હિત વધારે જોયું છે, પરિણામે જે ઉમદા ભાવના સાથે વીસ લાખ રૂપિયાનું મેં જે ટ્રસ્ટ બનાવ્યું એ હેતુ બર આવતો નથી એટલે હવે સંસ્થાને સમેટી લેવાના નિર્ણય પર આવવાની મને ફરજ પડી છે."

વર્તમાનપત્રોમાંની જાહેરાત.

ખૂણેખાંચરે જાહેરાત નહીં..... ઊડીને આંખે વળગે એવી રીતે જાહેરાત. વીસ લાખ રૂપિયાનું ટ્રસ્ટ, આજના જમાનાની રકમ નહીં એ જમાનાની રકમ જે આજે કરોડો રૂપિયાની ગણાય. કરોડોના ખર્ચે ઊભી કરાયેલી સંસ્થા.... એને સમેટી લેવાની એના સ્થાપકની જાહેરાત...વ્યવસ્થાપક મળતો નથી એવા દુઃખ સાથે.

જાહેરાત થઈ ગઈ. ઘણાને એમ લાગવા માંડ્યું કેકોઈકે પણ બીડું ઝડપી લઈને આવી ઊજમાળી સંસ્થાને જીવતી રાખવાની જવાબદારી ઉપાડી લેવી જોઈએ. માનવીમાં પડેલાં ઊજમાળા અંશો ક્યારેક કકળીને બોલી ઊઠતા હોય છે - 'અરે, શું આ આપમા માટે કલંક ના કહેવાય ?' ને ચારે તરફ વખણાતી સંસ્થા મોટો ગોકીરો મચાવતી હોય છે અનેક રીતે.

સહુ સરખા હોતા નથી.

કેટલાકના હૈયામાં રામ વસતો હોય છે.

કેટલાક હૈયામાં રહેતો રામ જાગતો હોય છે.

બહુરત્ના વસુંધરા છે.

એક માનવીના હૈયાનો રામ જાગી ઊઠ્યો. આદર્શ

સંસ્થાઓનો વહીવટ ચલાવવાનો એમનો અનુભવ હતો. જે સંસ્થા વિશે જાહેરાત હતી એ સંસ્થા શિક્ષણસંસ્થાઓમાં શિરમહોર છોગાસમાન હતી... એનાથી એ પૂરેપૂરા પરિચિત પણ હતા. એક કરતાં વધારે વાર એમણે એક શિક્ષણશાસ્ત્રી તરીકે એ સંસ્થાની મુલાકાત પણ લીધી હતી. એમના કાળજામાં એક તીણો નહોર વાગ્યો. અંદરવાળો રામ જાગી ઊઠ્યો.....ને એ શિક્ષણશાસ્ત્રીએ સંસ્થાના સ્થાપકને કાગળ લખી નાખ્યો - "વ્યવસ્થાપકના અભાવે આવી સારી સંસ્થા બંધ થાય તો મારે મારી સેવા આપીને એ સંસ્થાને જીવતી રાખવી જોઈએ. મારા એકના શ્રમથી જો સંસ્થા, વિદ્યાર્થીઓ અને ભારતીય પ્રણાલી જો જીવતી રહેતી હોય તો હું મારો બમણો શ્રમ કરવા તૈયાર છું."

સંચાલકનો પત્ર.

સ્થાપકને ચોખ્ખી વાત. મારી સેવા જો આવશ્યક અને ઉપયોગી હોય તો હું એ સેવા વિના વેતને આપવા તૈયાર છું.

વિના વેતને સેવા. સારી સંસ્થાને જિવાડી લેવી છે.

સંસ્થાને જીવતી રાખવી છે.

સંસ્થાઓ જીવશે તો વ્યક્તિઓ પણ જીવશે.

હું એ ભાર વહન કરવા તૈયાર છું – એ વાતની ઓફર.... ને એ ઓફર કરનાર વ્યક્તિ પણ જેવી તેવી નહોતી. આખા મલકમાં એમના સંચાલનની સેવા સુગંધ પ્રસરાયેલી હતી. એ જાણીતા શિક્ષણશાસ્ત્રી હતા. યશસ્વી સંચાલક હતા. એમની સંસ્થા સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સંસ્થા હતી. વર્ષોથી સૌરભવંતી એ સૌરાષ્ટ્રની સંસ્થાના સફળ સંચાલક રહ્યા હતા. એમના હૃદયમાં જાહેર સંસ્થાઓ માટે એવી તો ઊંડી સૂઝ અને ધગશ હતી કે જેની કોઈ વાત નહીં... અને જે સંસ્થામાં એ બેઠા હોય એનો પ્રામાણિકતાથી એ વહીવટ ચલાવતા અને એક પણ રૂપિયો પગાર લેતા નહોતા.

શિક્ષણશાસ્ત્રીનો કાગળ.

એ કાગળ શેઠને મળ્યો.

શેઠ એમની કામગીરીથી સુપરિચિત હતા.. તરત જ એમણે માનાર્હ સંચાલક તરીકેની નિમણૂક આપતો પત્ર લખી નાંખ્યો... .પછી તો એ શિક્ષણશાસ્ત્રીએ પોતાની શિક્ષણ સંસ્થાની જવાબદારીની સાથે-સાથે બીજી સંસ્થાનો ભાર પણ ઊપાડી લીધો.

મરવા પડેલી સંસ્થા. મરવાને વાંકે જીવતી સંસ્થા.

એના વહીવટનો હાથબદલો થયો.

નિષ્ઠા.... નિઃસ્વાર્થ ભાવના અને અજબ પ્રેમ.

ઊંડાણમાં ગરક થઈ જનારો માનવી.

શ્રમ, શક્તિ ને બુદ્ધિપ્રતિભાનો સંયોગ.

પોતાની આગવી સૂઝ-સમજદારી અને આવડતથી જોતજોતામાં એ સંસ્થાના નામનો ડંકો વગાડી દીધો મલક આખામાં. સંસ્થાનું નામ ફરીથી ગાજતું થયું.... ને એમ કરતાં કરતાં પંદર વરસ સુધી વ્યવસ્થાપક તરીકે એમણે એ સંસ્થી જવાબદારી નિભાવી. તબિયતે યારી ન આપી એટલે નવી જવાબદારી કોઈ સુયોગ્ય હાથોમાં સુપરત કરી પોતાની મૂળ સંસ્થામાં પાછા વળવાનું વિચાર્યું.

શેઠને એ વાતનો પૂરેપૂરો સંતોષ થયો હતો કે સંસ્થાને હવે ઊની આંચ આવે એમ નથી.... પરંતુ એ પ્રસંગે શેઠને એવો પ્રશ્ન મૂંઝવતો થયો કે વિના વેતને આવડી મોટી ખાબકી પડેલી ગાડીને પાટે ચડાવનારને વાસ્તે મારે શું કરવું જોઈએ ?

બહુ વિચારને અંતે વાર્ષિક રૂપિયા ત્રણ હજારની ગણતરી પ્રમાણે પંદર વર્ષની સેવા ગણીને રૂપિયા પિસ્તાલીસ હજાર પરાણે વળગાડ્યા. શેઠની મૂંઝવણ ઘટી પણ પેલા શિક્ષણશાસ્ત્રીની મૂંઝવણ વધી ગઈ.... 'આ તે અણધારી ઉપાધિ મારા ગળે બંદાણી !' આ રકમનું મારે શું કરવું ? હું તો સંસ્થાસમર્પિત માણસ છું. સેવાને નિમિત્તે બજાવેલી કામગીરીમાંથી નાનકડું પણ વેતન લેવું એ મારા જેવાને પાલવે શી રીતે ? મેં તો માત્ર એકમાત્ર શુભાસયથી જવાબદારી સ્વીકારેલી કે એક સારી સંસ્થા જીવતી રહે અને ઊભી રહે.... મારું એ કામ મેં પાર પાડ્યું છે. આ રકમને હું શું કરું ? મારાથી તો એ રકમને હાથ પણ ન અડકાડાય.

મંથન ચાલ્યું વમળમાં. વિચારોના વમળમાં તેતર-વેતર થયા.

મૂંઝવણમાંથી માર્ગ કાઢવાનો હતો. શેઠની લાગણીને પણ દુભાવવી નહોતી કારણ કે શેઠ સંસ્થાઓના સ્થાપક હતા અને સ્થાપકની લાગણી જીવતી હશે તો સંસ્થાઓમાં પણ લાગણીઓ જીવતી રહેશે. કશી લાંબી ગડભાંજમાં પડ્યા વગર પિસ્તાલીસ હજાર રૂપિયા સંસ્થામાં પરત ધરી લીધા ને રકમ જમા પણ કરાવી દીધી.

મોટી રકમ મૂળ સંસ્થાને પરત.

એનાથી તો શેઠનો એમને માટેનો આદરભાવ ઓર વધી ગયો... પણ શેઠને મનમાં એક વાત ખટકતી હતી કે કોઈ ને કોઈ રીતે છેવટે બીજી કોઈ પણ રીતે એમનું બહુમાન તો કરવું જ જોઈએ. મારા હાથે યોગ્ય કદર ન થાય તો ગુણવાદી માણસોની પૂજા સમાજમાંથી ખોવાઈ જાય. ગુણવાની ગુણપૂજા તો કરવી જ જોઈએ.

ગુણપૂજાનો ઉત્સવ. એક સમારંભ યોજીને રૂપિયા ૧૧,૦૦૧.૦૦ ની થેલી અંગત ઉપયોગ અર્થે ભાવપૂર્વક ભેટ આપી. પણ શેઠને ક્યાં ખબર હતી કે આ જુદી માટીનો માનવી હતો.

સેવાનું સન્માન ન હોય. સન્માનમાં ભેટ ન હોય.

અગિયાર હજારની રકમમાંથી એક હજાર રૂપિયા ત્યાંની વિદ્યાર્થી પરિષદને આપી દીધા અને દસ હજાર રૂપિયા પોતાના કાર્યક્ષેત્રની એક શિક્ષણસંસ્થા દયાનંદ કન્યા વિદ્યાલયને આપી દીધા. ને પોતે સંસ્થાને પ્રણામ કરી ફરી મોકો મળશે ને તબિયત યારી આપશે તો બનતી સેવા કરીશ એમ કહીને સજળનેત્રે સંસ્થામાંથી વિદાય લીધી.

એક અનોખો શિક્ષણશાસ્ત્રી. સંસ્થાઓની સૌરભને જિવાડનારો શિક્ષણશાસ્ત્રી એ હતા સોનગઢ ગુરુકુળના યશસ્વી સંચાલક શ્રી ચતુરભાઈ પટેલ અને જે સંસ્થા બંધ પડતાં અટકી ગઈ એ પોરબંદરની આર્યકન્યા ગુરુકુળ. એના સંસ્થાપક હતા સમાજમોભી અને ઝળહળતા દીવડા સમાજના પથદર્શક શ્રી નાનજી કાળીદાસ મહેતા.

એક નિષ્ઠાવાન વ્યવસ્થાપક. એક ભેખધારી સ્થાપક.

તેજસ્વી સંસ્થાઓનાં તેજ સદાય જીવતાં રાખવાની તમન્નાઓ એ મહામાનવીઓના હ્રદયમાં સદાય બિરાજેલી રહેતી હતી.



કોઈ પ્રકારની વ્યગ્રતા, બેચેની કે ભયથી પીડાતાં હોય છે. જે બાળકના માતાપિતા વચ્ચે અમબનાવ હોય તે બાળક શાળામાં એકાગ્રતા કેળવી શકતું નથી.

છેલ્લા 'વિશેષ' વિભાગમાં પરીક્ષા, શિક્ષકના ગુણો, બાળકની ક્ષમતા જેવી કેટલીક અન્ય મહત્ત્વની બાબતો આવરી લીધી છે. પરીક્ષા એક અનિવાર્ય અનિષ્ટ છે. પરીક્ષાની વધુ પડતી ચિંતા અને વધુ પડતી બેફિકરાઈ – બંને વિદ્યાર્થી માટે નુકસાનકારક છે. વિદ્યાર્થીકાળ દરમિયાન ભણતરનું મહત્ત્વ સમજવું એનું જ નામ એકાગ્રતા. જીવનનો અભિગમ અભ્યાસલક્ષી બનાવવાથી એકાગ્રતા આવે છે. સારા શિક્ષક થવા માટે અંતઃસ્ફુરણાનો ગુણ સૌથી મહત્ત્વનો છે. સારા શિક્ષકમાં ભારોભાર નિષ્ઠા હોવી જોઈએ. સંવાદિતા હોવી જોઈએ. આ બધું ઉત્સાહમાંથી જન્મે છે. ઉત્સાહનું મૂળ આંતરિક પ્રસન્નતા છે. જ્યાં આંતરિક પ્રસન્નતા ન હોય ત્યાં ઉત્સાહ ન હોય. ઉત્સાહ ન હોય ત્યાં અંતઃસ્ફુરણા, નિષ્ઠા કે સંવાદિતા ન હોય. જો શિક્ષક પ્રસન્ન હશે તો વિદ્યાર્થી પણ પ્રસન્નતા પામશે. બાળકનો બુદ્ધિઆંક જન્મજાત અને લગભગ પૂર્વનિશ્ચિત હોય છે. છતાંય અક્ષરજ્ઞાન અને અંકજ્ઞા બાળકને સારી રીતે શીખવવામાં ન આવે તો બાળકની જ્ઞાનસંપાદનની પ્રક્રિયા ધીમી પડે અને બાળક પોતાની બૌદ્ધિક ક્ષમતાનો પૂરેપૂરો કસ ન કાઢી શકે.

વાલીઓને સીધેસીધા સંબોધી એમની સાથે એમનાં શબ્દોમાં, એમની ભાષામાં સંવાદ સાધે એવો આકાર મનમાં રાખી આ લેખો લખાયા અને પછી તે 'આપણે બાળકોને શા માટે ભણાવીએ છીએ ?' પુસ્તકરૂપે પ્રગટ થયા છે. આ પુસ્તકમાં ડૉ. રઈશ મનીઆર એક ડૉક્ટર, મનોવિજ્ઞાની અને ચિંતક તરીકેની ત્રેવડી ભૂમિકામાં જોવા મળે છે. અહીં તેઓ એક બાળરોગ નિષ્ણાત તરીકે બાળકની માનસિકતાની સાંગોપાંગ સમજ અને એક કવિ-દૃષ્ટા તરીકે સમસ્યાને એવી ભૂમિ પર લઈ જાય છે જ્યાં વિજ્ઞાન, ફિલોસોફી અને કવિતાની સરહદો ઓગળી જાય છે.





# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય, અમદાવાદ.

## સુબેદાર જોગીન્દર સિંહ

**પરમવીર ચક્ર, ૧ શિખ રેજિમેન્ટ,**
**પહેલી બટાલિયન - મરણોપરાંત**
**જન્મ : ૨૬/૯/૧૯૨૧ ● મૃત્યુ :- ૨૩/૧૦/૧૯૬૨**
**(૧૯૬૨ - હિન્દી - ચીની યુધ્ધ)**

*"કર ચલે હમ ફિદા જાન-ઓ-તન સાથિયોં*
*અબ તુમ્હારે હવાલે વતન સાથિયોં*
*સાંસ થમતી ગઈ નબ્ઝ જમતી ગઈ*
*ફિર ભી બઢતે કદમ કો ન રૂકને દિયા*
*કટ ગયે સર હમારે તો કુછ ગમ નહીં*
*સર હિમાલય કા હમને ન જૂકને દિયા*
*મરતે મરતે રહા બાંકાપાન સાથિયોં*
*અબ તુમ્હારે હવાલે વતન સાથિયોં..."*

ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન - પરમવીર ચક્ર વિજેતાની શ્રેણીમાં આજે ૧૯૬૨ ના હિન્દી-ચીની યુધ્ધમાં શહીદ થયેલા એક જાંબાઝ સિપાહીને શબ્દો સુમન શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો એક વધુ નમ્ર પ્રયાસ કર્યો છે. આ એવો બહાદુર સિપાહી કે જેણે દેશની રક્ષા માટે હસતાં હસતાં પોતાના પ્રાણોની આહુતિ ાપી દીધી હતી. યુધ્ધમાં પોતાના પ્રાણોની આહુતિ આપનાર અનેક સૈનિકોની સાથે સાથે આ એક જાંબાઝ સૈનિક એવો હતો જેને ચીની સૈનિકોએ બંધક બનાવી દીધો હતો. પરંતુ એ સાહસીએ ના હાર માની; ના શરણાગતિ સ્વીકારી. પણ દુશ્મનોનો બહાદુરીપૂર્વક સામનો કર્યો. અને મોતની પણ પરવાહ કર્યા વિના હજારો ચીની સૈનિકોની સામે પહાડ બનીને ઊભો રહ્યો. અને છતાં પણ એમની શહીદીએ ચીની સૈનિકોની આંખમાં પણ આંસુ લાવી દીધાં હતાં. એ સિપાહીનું નામ હતું સુબેદાર જોગીન્દર સિંહ. ૨૬ સપ્ટેમ્બર - ૧૯૨૧ ના રોજ પંજાબના ફરીદાકોટ ખાતે જન્મેલા જોગીન્દર સિંહનું બાળપણ પંજાબમાં જ મોગો નજીક આવેલા મહાકલાન નામના ગામમાં વીત્યું હતું. પરિવારની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે તેઓ શિક્ષણ બહુ ના લઈ શક્યા; પણ અભ્યાસ પ્રત્યેની રૂચિને કારણે જ ૨૮ સપ્ટેમ્બર ૧૯૩૬ ના રોજ ૧ શિખ રેજિમેન્ટમાં ભરતી થવાની સાથે જ તેઓ લશ્કરના અભ્યાસક્રમમાં લાગી ગયા. લશ્કરનું સારું એવું શિક્ષણ પ્રાપ્ત કરી, અનેક પરીક્ષાઓ સફળતાપૂર્વક પસાર કરી પ્રગતિ કરતાં રહ્યાં. એમના અભ્યાસની તેજસ્વિતાને કારણે જ તેમને પોતાના યુનિટના એજ્યુકેશન ઈન્સ્ટ્રક્ટર બનાવ્યા. જે ફરજ તેમણે ખૂબ જ સારી રીતે નિભાવી પણ ખરી.

ફરજ પ્રત્યેની નિષ્ઠા, કુનેહ અને ત્યાગને કારણે જ સુબેદાર જોગીન્દર સિંહને ૧૯૬૨ના ચીન સાથેના યુધ્ધમાં ૧ શિખ રેજિમેન્ટનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું. જેના હેઠળ તેમણે બુમલા પાસની રક્ષા કરવાની જવાબદારી ઉઠાવવાની હતી. અને એ પણ એવા સમયે કે જ્યારે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ભારતની સેંકડો ચો.કિમી.ની જમીન ચીને હડપ કરી લીધી હતી.

૧૯૬૨માં દેશની સરહદોની રક્ષામાં ચીનની સેના સામે લડતાં લડતાં શહીદ થયેલા ૧ શિખ રેજિમેન્ટના(કર્નલના નેતૃત્વ હેઠળની સૈન્ય ટુકડી) સુબેદાર(સેના વિભાગના એક એવા સૈનિક જેમને હસ્તક કેટલાંક સૈનિકો પણ રહે છે) જોગીન્દર સિંહની કથાને અહીં આલેખવી છે.

તારીખ હતી ૯ સપ્ટેમ્બર ૧૯૬૨. બપોરનો સમય હતો. ભારતના સુરક્ષામંત્રી અને લશ્કરની એક બેઠક ચાલુ હતી. ચીને ઘૂસણખોરી કરીને હડપ કરેલી ભારતની સેંકડો ચો.કિમી.ની જમીનની ચર્ચા, ચિંતા અને ચિંતન કરીને બેઠકને અંતે સુરક્ષામંત્રીએ પાગલા રીજને ખાલી કરાવવા માટે ૭ ઈનફનટ્રિ બ્રિગેડને(પાયદળ - કે જેઓ યુધ્ધમાં ગોળીઓનો વરસાદ કરી શકે) નામકા ચૂ તરફ આગળ વધવાનો આદેશ આપી દીધો.

એ તો ઠીક પણ ભારતીય લશ્કરને લડવાનો આદેશ આપતાં પહેલાં એ મિટીંગો અને બેઠકોમાં ન તો પૂરતા અને આધુનિક સાધનો વિષેની ખાતરી કરાઈ કે ન તો ચીનની અવળચંડાઈ કે ચીનને મળતા કોઈ વ્યક્તિ કે દેશના સમર્થન અંગે કંઈ ચર્ચા થઈ. અને ચર્ચા થાય પણ કઈ રીતે ? કારણ કે બધાને ખબર હતી કે તત્કાલીન વડાપ્રધાન નહેરુએ ચીનને બિનજરૂરી રાહતો અને મદદ આપીને સાપને દૂધ પીવડાવવાનું કામ કર્યું હતું. નહેરુને આ વાતનો અંદાજ નહોતો એ વાત સાચી, પણ તિબેટ પરના ચીનના આક્રમણ સામે ભારતની ઢીલી પ્રતિક્રિયા અને ચીનની વિસ્તારવાદી માનસિકતાના જોરથી વાકેફ સરદાર વલ્લભભાઈ પટેલથી માંડીને મેજર જનરલ થિમૈયાએ નહેરુને ચીનના જોખમથી ચેતવ્યા પછી પણ એ ના ચેત્યા, ના સમજ્યા અને તેઓ એક જ વાતનું રટણ કરતાં રહ્યાં કે "હિન્દી-ચીની ભાઈ-ભાઈ...." અને આ હિન્દી-ચીની ભાઈ-ભાઈ ના નારાના ગુંજન નીચે જ ચીન ભારતની જમીન હડપ કરતું રહ્યું.

ભારત-ચીનના યુધ્ધ માટેનું સૌથી મોટું કારણ બનેલું રાજકારણ ન જાણે કંઈ કેટલાય સૈનિકોની ગરદન કપાવવાનું કારણ બનવાનું હતું. નહેરુની એક ભૂલની શૂલ પર અનેક જવાનોની શહીદી ઈતિહાસના પાનાઓ પર અંકિત થવાની હતી. કારણ કે રાજકારણીઓએ સેનાને લડવાના આદેશો તો આપી દીધાં. પણ આધુનિક સાધનો ના આપ્યા અને આમેય જનરલ થિમૈયાના ગયા પછી લશ્કર પર રાજકારણની પકડ વધારે ને વધારે મજબૂત થતી જતી હતી.

ચીનના કબજામાં રહેલા ભારતના વિસ્તારોને ખાલી કરાવવાના સુરક્ષામંત્રીના આદેશ સાથે જ સૈન્ય તૈયારીમાં લાગી ગયું. પરંતુ તૈયારી કરી રહેલા સૈનિકોના હાથમાં ચીનના આધુનિક શસ્ત્રોની સામે સાવ જૂની પુરાણી બંદૂકો અને માંડ ફૂટી શકે એવા જૂના બોંબ હતા. સંખ્યાની દૃષ્ટિએ પણ ચીની સૈનિકોની સંખ્યા ભારતીય સૈનિકો કરતાં અનેકગણી વધારે હતી. આ બધી પ્રતિકૂળતાઓ વચ્ચે ભારતીય સૈનિકોને ખ્યાલ આવી ગયો હતો કે યુધ્ધના મેદાનમાં માથે કફન બાંધીને નીકળવાનું છે અને પોઢીને પાછું આવવાનું છે.

સૌ પ્રથમ તો ભારતીય સેના નામકા ચૂ તરફ આગળ વધી. જ્યાં ચીની સૈનિકો જમાવટ કરીને બેઠાં હતાં. બરફની પહાડીઓ વચ્ચે આવેલા સાંકડો રસ્તો ધરાવતા આ એકદમ અટપટા વિસ્તારમાં આગળ વધી રહેલી ભારતીય સેના પર ચીની સેના તૂટી પડી. એક બાજુ આપણું સૈન્યબળ ઓછું અને ઉપરથી જૂનાપુરાણાં સાધનો. જ્યારે બીજુબાજુ અધધ કહી શકાય તેટલા ચીની સૈનિકો આધુનિક શસ્ત્ર સંજામથી સજ્જ. છતાં પણ ભારતીય જાંબાઝોએ છેલ્લા શ્વાસ અને છેલ્લા સાધન સુધી એમને જબરજસ્ત લડત આપી. પણ આખરે આપણા રાજકારણે, જૂના સાધનોએ અને ખોટકાઈ ગયેલી સંચાર વ્યવસ્થાને કારણે અનેક દૂધમલિયા જવાનો નામકા ચૂ ની રક્ષા કરતાં કરતાં શહીદી નેવર્યા અને ૨૦ ઓક્ટોબર, ૧૯૬૨ના રોજ ચીને નામકા ચૂ પર કબજો મેળવ્યો.

નામકા ચૂ પર કબજો જમાવ્યા બાદ ચીને પોતાની સૈન્ય ટુકડી બુમલા વિસ્તારમાં એકઠાં કરવાનું શરૂ કરી દીધું હતું. અને બુમલા પર કબજો કરવા માટે ચીની સેનાને તવાંગ તરફ આગળ વધવાનું હતું. હવે બુમલાથી તવાંગ ચાલીને જવાનો રસ્તો હતો માત્ર ૨૬ કિમી. આ રસ્તા પર ૩ કિમી. દક્ષિણ પશ્ચિમમાં દ્વિનપીક્સ નામની એક જગ્યા હતી. જયાંથી ચીની સેના પર નજર રાખી શકાય તેમ હતું. ત્યાં બુમલા અને દ્વિનપીક્સ વચ્ચે આઈબી રીજ નામની એક જગ્યા હતી. જયાં લેફ્ટનન્ટ હરીપાલ કૌશિકની આગેવાની હેઠળ ડેલ્ટા કંપની તૈનાત હતી.

હવે ૨૩ ઓક્ટોબર ૧૯૬૨માં બુમલાની રક્ષા કરવાની જવાબદારી પ્રથમ શિખ રેજીમેન્ટ પર હતી. અને એ રેજિમેન્ટનું નેતૃત્વ કરી રહ્યાં હતા મોગા, પંજાબમાં જન્મેલા સૂબેદાર જોગીન્દર સિંહ કે જેમની પાસે સૈનિકોનું સંખ્યાબળ સાવ ઓછું હતું. જોગીન્દર સિંહના નેતૃત્વવાળી શીખોની આ ટુકડીને તોપો અને ગોળીબારો સામે રક્ષણ આપવા માટે ૭ મી બંગાળ માંઉટેન બૈટરી પણ તૈનાત હતી. પરંતુ પરિસ્થિતિ અનિષ્ટસૂચક હતી. કારણ કે થોડી દૂર પર ચીની સૈનિકોની મોટી સંખ્યામાં જમાવટ થઈ રહી હતી.

પણ આખરે ૨૦ ઓક્ટોબરની સવારે સાડાપાંચ વાગે તવાંગ પર કબજો કરવાના ઈરાદાથી ચીને લગભગ ૨૦૦ સૈનિકો દ્વારા બુમલા પર હુમલો કરી દીધો. આધુનિક હથિયારોથી સુસજ્જ બસ્સો બસ્સો ચીની સૈનિકો મર્યાદિત સંખ્યાના ભારતીય જવાનોની આસપાસ પડકારા કરતાં ઊભા હતા. ચારેબાજુથી ભારતીય જવાનો ઘેરાઈ ગયા હતા. અભિમન્યુના આ કોઠાયુધ્ધમાંથી બહાર નીકળવાનું મુશ્કેલ જ નહીં પરંતુ અસંભવ હતું. છતાં પણ સુબેદાર જોગીન્દર સિંહને હથિયાર હેઠા મૂકવાનો જરાય ઈરાદો ન હતો. તવાંગને દુશ્મનના હાથોમાં જવા દેવાનું એમને જરા પણ સ્વીકાર્ય ન હતું. અને “This lines belongs to India” ના જુસ્સા સાથે એમણે પોતાની ટુકડીમાં જોમ, જુસ્સો અને ઉત્સાહ વધારવાનું કામ કર્યું અને એક ચટ્ટાનની જેમ ઊભા રહીને દુશ્મનના માર્ગમાં અવરોધ ઊભો કર્યો. વીરતાપૂર્વક દુશ્મનના આક્રમણને ખાળી અને ક્ષતિ પહોંચાડી અને દુશ્મનોએ પીછેહઠ કરવી પડી.

ચીની સૈનિકો માર્યા કે ઘાયલ થયા પણ ફરીથી બીજા સૈનિકો સંગઠિત થયા અને ફરીથી બીજા બસ્સો બસ્સો દુશ્મન સૈનિકોનું ટોળું હાકોટા પડકારા કરતું સુબેદાર જોગીન્દર સિંહની ટુકડી પર તૂટી પડ્યું. ચીની સૈનિકોની હજારોની સંખ્યા જોઈ જયારે એક જવાન જોગીન્દર સિંહને કહે છે કે આપણે થોડા છીએ, સામે હજારો છે. ત્યારે જોગીન્દર સિંહ કહે છે કે શીખ રેજીમેન્ટના જવાન જ્યારે લડે છે ને ત્યારે તે દુશ્મનોની સંખ્યા ગણતા નથી. અને ‘જો બોલે સો નિહાલ...’ ના નારા સાથે ચીની આક્રમણને ખાળતા રહ્યા. તોપોની અવિરત ભારે ગોળાબાજીથી અડધાથી પણ વધુ ભારતીય જવાનો કાળના ગર્ભમાં સમાઈ ગયા. પરંતુ જોગીન્દર સિંહે પીછેહઠ કરવાનો ઈન્કાર કરી દીધો.

સુબેદાર જોગીન્દર સિંહ ‘જો બોલે સો નિહાલ...’ના નારા લગાવતા રહ્યા અને દુશ્મનના છક્કા છોડાવતા રહ્યા. ભારતીય સેનાએ દુશ્મનના એક ઈંચ પણ આગળ ના વધવા દીધા અને એ સાથે જ દુશ્મનના બીજા હુમલાને પણ નિષ્ફળ બનાવી દીધો. ચીની સેનાના બબ્બેવારના આક્રમણ સામે હિન્દુસ્તાનના બહાદુર સિપાહી સુબેદાર જોગીન્દર સિંહ અને એમના રણબંકાઓએ ચીનાઓને ધૂળ ચાટતા કરી દીધાં. અનેક ચીની સૈનિકો મોતને ભેટ્યા. ચીનને કોઈ સફળતા ના મળી. એમનું ખૂબ જ નુકસાન પણ થયું અને એમના માટે પીછેહઠ કર્યા સિવાય બીજો કોઈ રસ્તો પણ નહોતો રહ્યો. છતાં પણ ચીને આ બધી પરિસ્થિતિને અવગણીને ભારત પરનો હુમલો ચાલુ રાખ્યો અને ફરી ત્રીજો હુમલો કર્યો.

થોડીવાર પછી ચીન તરફથી ત્રીજો હુમલો થયો. આ ત્રીજા હુમલામાં ફરીવાર બસ્સો ચીનાઓનું ટોળું ભારતીય સૈન્ય પર તૂટી પડ્યું. પણ તો શું ? ફરી ‘જો બોલે સો નિહાલ...’ના નારા સાથે જોગીન્દર સિંહે મશીનગન લઈ ચીની સેના પર ગોળીઓનો વરસાદ કરવાનું શરૂ કરી દીધું.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

દુર્ભાગ્ય એ હતું કે બીજા હુમલામાં જોગીન્દર સિંહના અડધા સૈનિકો પોતાની જાનની બાજી લગાવી ચૂક્યા હતા. જો કે ચીની સૈન્યને ઘણું નુકસાન થવા છતાં પણ તેઓ નિરંતર આગળ વધતા જતા હતા. પણ જોગીન્દર સિંહે હિંમત હાર્યા વગર આક્રમણકારીઓને પાછાં ધકેલી દીધાં. એમનું ધ્યાન બંદૂક પર ગયું. એટલીવારમાં હવાને વીંઝતી એક ગોળી એમની સાથળની આરપાર નીકળી ગઈ. એ ફસડાઈ પડ્યા. એક સૈનિકે એમને નાનકડી ટેકરી પાછળ ખેંચી લીધા. કંઈ પણ બોલ્યા વિના તેમણે થેલામાંથી ગોળીઓ કાઢવા માંડી. થેલાનું તળિયું દેખાયું. થેલો ખાલી હતો. હવે સ્થિતિ એવી આવી કે જ્યારે જોગીન્દર સિંહ પાસે કોઈ હથિયાર ના બચ્યું. ત્યારે અધિકારીઓએ તેમને પીછેહઠ કરવાનું કહ્યું. પણ જોગીન્દર સિંહની હિંમત બુલંદ હતી. ઘાયલ થવા છતાં પણ આ વીર સિપાહીએ યુધ્ધનું મેદાન છોડવાનો સાફ ઈનકાર કરી દીધો; જરાય પીછેહઠ કર્યા વગર, બચેલી ગોળીઓથી ગોળીબાર કરતા રહ્યાં. એમના આ સાહસ અને હિંમતને જોઈને એમના સાથીઓને પણ જોશ અને હિંમત મળ્યા. અને તેઓ પોતાના સૈન્ય સાથે યુધ્ધ મેદાનમાં બહાદુરીથી અડગ રહ્યાં.

શસ્ત્ર અને સૈન્યની અભાવભરી સ્થિતિ જોતાં એમના એક સાથીએ એમની સામે કરુણ હાસ્ય વેરતા કહ્યું કે સર, આપણી પાસે પણ જો પૂરતા સાધનો અને આધુનિક શસ્ત્રો હોત તો આ ચીનાઓ ઉપર આપણે ભારે થઈ પડત. પણ અહીં તો નથી પૂરતા શસ્ત્રો કે નથી પૂરતા સૈનિકો. હવે શસ્ત્ર વિના કેવી રીતે લડીશું ? પ્રત્યુત્તરમાં આ નરકેસરીએ ગર્જના કરતાં કહ્યું, ''શસ્ત્રો નથી તો કંઈ નહીં. પણ મારા દિલમાં આગ પૂરતી છે. યુધ્ધો હથિયારોથી નહીં પણ હિંમતથી લડવાના હોય છે.'' અને જોગીન્દર સિંહના કાનોમાં મોરચા પર વિદાય આપતી વેળાના માતાના શબ્દો ગૂંજ્યા. ''માના દૂધનું કર્જ તો ઉતારી શકાય છે પણ ધરતીમાંનું કર્જ નથી ઉતારી શકાતું બેટા ! છેલ્લા શ્વાસ સુધી ધરતીમાંનું રક્ષણ કરજે.''

*''ખીંચ દો અપને ખૂન સે જમી પર લકીર*
*ઈસ તરફ આને પાયે ન રાવણ કોઈ*
*તોડ દો હાથ અગર હાથ ઉઠને લગે*
*છૂને પાયે ન સીતાકા દામન સાથીયોં*
*અબ તુમ્હારે હવાલે વતન સાથીયોં.....''*

બસ પછી તો વિચારવાનું જ નહોતું. અને જોગીન્દર સિંહ અને તેમના બચેલા સૈનિકોએ પોતપોતાની બંદૂકો પર બેયોનેટ (ચાકૂ) લગાવીને ''જો બોલે સો નિહાલ, સતશ્રી અકાલ''ના યુધ્ધનાદ સાથે દુશ્મનો પર તૂટી પડ્યા, આગળ વધતા રહ્યાં, દુશ્મનોનો દઢતાથી સામનો કર્યો, કેટલાય ચીની સૈનિકોનો ખાત્મો કર્યો.

ભારતીય સૈનિકોની હિંમત જોઈ ચીનાઓ દંગ રહી ગયા. જોગીન્દરસિંહ અને તેમના નરબંકાઓ ખરેખર સિંહ બનીને ચીનાઓ પર ત્રાટક્યા હતા. પરંતુ ચીની સૈનિકો આવતા જ રહ્યાં. તેઓએ જોગીન્દરસિંહને અને તેમના સાથીઓને માર્યા નહીં પણ યુધ્ધ બંદી બનાવી દીધાં. એ પછી જોગીન્દરસિંહ ન તો કોઈ ખબર આવ્યા કે ન તો અન્ય કોઈ ભારતીય જવાનોના. ભારતનો એક સિંહ ચીનાઓની કેદના પાંજરે પૂરાઈ ગયો. ચીની અધિકારીઓ એ સિંહને રંજાડતા રહ્યાં, એના પર અત્યાચાર ગુજારતા રહ્યાં અને આખરે જોગીન્દરસિંહ વીરગતિને પામ્યાં. પણ ચીની સૈનિકોએ ના તો એમનું શબ ભારતને પાછું સોંપ્યું કે ના તો એમની કોઈ ખબર આપી. આ રીતે એમની શહીદી અમર થઈ ગઈ. અને છેલ્લા શ્વાસ સુધી અને છેલ્લી ગોળી સુધી સુબેદાર જોગીન્દરસિંહ અને એમની ટુકડી દુશ્મનોને આપણી ધરતી ઉપર પગ નહીં મૂકવા દે. અધિકારીઓના એ વિશ્વાસને સાર્થક કરી બતાવ્યો.

જે દિવસે બુમલાની પહાડી ટેકરી પર આ યુધ્ધ થયું હતું અને જોગીન્દરસિંહને યુધ્ધ બંદી બનાવ્યા હતા એ જ દિવસને એમની શહીદીની તારીખ ગણવામાં આવે છે. બરફ આચ્છાદિત ચાદરોની નીચે પણ જોગીન્દરસિંહે તેમના સાથી સૈનિકોનું કુશળતાપૂર્વક નેતૃત્વ કર્યું અને પૂરા જોશ, શક્તિ અને સમર્પણ સાથે જીવનના અંતિમ શ્વાસ સુધી દુશ્મનો સામે લડવાની તેમની ભાવના સળગતી રાખી.

જોગીન્દરસિંહની ફરજ પ્રત્યેની નિષ્ઠા, પ્રેરણાદાયી નેતૃત્વ, અભૂતપૂર્વ પરાક્રમ, અદમ્ય સાહસ, વિશ્વાસ, હિંમત, દૃઢતા અને શોર્ય બદલ ભારત સરકારે તેમને તેમના મોગાના માતૃવતનમાં ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન પરમવીર ચક્ર-મરણોપરાંતથી તેઓને સન્માનિત કર્યા અને એમના પરિવારને પંજાબની સરહદ પર એક ખેતીપાલક જમીન પણ આપી.

જ્યારે ચીની આર્મીને ખબર પડી કે જોગીન્દરસિંહને પરમવીર ચક્રથી અલંકૃત કરવામાં આવ્યા છે તો એમની નજર પણ આ સિંહના સન્માનમાં ઝૂકી ગઈ. પછી ચીને પૂરા સૈન્ય સન્માન સાથે ૧૭ મે ૧૯૬૩ના રોજ જોગીન્દરસિંહના અસ્થિ એમની બટાલિયનને સોંપ્યા. એ આપણા દેશનું દુર્ભાગ્ય હતું કે આ યુધ્ધમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો અને આ મોરચા પર ચીનનો કબજો થઈ ગયો. પણ પોતાના અંતિમ શ્વાસ સુધી બહાદુર જોગીન્દરસિંહે એ મારચા પર પોતાની બહાદુરી દેખાડી. એમની આ બહાદુરી માટે એમને શત-શત નમન અને સલામ.

સુબેદાર જોગીન્દરસિંહ તેમના કાર્યકાળ દરમિયાન બીજા વિશ્વયુધ્ધ સમયે બ્રિટીશ ઈન્ડિયન આર્મી માટે બર્મા જેવા મોરચા પર પણ લડ્યા હતા અને આઝાદી પછી ૧૯૪૮માં કાશ્મીરમાં પાકિસ્તાની કબાલીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાનો સામનો કરવાવાળી શીખ રેજિમેન્ટમાં પણ તેઓ હતા. જ્યારે હિન્દી-ચીની યુધ્ધમાં સરહદ પર જતાં રોકવા માટે પત્ની ગુરદયાલ કૌર રોકે છે ત્યારે જોગીન્દરસિંહ પત્નીને સમજાવતા કહે છે કે કોઈને કોઈએ તો દેશની સરહદ ઉપર જવું જ પડશે. તું તો વાહે ગુરુનો આભાર માન કે આ પવિત્ર કામ માટે તેણે તારા સરદારને પસંદ કર્યો છે.

હિન્દી-ચીની યુધ્ધ પર ચિત્રિત થયેલી હકીકત ફિલ્મની કેટલીક પંક્તિઓ આ નરબંકાને અનુલક્ષીને અહીં પ્રસ્તુત કરું તો અસ્થાને નહીં ગણાય.

*"જિંદા રહને કે મૌસમ બહુત હૈ મગર*
*જાન દેને કી રૂત રોજ આતી નહીં,*
*હુસ્ન ઔર ઈશ્ક દોનોં કો રુસવા કરે*
*વો જવાની જો ખૂનમેં નહાતી નહીં,*
*બાંધ લો અપને સર પર કફન સાથાયોં*
*અબ તુમ્હારે હવાલે વતન સાથીયોં...."*

જોગીન્દરસિંહ કેવળ બહાદુર જ નહોતા, પરંતુ કુટુંબ વત્સલ પણ હતાં. પરિવાર હળીમળીને રહે, બધામાં સંપ જળવાઈ રહે, અંદરોઅંદર ઝઘડા ના થાય અને પરિવારનો 'સાંજોમૂલ્હો' હંમેશા માટે એક જ રહે તેવી વાહે ગુરુને તેઓ હંમેશા પ્રાર્થના કરતાં રહેતાં. પરંતુ જોગીન્દરસિંહની શહાદતની જાણ કરતો તાર તેમના ભાઈના હાથમાં પહોંચ્યો ત્યારે ભારે હ્રદયે તેઓ બોલ્યા કે, "જોગી, તું કે'તો તો કે આપણે સૌ એક રહીએ, પરંતુ તું જ ના રહ્યો." જ્યારે પિતાના મૃત્યુના સમાચાર સાંભળતા જ એમની મોટી પુત્રીને એટલો બધો આઘાત લાગ્યો કે તુર્તજ મૃત્યુ પામી.

૨૩ ઓક્ટોબર ૨૦૦૬ના દિવસે ચંદીગઢ ખાતે ભારતીય લશ્કર દ્વારા એક સ્મરણોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્મરણોત્સવમાં પરમવીર ચક્ર વિજેતા શહીદ સુબેદાર જોગીન્દરસિંહની પત્ની ગુરદયાલ કૌરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે તેમના માતૃવતનમાં ડિસ્ટ્રીક્ટ OOOO ઓફિસ (OOOOOOO) નજીક લડાયક મુદ્રા દર્શાવતું એક આકર્ષક સ્ટેચ્યૂ મૂકી જોગીન્દરસિંહનું સન્માન કરવામાં આવ્યું હતું. શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ પણ પોતાના એક જહાજને આ મહાનાયકનું નામ – સુબેદાર જોગીન્દરસિંહ OOOO – આપી સન્માનિત કર્યા. અને ભારતીય સૈન્યે પણ આઈ બી રીજ પર તેઓનું એક સ્મારક બનાવીને સન્માન કર્યું.

ખરેખર, દેશના મહાન પુરુષો જ દેશને મહાન બનાવે છે એવું નથી હોતું, દેશના બહાદુર સિપાહીઓ પણ દેશને મહાન બનાવતા હોય છે.

હે દેશવાસીઓ ! જરા કાન દઈને સાંભળો..... ભારતીય સૈન્યના ઈતિહાસના પાનાઓમાંથી આજેય જોગીન્દરસિંહની ત્રાડ ક્યાંક સંભળાય છે તમને !


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# મિસાઈલ વુમન : ડૉ. ટેસ્સી થોમસ

ભાવનાબેન ત્રિવેદી
આચાર્યા, સરસ્વતી કુમારશાળા નં.૧, સરસપુર, અમદાવાદ.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામને 'મિસાઈલમેન' તરીકે આખી દુનિયા ઓળખે છે. કારણ કે કલામ સાહેબે ભારતીય સેના માટે ઘણી બધી મિસાઈલોમાં વિકાસ કર્યો છે અને દેશની સુરક્ષામાં ખૂબ જ મોટું યોગદાન આપ્યું છે. ત્યારબાદ તેમને 'મિસાઈલમેન' તરીકે લોકો બોલાવવા લાગ્યા હતા.

પરંતુ શું તમે જાણો છો ? કે ભારતની એક મહિલાને 'મિસાઈલ વુમન' કહેવામાં આવે છે ?

મિત્રો, આ મિસાઈલ વુમનનું નામ છે "ડૉ. ટેસ્સી થોમસ".

ડૉ. ટેસ્સીનો જન્મ એક કેથોલિક પરિવારમાં થયો હતો. તેમનો જન્મ એપ્રિલ ૧૯૬૩માં કેરલના અલાપ્પુકામાં થયો હતો. ટેસ્સી થોમસનું નામ (શાંતિદૂત અને નોબેલ પ્રાઈઝ વિજેતા મધર ટેરેસાના નામ પરથી રાખવામાં આવ્યું હતું.) તેમનાં પિતા વેપારી હતા અને માતા ગૃહિણી હતાં. તેઓ શાળામાં અભ્યાસ કરતાં હતાં ત્યારે એ દિવસોમાં નાસાનું એપોલો ચંદ્ર પર ઉતારવાનું હતું. આ યાન વિશે સાંભળીને તેમને પ્રેરણા મળી રહી હતી કે "એક દિવસ એક રોકેટ બનાવીશ જે આ રીતે આસમાને આંબી જશે". ટેસ્સી થોમસનું આ સપનું તેમના બાળપણથી જ હતું.

ડૉ. ટેસ્સી થોમસે સેન્ટ જોસેફ ગર્લ્સ હાયરસેકન્ડરી સ્કૂલ અને સેન્ટ માઈકલ હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. ગણિત અને ભૌતિકશાસ્ત્ર (Physic) તેમના રસના વિષયો હતાં. શ્રેણી-૧૧ અને અને શ્રેણી-૧૨માં ગણિતના વિષયમાં ૧૦૦% અને વિજ્ઞાનના વિષયોમાં ૯૫% થી વધુ ગુણ મેળવ્યા હતાં. બી.ટેક.નો અભ્યાસ તેમણે કાલિકટ યુનિ. ત્રિસુરમાં કર્યો હતો. તેમણે એમ.ટેક.ની ડિગ્રી "Guided Missile" તરીકે The Institute of Armament Tchnology, પૂણેમાંથી મેળવી. તેમણે એમ.બી.એ.ની ડિગ્રી અને પી.એચ.ડી ની ડિગ્રી Guidence Missile under DRDO (Defence Research and Development Organization) માંથી મેળવી છે. તેઓ શાળાકક્ષાએ બેડમિન્ટન રમતાં હતાં અને બેડમિન્ટનનો શોખ પણ છે.

ડૉ. થેસ્સી થોમસ પહેલા મહિલા છે જે દેશના મિસાઈલ પ્રોજેક્ટનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેઓ ૧૯૮૮માં - DRDO માં જોડાવા અને ડૉ. કલામ સાથે વધુ કામ કર્યું તેમની અનેક ઉપલબ્ધિઓમાં અગ્નિ-૨ અને અગ્નિ-૩ અને અગ્નિ-૪ના સફળ પ્રક્ષેપણમાં મહત્ત્વની કામગીરી છે. ૩૦૦૦ કિમી. રેન્જની અગ્નિ-૩ મિસાઈલ પ્રોજેક્ટમાં સહાયક ડિરેક્ટર હતા. ૪૦૦૦ કિ.મી. રેન્જની અગ્નિ-૪ મિસાઈલનાં પણ પ્રોજેક્ટ ડિરેક્ટર હતાં. જેનું ૨૦૧૧માં સફળતાપૂર્વક પરીક્ષણ થયું હતું. તેમણે અગ્નિ મિસાઈલ પ્રોજેક્ટ સંભાળ્યો. ૧૯ એપ્રિલ ૨૦૧૨માં તેમણે ૫૦૦૦ કિ.મી. રેન્જની અગ્નિ-૫નું સફળ પરીક્ષણ કર્યું. જેના તેઓ પ્રોજેક્ટ ડિરેક્ટર હતાં. અગ્નિ-૪ના પરીક્ષણ બાદ ભારત જેમની પાસે Inter Continental Ballistic Missile System (ICBM) હોય અને ૫૦૦૦ કિ.મી. વધારે અંતરેથી દુશ્મન પર પ્રહાર કરવા સક્ષમ હોય તેવા દેશોની શ્રેણીમાં આવ્યું. અગ્નિ-૫ નું સફળ પરીક્ષણ દર્શાવ્યું ત્યારે તેમનું વિશ્વમં નામ થયું. સમગ્ર વિશ્વ તેમનું કૌશલ્ય જોઈને દંગ રહી ગયું. અગ્નિ-૫ના પરીક્ષણ પહેલા ડૉ. ટેસ્સી થોમસ અને તેમના સાથીઓ મહિનાઓ સુધી ઘરે નહોતા ગયાં. જ્યારે મિસાઈલ માપદંડ પર ખરી ઊતરી અને સફળ પરીક્ષણ થયું ત્યારે તે ઘરે ગયાં. અગ્નિ-૫ની સફળતાએ તેમની મહેનત, લગન અને પ્રતિભાથી માત્ર ડૉ. ટેસ્સી થોમસનું સપનું પૂરું નથી કર્યું, પરંતુ તેમણે આખા દેશનું સપનું પૂરું કર્યું છે. દેશને સ્વદેશી રોકેટ અને મિસાઈલ ટેકનીકથી વૈજ્ઞાનિક અને સામરિકરૂપથી સક્ષમ હોવાનું સપનું ડૉ. વિક્રમ સારાભાઈ અને ડૉ. સનીશ ધવને જોયું હતું. જે ડૉ. ટેસ્સી થોમસે સાકાર કરી બતાવ્યું છે.

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

# વિદ્યાર્થી આલમ

## ભારતીય સેના

**પટેલ રિદ્ધિ ● રંગવાલા અફસા**
(ધો.૧૧-ગ, જે.એન. બાલિકા વિદ્યાલય)

- કોઈપણ દેશની રક્ષા માટે સેનાનો અમૂલ્ય ફાળો રહેલો હોય છે.
- ભારતીય સેનાની શરૂઆત ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સેનાથી થઈ હતી. જે આગળ જતા બ્રિટિશ ભારતીય સેના કહેવાઈ અને સ્વતંત્રતા બાદ રાષ્ટ્રીય સેના કહેવાઈ.
- તેની સ્થાપના ૧ એપ્રિલ ૧૮૯૫માં અંગ્રેજ દ્વારા થઈ હતી. પરંતુ ભારતમાં સેના દિવસ ૧૫ જાન્યુઆરીના દિવસે મનાવવામાં આવે છે.
- ભારતને લગભગ ૨૦૦ વર્ષના અંગ્રેજી શાસન બાદ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં આઝાદી મળી.
- ભારતની આઝાદીથી લઈને ૧૪ જાન્યુઆરી ૧૯૪૯ સુધી ભારતીય સેનાની કમાન અંગ્રેજ કમાન્ડ જનરલ રોય હાસિંગ બુચર પાસે હતી.
- ભારતની સંપૂર્ણ સત્તા ભારતીયોના હાથમાં સોંપવાનો સમય હતો એટલે ૧૫ જાન્યુઆરી ૧૯૪૯ના દિવસે ફિલ્ડ માર્શલના કોન્ડેન્દ્રા એમ. કરિઅપ્પા સ્વતંત્ર ભારતીય સેનાના પ્રથમ પ્રમુખ બન્યા હતા.
- તેથી આ દિવસ ને ભારતીય સેના દિવસ તરીકે ઓળખવામાં આવે છે ત્યારથી લઈને આજ સુધી આ પરંપરા ચાલતી આવે છે.
- ભારતની આઝાદીના સમયે ભારતીય સેનામાં ૨ લાખ સૈનિક હતા અને આજે આ સંખ્યા ૧૩.૫ લાખ થઈ છે.
- આપણા દેશ ને કુલ ૭ જમીન સરહદ છે જેના નામ વાઘા બોર્ડર, મોરેહ બોર્ડર, નાથુલા પાસ બોર્ડર, બોન્ગેવાલા બોર્ડર, રન ઓફ ધ કચ અને પેનગોગ લેક બોર્ડર.
- **બોર્ડરની લંબાઈ** : ચાઈના બોર્ડરની લંબાઈ ૩,૪૮૮ કિ.મી., નેપાલની ૧,૭૫૧કિ.મી., મ્યાનમારની ૧,૬૪૩કિ.મી., ભૂતાની ૬૯૯ કિ.મી., બાંગ્લાદેશ ૪,૦૯૬.૭ કિ.મી. લાંબી છે.
- કુલ જમીન સરહદ ૧૫,૨૦૦ કિ.મી. લાંબી છે.
- કુલ દરિયાની સરહદ ૭,૫૧૬.૬ કિ.મી. લાંબી છે.
- આ દિવસે સૈનિકોને સલામી આપવામાં આવે છે. જેણે ક્યારેય ને ક્યારેય ભારત માટે તેમનું બધું જ ન્યોછાવર કરી દીધું હોય છે.
- ત્રણેય મુખ્ય દળો ઉપરાંત આંતરિક સુરક્ષા માટે CRPF, NCC, SRPF, BSF, GCF, SSB વગેરે આંતરિક સુરક્ષા દળો માં આવે છે.
- દેશને અંદરથી આંતકી હુમલા, દંગા, આંદોલનો વગેરે જેવી પ્રવૃત્તિઓ જ્યારે નિયંત્રણની બહાર જાય ત્યારે આ સૈન્યને બોલાવવામાં આવે છે.

### ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ - (સેનાની ત્રણે પાંખના વડા)

CDS ની નિમણૂક ૧ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ કરવામાં આવે છે. CDS નું એટલે ચીફ ડિફેન્સ ઓફ સ્ટાફ છે. ભૂમિદળના વડા જનરલ બિપિન રાવતને દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બનાવવામાં આવ્યા છે. તે સાથે કેન્દ્ર સરકારે ડિફેન્સ સ્ટાફની વય મર્યાદા ત્રણ વર્ષ માટે વધારી પણ દીધી છે. CDS આ પદ પર ૬૫ વર્ષ સુધી ફરજ બજાવતા રહેશે. CDS નું કાર્ય ભૂમિદળ, વાયુસેના અને જળસેનાના કામકાજ પર નજર રાખવાનું છે. CDS ની જવાબદારી ત્રણેય સેના સાથે સંકળાયેલા કેસોમાં સંરક્ષણપ્રધાન ને સલાહ આપવાનું હોય છે. CDS જ સંરક્ષણપ્રધાનના મુખ્ય સલાહકાર બની રહેશે. CDS પદ મહત્ત્વનું બની રહેવાનું. ત્રણેય સૈન્ય ના વડા યુદ્ધ સંબંધી કોઈક નિર્ણય ભાગ્યે જ CDS ની મંજૂરિ વિના લેશે. CDS સંરક્ષણ સચિવની મંજૂરી વિના જ સંરક્ષણ પ્રધાનની સીધી મુલાકાત લઈ શકશે.

હાથમાં બંદૂક લઈને મેદાન-એ-જંગમાં રહેતા સૈકિનું મહત્ત્વ ક્યારેય ઘટશે નહિ. તેમનું મહત્ત્વ સદીઓથી હતું અને હંમેશાં રહેશે. સૈન્યની ત્રણેય પાંખના પ્રત્યેક સંવેદનશીલ દસ્તાવેજને સુરક્ષા દૃષ્ટિથી અલગ-અલગ કક્ષામાં મુકવામાં આવે છે. તેમાં ગોપનીય રહસ્ય અને અતિગુપ્ત દસ્તાવેજનો સમાવેશ થાય છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

CDS નું કામ આવા જાણભેદુઓને કચડવાનું છે. ત્રીસ પાંત્રીસ વર્ષ પહેલાં મેજર જનરલ ફેંક લારકિન્સ, તેમના ભાઈ એર માર્શલ કેનિલ લારકિન્સ અમે લેફટન્ટ કર્નલ જસબીરસિંહને દેશના ખૂબ જ સંવેદનશીલ દસ્તાવેજો સપ્લાય કરતાં પકડવામાં આવ્યા હતા. તે કેસને લારકિન્સ જાસૂસી કાંડ તરીકે યાદ રખાય છે.

ભારતીય સૈન્યની ત્રણેય પાંખો સાથે સંકડાયેલા અધિકારીઓ અને જવાનોમાં દેશભક્તિની ભાવના ભરેલી હોય છે. ભારતીય સરહદોની સુરક્ષા માટે પ્રાણોની આહૂતિ આપતા તેઓ કદી પીછે હઠ કરતા નથી. વિવિધ યુદ્ધો સમયે સમગ્ર વિશ્વે તેમનું શૌર્ય જોયું છે.

ભારતીય સૈન્યની ત્રણેય પાંખો સારી રીતે સમન્યવય સાધીને કામ કરી શકશે. બેશક CDS ના નેતૃત્વમાં સમગ્ર દેશ ભારતીય સૈન્યમાં ગુણાત્મક સુધારો જોશે.

## નૌકાદળ

ભારતીય નૌકાદળ દુનિયાના મુખ્ય ૧૦ નૌકાદળમાંની ૧ છે. તેમાં ભારત ૭માં ક્રમે આવે છે. ભારતીય નૌસેના પાસે ૬૭,૦૦૦ જેટલા કર્મચારી અને ૧૯૫ નૌસેનાના સંપાતિયા છે. ભારતીય નૌસેના ને દ.એશિયાની સૌથી શક્તિશાળી નૌ સેના માનવામાં આવે છે. ૪ ડિસેમ્બર ના રોજ નૌકાદીન મનાવવામાં આવે છે. ૩ ડિસેમ્બર ૧૯૭૧માં ભારતના પૂર્વ પાકિસ્તાન જે હાલનું બાંગ્લેદેશ છે. તેણે ભારતીય વાયુક્ષેત્ર અને સીમાવતી ક્ષેત્ર પર હુમલો કર્યો હતો. ૪ ડિસેમ્બર ૧૯૭૧ના ઓપરેશન ટાઈડેટ ના નીચે ભારતીય નૌસેના એ પહેલીવાર જહાજ પર એટોશીપ મીસાઈલ થી હુમલો કરાયો હતો. આ યુદ્ધ લગભગ ૭ દિવસ સુધી ચાલ્યું હતું. તેથી સમુદ્રોની લહેરને ૬૦ કિ.મી. દૂરથી પણ જોઈ શકાતી હતી. આ ઓપરેશન ૩ ભારતીય નૌ સેના આઈએનએસવીર, આઈએન એસ નિરધાર, આઈએનએસ નિપવે, મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ઓપરેશન ટાઈડેટની પ્લેન નૌસેના પ્રમુખ એડમિરલ એમ એસ નૌના નેતૃત્ત્વમાં ચાલ્યો હતો. ૨૫માં સ્ટોડન કમાન્ડ બબર યાદવ ને આ સ્ટાફની જવાબદારી સોંપવામાં આવી હતી. ભારત પાકિસ્તાનનું આ યુદ્ધ ખતમ થતા અધિકારી વિજય જેરપે સંદેશા મોકલાવ્યા હતા. ભારત પાકિસ્તાનના આ યુદ્ધમાં ભારતે વિજય મેળવી હતી. તેથી આ દિવસને ભારતે વિજય હાંસીલ કરી હોવાથી આ દિવસને ભારતીય નૌકાદિન તરીકે ઓળખવામાં આવે છે.

નૌકાદળના હાલના અધ્યક્ષ એડમિરલ કરમબીરસિંહ છે.

જામનગર, મુંબઈ અને લોનાવલામાં નૌસેનાના તાલીમ કેન્દ્રો આવેલા છે.

ભારત પાસે તારામુગલી, તિહાયુ અને તરાસા નામના યુદ્ધજહાજો છે.

ચક્ર અને અરિહત નામની અણુસબમરીન છે.

મુબંઈ અને વિશાખાપટ્ટનમમાં યુદ્ધ જહાજો બાંધવાની ગોદી છે.

અભય અક્ષર અને ધ્રુવક નામ યુદ્ધજહાજો ભારતમાં બનાવવામાં આવ્યા છે.

કોસ્ટગાડ નૌકાદળના નેતૃત્વ નીચે કામગીરી કરે છે.

નૌકાદળની કુલ ૯ પોસ્ટ છે. તેમાંની સૌથી પહેલું પદ એડમિરલ અને સૌથી છેલ્લું પદ સબ લેફટેન્ટ છે. (૧) એડમિરલ (૨) વાઈસ એડમિરલ (૩) રિયર એડમિરલ (૪) કોમોડર (૫) કેપ્ટન (૬) કમાન્ડર (૭) લેફ્ટેન્ટ કમાન્ડર (૮) લેફ્ટેન્ટ (૯) સબ લેફ્ટેન્ટ.

## ભૂમિદળ

ભારતીય ભૂમિ સેનાએ ભૂમિ આધારભૂત શાખા છે અને ભારતીય શસ્ત્ર સજ્જ એ સૌથી મોટો વિભાગ છે. તેનો પ્રાથમિક ઉદેશ્ય બાહ્ય આક્રમણો અને ધમકીઓથી રાષ્ટ્ર રક્ષણ અને ભારતની પ્રજાસત્તાકનું રક્ષણ સુનિશ્ચિત કરવાનું છે. તેઓ તેમની સરહદમાં શાંતિ જાળવવા અને રક્ષા કરવાની છે. તેઓ કુદરતી આપત્તિઓ અને બીજા ઉપદ્રવ્યની પરિસ્થિતિ દરમિયાન માનવબચાવ ક્રિયાનું સંચાલન પણ કરે છે.

ભારતીય ભૂમિ સેનાનું સ્થાપના ૧૯૪૭માં ભારતે આઝાદી મેળવી ત્યારે થઈ હતી અને વિભાજન પછીમાં ભારતમાં સ્થિત બ્રિટિશ ભારતીય ભૂમિ સેનાની મોટાભાગની સંરચનાનો વિકાસ થયો હતો. સ્વતંત્રતા પછી સેનાએ આપણા પાડોશી દેશ પાકિસ્તાન સાથે ચાર વખત અને એક વખત

પીપલ્સ રીપબ્લીક ઓફ ચાઈના સાથે સામેલ થઈ હતી. આપણી સેનાએ હાથમાં લીધેલ કાર્યોમાં ઓપરેશન વિજય, ઓપરેશન મેઘદૂત અને ઓપરેશન કેક્ટસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આપણી ભારતીય ભૂમિ સેનાએ યુનાઈટેડ નેશન્શના શાંતિ જાળવવાના લક્ષ્યમાં સક્રિય રીતે ભાગ લીધો હતો. ભારતના રાષ્ટ્રપતિએ ચીફ ઑફ કમાન્ડર ભાગરૂપે નેતૃત્વ ભજવે છે. ચીફ ઓફ આર્મી સ્ટાફ એ સેનાને આદેશો આપી, તેને નિયંત્રણ કરે છે. આ ઉપરાંત બે અધિકારીઓને માર્શલ ફીલ્ડનો હોદ્દો પ્રદાન કરવામાં આવે છે. જે પાંચ કમાન્ડર સિતારા છે અને તેઓ સેનાની શિષ્ટચારની અગ્રેસરની ફરજ પૂરી પાડે છે.

લગભગ ૧૪,૧૪,૦૦૦ જેટલી સક્રિય ફરજમાં રહેતી સેના અને ૧૮,૦૦,૦૦૦ જેટલી આરક્ષિત ટુકડીઓ દેશની બીજા ક્રમે આવે છે અને ભૂમિજનની સંખ્યાના આધારે તે પ્રથમ ક્રમે આવે છે.

## વાયુદળ

ભારતીય વાયુસેના સ્કીન કમિટી દ્વારા ૧૯૨૬માં કરી ગઈ. રજૂઆતના આધારે ભારતીય વાયુસેનાની સ્થાપના ઈ.સ. ૮ ઓક્ટોબર ૧૯૩૨ના રોજ થઈ. તેમણે પોતાની સૌ પ્રથમ ઉડાન ૧ એપ્રિલ ૧૯૩૩ના રોજ કરી હતી. ભારતીય વાયુસેના ભારતીય સશસ્ત્ર સેનાનો એક અંગ છે. જે વાયુ યુદ્ધ, વાયુ સુરક્ષા જેવા મહત્ત્વપૂર્ણ કાર્યો દેશ માટે કરે છે. આઝાદી થઈ તે પહેલા ભારતીય વાયુ સેનાને રોયલ ઈન્ડિયન એરફોર્સના નામે જાણીતું હતું. જ્યારે આઝાદી પછી તેમાંથી રોયલ શબ્દ કાઢી ઈન્ડિયન એરફોર્સ રાખવામાં આવ્યું. જેમણે બીજા વિશ્વયુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

ભારતીય વાયુસેના સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનનો પણ સક્રિય ભાગ રહી ચૂકી છે. નવી દિલ્હીમાં સ્થિત મુખ્યાલય છે. ૨૦૦૬ ના આંકડા મુજબ કુલ મળીને ઈન્ડિયન એરફોર્સમાં ૧,૭૦,૦૦૦ જવાન અને ૧૩૫૦ લડાકુ વિમાન છે. જે તેમને દુનિયામાં ચોથી સૌથી મોટી એરફોર્સ બનવા માટેનો હોદ્દો પૂરો પાડે છે. હવાઈદળના સાત વિભાગ છે જે આ મુજબ છે (૧) વેસ્ટન (૨) સાઉથ વેસ્ટર્ન (૩) સેન્ટલ (૪) ઈર્સટન (૫) સઘત (૬) ટ્રેઈનિંગ (૭) મેઈન્ટેનસ. હવાઈદળ તેજસ સુખાઈ, મિગ-૨૧, અજીત એચ. એફ-૨૪, એચપીટી-૨ પુષ્પક, કૃષક, એચ.જે.ટી-૧૬, મિરાજ-૨૦૦૦, જગુઆર, મિગ-૨૯, સુખોઈ-૭ અને ૩૦ વગેરે લડાયક વિમાનોથી સુસજ્જ છે. આઝાદી પછી ભારતીય વાયુસેના પાડોશી મુલ્ક પાકિસ્તાન સાથે ચાર અને ચીન સાથે એક યુદ્ધમાં યોગદાન આપી ચૂકી છે.

ભારતીય વાયુસેનાએ ૧૯૬૦માં મહત્ત્વપૂર્ણ સંઘર્ષ જોયું જ્યારે કોગો પર બેલ્જિયનનો ૭૫ વર્ષનો રાજ અચાનક બંધ થયો અને દેશના મોટા પાયા પર હિંસા અને વિદ્રોહમાં ડૂબી ગયું. ભારતીય વાયુસેનાએ પોતાના પાંચમા સ્કવાડનને સંયુક્ત રાષ્ટ્રના કોંગો અભિયાનમાં સહાયતા કરવા મોકલી દીધા. સ્કવાડનને નવેમ્બરમાં પરીચાલન મિશન શરૂ કર્યો. ૧૯૦૬ માં સંયુક્ત રાષ્ટ્રના અભિયાન પૂરું થયું ત્યાં સુધી સ્કવૉડન ત્યાં ટક્યો.

---

### મિસાઈલ વુમન : ડો. ટેસ્સી થોમસ

ઈ.સ. ૨૦૧૮માં તેઓ Aeronautical Systems of DRDO માં ડાયરેક્ટર જનરલ તરીકે નિમણૂંક પામ્યાં. તેઓ Intian National Academy of Engineering (INAE); Institution of Engineers - India (IEI) and Tata Administrative Service (TAS) માં પણ સેવા આપે છે.

ડૉ. ટેસ્સી થોમસને લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એવોર્ડ મળેલ છે. આ એવોર્ડ મિસાઈલ ટેકનોલોજીમાં ભારતને આત્મનિર્ભય બનાવવા માટે તેમના યોગદાન માટે આપવામાં આવ્યો. ૨૦૧૬માં આઈટીએમ. યુનિ. ગ્વાલિયા સહિત ૫ અલગ યુનિવર્સિટી દ્વારા ડીએસસીની માનદ ડિગ્રી ભેટ કરવામાં આવી છે. ડૉ. ટેસ્સી થોમસના લગ્ન સરોજકુમાર સાથે થયા છે જેઓ પણ ભારતીય નૌસેનામાં છે અને તેમને એક દીકરો છે જેનું નામ તેજસ છે. તેમને રસોઈ બનાવવાનો પણ શોખ છે અને રસોઈ બનાવીને પરિવારને જમાડે છે. આમ છતાં પણ તેઓ મોટાભાગે સાડી પહેરેલા જોવા મળે છે.

હવે તેઓ બનાવી રહ્યા છે અગ્નિનું એડવાન્સ વર્ઝન ડૉ. ટેસ્સી થોમસની મિસાઈલ સફર હજુ અટકી નથી. તેઓ નેવી એડિશન બનાવવામાં લાગેલાં છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષા પાંચ માર્ચથી ૨૧ માર્ચ દરમિયાન યોજાશે :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાનારી ધો.૧૦ અને ૧૨ની મુખ્ય પરીક્ષાઓ પાંચમી માર્ચથી શરૂ થશે અને એકવીસમી માર્ચ સુધી તે ચાલશે. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે પરીક્ષાઓ વહેલી શરૂ થઈ રહી છે. જે વહેલી પૂર્ણ પણ થશે. આ પરીક્ષામાં ધો. ૧૦ ની પરીક્ષા ૧૭ માર્ચ સુધી, ધો. ૧૨ સાયન્સ ૧૬ માર્ચ સુધી અને ધો.૧૨ સામાન્ય પ્રવાહની ૨૧ માર્ચ સુધી પરીક્ષાઓ ચાલશે.

આ પરીક્ષામાં પાંચમી માર્ચથી ધો. ૧૦, ધો. ૧૨ સા.પ્ર. અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ એક સાથે શરૂ થશે. ધો. ૧૦માં દરેક પેપરની વચ્ચે બેથી ત્રણ રજાઓ આવતો અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ દરેક પેપરની વચ્ચે રજાઓ આવતા વિદ્યાર્થીઓ માટે ઘણી રાહત રહેશે.

**ધો. ૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષા ૭ મી એપ્રિલથી લેવાશે :**

ધો. ૯ અને ધો. ૧૧ની વાર્ષિક પરીક્ષાઓ બોર્ડના એકેડેમિક કેલેન્ડર મુજબ એપ્રિલ માસમાં લેવાશે. જે સાતમી એપ્રિલથી શરૂ થશે અને અઢારમી એપ્રિલ સુધી ચાલશે.

**ધો.૧૦ના પરીક્ષાર્થીમાં ૭૮ હજારનો ઘટાડો :**

ધો. ૧૦ અને ૧૨ની માર્ચ ૨૦૨૦ની બોર્ડ પરીક્ષા માટે રજિસ્ટ્રેશનની મુદત પૂરી થયા બાદ, ધો.૧૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહ, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ એમ ત્રણેય પરીક્ષા માટેના વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. કુલ ૯૦ હજાર પરીક્ષાર્થીઓ ઘટ્યા છે. જેમાં ધો.૧૦માં સૌથી વધુ એવા ૭૮ હજાર વિદ્યાર્થીઓનો ઘટાડો નોંધાયો છે. આ પરીક્ષામાં ધો.૧૦માં ૧૦.૮૨ લાખ, ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૨૫ લાખ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧.૪૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

**ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ**

| ધોરણ | ૨૦૧૯ | ૨૦૨૦ |
|---|---|---|
| ધો.૧૦ | ૧૧૫૯૭૬૨ | ૧૦૮૨૦૦૦ |
| ધો.૧૨ સા. પ્રવાહ | ૫૩૩૬૨૬ | ૫૨૫૭૫૫ |
| ધો.૧૨વિ.પ્ર | ૧૪૭૩૦૨ | ૧૪૩૦૦૫ |
| **કુલ** | **૧૮૪૦૬૯૦** | **૧૭૫૦૭૬૦** |

**ગૌણ વિષયની સ્કૂલ લેવલની પરીક્ષાઓ ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓને ચિત્ર, સંગીત, કોમ્પ્યુટર કે પીટી સહિતના ગૌણ વિષયની પ્રેક્ટિકલ પરીક્ષા તારીખ ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી સુધીમાં લઈ લેવાની સૂચના આપવામાં આવી છે. ત્રણ દિવસમાંથી કોઈપણ એક દિવસે થિયરીની પરીક્ષા અને કોઈ એક દિવસે પ્રેક્ટી.ની પરીક્ષા લેવી. પૃથક અને ખાનગી ઉમેદવારોની શાળા કક્ષાના વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર, જવાબવહી, પ્રાયોગિક કાર્યવાહીની જવાબવહી, પીટી. વિષયના પ્રાયોગિક ગુણાંકનપત્ર વગેરે પરીક્ષા સંબંધિત દસ્તાવેજો એક વર્ષ સુધી જાળવી રાખવાના રહેશે. બોર્ડ જ્યારે માંગે ત્યારે તે સુપ્રત કરવાના રહેશે.

**ધો.૧૦ અને ૧૨ ના નવા ૪૧ કેન્દ્રો મંજૂર કરાયા :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહ તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના કુલ ૪૧ પરીક્ષાકેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે ૨૫ કેન્દ્રો બંધ કરીને કેન્દ્રો સાથે મર્જ કરવામાં આવ્યા છે. ધો.૧૦માં ૨૯, ધો.૧૨ સા.પ્રમાં ૧૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨-નવા કેન્દ્રો મંજૂર કરાયા છે. જ્યારે ધો.૧૦ના ૧૫ કેન્દ્રો બંધ કરી મર્જ કરી દેવાયા છે.

**ગુજરાતમાં પાંચ નવી મેડિકલ કૉલેજ શરૂ કરવા કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી :**

ગુજરાતમાં પાંચ નવી મેડિકલ કૉલેજો શરૂ કરવા માટે ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત મૂકી છે. પંચમહાલ જિલ્લામાં ગોધરા, ગિરસોમનાથમાં, વેરાવળ, દેવભૂમિ દ્વારકામાં ખંભાળિયા, બોટાદ જિલ્લામાં બોટાદ ખાતે અને મોરબી જિલ્લામાં મોરબી ખાતે નવી મેડિકલ કૉલેજ શરૂ કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. મેડિકલ કોલેજ ચાલુ કરવા માટે જિલ્લા દીઠ રૂપિયા ૩૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેમાં કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૯૭૫ કરોડ અને રાજ્ય સરકાર તરફથી ૬૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આમ આ કૉલેજને વિકસાવવા માટે કેન્દ્ર ૬૦ ટકા રકમ અને રાજ્ય સરકાર ૪૦ ટકા રકમનો ખર્ચ કરશે. આ તમામ જિલ્લાઓમાં અત્યારે ૧૦૦ થી ૧૫૦ બેડની સરકારી હોસ્પિટલો છે તેને અપગ્રેડ કરીને ૩૦૦ બેડની હોસ્પિટલમાં રૂપાંતરિત કરવામાં આવશે, આ રીતે ગુજરાત સરકારની હયાત હોસ્પિટલોને પણ અપગ્રેડ કરશે.

**યુ.જી.સી. નેટ પરીક્ષાનું પરિણામ ૮.૨૧ ટકા. ૭.૯૩ લાખમાંથી ૬૫ હજાર ઉમેદવાર પાસ :**

નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા ડિસેમ્બર માસમાં લેવાયેલી યુજીસી નેટ (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ)નું પરિણામ જાહેર થયું છે. જેમાં સમગ્ર દેશમાં ૬૫૨૩૯ ઉમેદવારો પાસ થતાં એકંદરે ૮.૨૧ ટકા પરિણામ રહ્યું છે. આ પરીક્ષા ડિસેમ્બર-૨૦૧૯માં લેવાઈ હતી. જૂનમાં લેવામાં આવેલી નેટ પરીક્ષામાં ૮.૧૭ ટકા અને ડિસેમ્બર-૨૦૧૮માં લેવાયેલી નેટમાં ૭.૦૨ ટકા ઉમેદવારો પાસ હતા.

**ટૂંકાવીને....**

- ગુજરાત યુનિવર્સિટીમાં મહિલા અધ્યાપક અને સ્ટાફના બાળકો માટે બાલઘર શરૂ કરવામાં આવશે.
- ગુજરાતમાં બાળમજૂરી બંધ કરાવવા શ્રમ રોજગાર ખાતું દર મહિને દરોડા પાડશે.
- ગ્રાન્ટેડ કૉલેજોમાં અધ્યાપકોની ભરતી માટે સુધારા સાથેનો નવો ઠરાવ સરકારે પસાર કર્યો. એક જગ્યા સામે ૬ ઉમેદવાર ઈન્ટરવ્યૂ સામે શોર્ટ લિસ્ટ થશે. પસંદગી સમિતિ પાંચ ગુણના આધારે પસંદગી કરશે.
- જીટીયુ હવે યુજીસી ગ્રાન્ટેડ યુનિવર્સિટી બનશે. ગ્રાન્ટ સહિતની માન્યતા મંજૂર.
- અધ્યાપક બનવા માટેની જીસેટ ગુજરાતના ૨૫૪૨૩ ઉમેદવારે આપી.
- પીજીમેડિકલ NEET માં વિદ્યાર્થીઓ વધતાં વર્ષે ૧.૬૭ લાખથી વધુનું રજીસ્ટ્રેશન થયું.
- ડિપ્લોમાં ઈજનેરીમાં હવે તમામ સેમેસ્ટરના વિદ્યાર્થી રિએસેસમેન્ટ કરાવી શકશે. અગાઉ માત્ર સેમેસ્ટર-૫ અને ૬ના વિદ્યાર્થી જ કરી શકતા હતા. વિન્ટર સેમેસ્ટર પરીક્ષાઓથી જ આ લાગુ થશે. જીટીયુ દ્વારા આ નિર્ણય લેવાયો છે.
- ગુજરાત બોર્ડ દ્વારા ઈજનેરી ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટ ૩૧મી માર્ચે લેવાશે.
- સીએની ફાઉન્ડેશન, ઈન્ટર મીડિએટ અને ફાઈનલ પરીક્ષાઓ બીજી મેથી શરૂ થસે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ્ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૮ મી મે સુધી પરીક્ષાઓ ચાલશે. જુલાઈમાં પરિણામો જાહેર થશે.
- જૂન-૨૦૨૦માટે નવી માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓ માટે અરજી મંગાવાઈ. મેદાન ન હોય તેવી શાળા માટેની અરજી જ સ્વીકારવામાં નહિ આવે.

# સરસ્વતી વિદ્યામંડળ અમૃતપર્વ સમાપન સમારોહ સાંસ્કૃતિક કાર્યક્રમ



























Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



કનૈયાલાલ મા. મુનશી

૩૦-૧૨-૧૮૮૭ ● ૦૮-૦૨-૧૯૭૧

# સામુદાયિક ઈચ્છાશક્તિ

એક ભાષા, એક રાજ્ય કે એક સંસ્કારથી રાષ્ટ્રભાવના ઉદ્ભવતી નથી. દક્ષિણ અમેરિકામાં સમસંસ્કારી સ્પેનિચ ભાષા ભાષી વસે છે. છતાં તે જુદાં જુદાં રાષ્ટ્રોમાં વહેંચાઈ ગઈ છે. દરેકની રાષ્ટ્રીયતા અલગ અલગ છે ને એ દેશો માંહોમાંહે ઘણી વાર લડી મરે છે.

તે જ પ્રમાણે એ બધાં તત્ત્વો ન હોય તો પણ રાષ્ટ્રીયતા પ્રગટે છે. ઈઝરાયલમાં એક ધર્મ, એક ભાષા, એક ઐતિહ્ય અને ઓલ્ડ ટેસ્ટામેન્ટના વીરોનાં પરાક્રમોનાં સ્મરણભંડારથી સચોટ રાષ્ટ્ર બન્યું છે.

સ્વિટ્ઝર્લેન્ડમાં ચાર ભાષાભાષીઓ વસે છે. બે કે ત્રણ જાતિનાં સ્ત્રીપુરુષો વસે છે. ખાસ ભૌગોલિક વિશિષ્ટતા નથી અને છતાં સ્વિટ્ઝર્લેન્ડ રાષ્ટ્ર છે.

એક રાષ્ટ્રીયતા પ્રગટાવવાને માટે જે બળ જોઈએ, જે શક્તિ જોઈએ એનો મુખ્ય આધાર, મેં કહ્યું તેમ, સામુદાયિક ઈચ્છાશક્તિ પર છે.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.